MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૩-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડે ભારતને સાત વિકેટે હરાવી ૨-૦થી સિરીઝ જીતી

4 કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રીઃ દિલ્હી,તેલગાંણામાં પોઝિટિવ કેસ

6 ગુનાહિત ગુજરાતઃ મહિલાઓ અસુરક્ષિત,રોજના ચાર બળાત્કાર

8 રાજપીપળા દક્ષિણ ફળીયાની આંગણવાડી પાંચ-પાંચ મહીનાથી આંગણવાડી બહેન વગર ચાલે છે

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જવા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

સોનગઢના પોખરણ ગામ પાસે નેશનલ હાઈવે નંબર ૫૩ પાસે

એસટી બસ, ટ્રક અને જીપ વચ્ચે ત્રિપલ અકસ્માતમાં ૮નાં મોત







તાપી : સોનગઢના પોખરણ ગામ પાસે નેશનલ હાઈવે નંબર ૫૩ પર બસ ટેકર અને ક્રુઝર વચ્ચે ટ્રિપલ એક્સિડન્ટ સર્જાયો હતો. જેમાં ૮ વ્યક્તિઓનાં મોત નીપજ્યાં હોવાનું પ્રાથમિક તબક્કે કહેવામાં આવી રહ્યું છે.

કુશલગઠથી ઉકાઈ જતી એસટી નિગમની બસને ટેકર ચાલકે રોગ સાઈડે આવીને અડફેટે લીધી હતી. આ દરમિયાન પાછળથી પુરપાટ આવતી ક્રુઝર ગાડીના ચાલકે કાબુ ગુમાવતા બસની પાછળ ટકરાઈ ગઈ હતી. ટ્રિપલ એક્સિડન્ટમાં ઘટના સ્થળે લગભગ દસ વ્યક્તિઓના મોત નીપજ્યાનું કહેવાઈ રહ્યું છે. ઈજાગ્રસ્ત તમામ લોકોને સોનગઢ અને વ્યારાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. એક્સિડન્ટ મુદ્દે વ્યારા અને સોનગઢ પોલિસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. ગમખ્વાર એક્સિડન્ટની જાણ થતાં લોકો ઘટના સ્થળે પહોંચ્યાં હતાં. સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી. જેથી ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ સહિતના ખાનગી વાહનોમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં.

પોખરણ ગામ પાસે સર્જાયેલા એક્સિડન્ટના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યાં હતાં. રસ્તા પરથી પસાર થતાં વાહનચાલકો પણ વાહનો થંભાવીને એક્સિડન્ટ જોવા પહોંચી ગયાં હતાં. જેથી રસ્તાની બન્ને બાજુ ટ્રાફિક જામ સર્જાયો હતો. સોનગઢનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ઘટના સ્થળે સર્જાયેલી ટ્રાફિકની સ્થિતિને હળવી કરી હતી. સાથે જ લોકોની ભીડને પણ હળવી કરીને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

આશીર્વાદ ફાર્મમાં દારૂની મહેફીલ માણનાર ૩૯ને કોર્ટમાં રજૂ કરાયા

દારૂની પરમીટ ધરાવતા ગવિયરના બિપીન પટેલની ધરપકડ

સુરત

ડુમસ રોડ પર એરપોર્ટની સામે આશીર્વાદ ફાર્મ હાઉસમાં લીપ યરની પાર્ટીમાં દારૂની મહેફિલ માણતા પર લોકોને ડુમસ પોલીસે ઝડપી પાડ્યા હતાં.પાર્ટીમાં દારૂ પુરો પાડનાર બિપીન પટેલની પોલીસે ધરપકડ કરી હતી. બિપીન પાસે ૪ યુનિટ દારૂની પરમીશન છે આ દારૂ વેચ્યો હોવાથી પોલીસે તેની ધરપકડ કરી હતી. આજે ૩૯ નબીરાઓને કોર્ટમાં રજૂ કર્યા છે.

ગઈકાલે રવિવારે ૩૯ નબીરાઓને પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતાં, જેમાં તમામને એક દિવસના રિમાન્ડ આપ્યા હતાં.પ્રોહિબિશનના ગુનામાં એક સાથે ૩૯ નબીરાઓને રિમાન્ડ આપ્યા હોય તેવી આ અંશતઃ પ્રથમ ઘટના હતી. આ રિમાન્ડ પુરા થતાં હોવાથી પોલીસ આરોપીઓને કસ્ટડીમાં ધકેલીને એક ઉદાહરણ પરૂં પાડવામાં આવે તેવું ઈચ્છી રહી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, ગગન ઢીંગરા નામના યુવકે ૧૪ હજારમાં ફાર્મ હાઉસ ઓનલાઈન બુક કરાવ્યુ હતું. આ ફાર્મ હાઉસ પારસીની માલિકીનું છે. પકડાયેલા નબીરાઓ કાપડ-વિવર્સ, બિલ્ડર અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. જયારે યુવતીઓમાં એક ટીચર, પેઈન્ટર, બ્યુટી પાર્લર સંચાલિકા અને બાકીની અન્ય યુવતીઓ અભ્યાસ કરે છે.

ચાર પેટીની બિયરના ટીન અને ૩ વિદેશી દારૂની બોટલોની વ્યવસ્થા ગગનએ કરી હતી. પકડાયેલો વિદેશી દારૂ પૈકી મોટેભાગના દારૂ પરમિટનો છે. જેમાં કેટલીક દારૂની બોટલો ગવિયરમાંથી બિપીન પટેલ પાસેથી લવાઈ હતી. પોલીસે મહેફીલમાંથી ૧.૧૦ કરોડનો મુદામાલ કબજે કર્યો હતો. જેમાં ૧ ૧૪ કારો ૯૭ લાખ, ૨ ડી.જેનો સામાન ૩૦ હજાર, ૩ દારૂનો માલ ૭ હજાર, ૪ ૪૬ મોબાઈલ ૧૩ લાખનો સમાવેશ થાય છે.

વસીમ બિલ્લા હત્યા કેસ

બદરી લેસવાલાની આગોતરા જામીન અરજીની આજે સુનાવણી

આગોતરા અરજી સામે પોલીસ એફીડેવીટ રજૂ કરશે

સુરત

શહેરના ઝાંપાબજારમાં રહેતા અને ખંડણીખોર માથાભારે ટપોરી વસીમ બિલ્લાની ઘાતકી હત્યા કેસમાં શહેરના મોટા ઉદ્યોગપતિ બદરી લેસવાળાએ પોલીસ પોતાની ધરપકડ કરશે એવી દહેશત સાથે એક આગોતરા જામીન અરજી નવસારી કોર્ટમાં રજૂ કરી હતી. જેની સુનાવણી મંગળવારના રોજ હાથ ધરાશે. જોકે, બદરી લેસવાળાની આગોતરા જામીન રદ થાય તે માટે પોલીસ કોર્ટ સમક્ષ એફીડેવીટ રજૂ કરશે.

આ કેસની વિગતો એવી છે કે, ગત મહિનામાં શહેરના ઝાંપાબજાર ખાતે રહેતા વસીમ બિલ્લાની નવસારી રોડ પર ઘાતકી હત્યા કરી નાંખવામાં આવી. નવસારી પોલીસે હત્યા તથા આર્મ્સ એક્ટનો ગુનો નોંધી બે શાર્પ શૂટરો સહિત ત્રણની ધરપકડ કરી હતી. પોલીસ પોતાની ધરપકડ કરશે તેવી દહેશત સાથે બદરી લેસવાળાએ આગોતરા જામીન અરજી કોટમાં સમક્ષ કરી છે. જેની સુનાવણી મંગળવારના રોજ હાથ ધરાશે.



પાટીદાર અનામત આંદોલન વખતે થયેલી હિંસામાં પોલીસે નોંધેલા કેસો પાછા ખેંચવાની માંગણી આજે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કરવામાં આવી હતી.

શિતલ ટોકીઝ પાસે ઓટોરિક્ષા મુકવા અંગે બે પર તલવારથી હુમલો

મામા-ભાણેજ પર હુમલો કરનાર ત્રણ પૈકી બેની ધરપકડ

સુરત

સુરતના રાંદેર શીતલ ટોકીઝ પાસે સુભાષનગર ઝુંપડપટ્ટીમાં રિક્ષા મુકવા બાબતે થયેલા ઝઘડામાં ત્રણ જણાએ મામા-ભાણેજ ઉપર તલવારથી હુમલો કર્યો હોવાની ઘટના રાંદેર પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી ત્રણ હુમલાખોરોની શોધખોળ શરૂ કરી બેને ઝડપી પાડ્યા છે.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સુભાષનગર ઝુંપડપટ્ટીમાં રહેતા જયશ્રીબેન તુલસીરામ પટેલે આરોપી દાઉદ બાયલ ચીસ્તી, નવાઝ દાઉદ, શબાના દાઉદ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ રિક્ષા મુકવા બાબતે ફરિયાદી સાથે ઝઘડો કરી ફરિયાદીના પતિ તથા ભાણેજ મનીષ ઉપર તલવારથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. રાંદેર પોલીસે ફરિયાદ નોંધી ત્રણ પૈકી બે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તા.૫'મીથી શિયાળાની વિદાય અને ઉનાળાની ઋતુની સત્તાવાર શરૂઆત

તા.૫'મી માર્ચથી ગરમીના પ્રમાણમાં સતત વધારો થશે

સુરત

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી ૫મી માર્ચથી શિયાળાની વિધિવત વિદાય અને ઉનાળાની શરૂઆત થવાની આગાહી વ્યક્ત કરી છે. આજે ૩૩ ડીગ્રીની આસપાસ તાપમાન છે. જે ૫મી માર્ચથી ૧૫ ડીગ્રીથી વધી જશે અને ઉનાળાના આકરા તાપનો અનુભવ થશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૮ ડીગ્રી નોંધાયું છે. સવારે શહેરમાં ભેજનું પ્રમાણ વધીને ૯૬ ટકા થયું હતું. જ્યારે હવાનું દબાણ ૧૦૧૨ મિલીબાર નોંધાયું હતું. સવારે શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાતા વિજીબીલીટી ખૂબ જ ઓછી નોંધાઈ હતી. વાદળછાયુ વાતાવરણ હોવાથી બપોર બાદ ગરમીની અસર જોવા મળી હતી. રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી બે ત્રણ દિવસ સુધી તાપમાનનો પારો ૩૨થી ૩૫ ડીગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. આગામી ૫મી માર્ચ બાદ તાપમાનમાં વધારો થવાની સાથે ૩૫થી ૩૮ ડીગ્રી તાપમાન થવાની સાથે ઉનાળાની ગરમીનો અનુભવ થશે. આગામી બે-ત્રણ દિવસ બાદ શિયાળાની વિદાય અને ઉનાળાની શરૂઆત થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

અનામત આંદોલન વખતના

પોલીસ કેસો પાછા ખેંચવા પાટીદાર અનામત આંદોલન સમિતિની માંગ

સુરત જિલ્લા કલેક્ટરને પાસ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

સુરત

શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતની માંગ સાથે ગત વર્ષોમાં શરૂ કરવામાં આવેલુ આંદોલનમાં પાટીદાર યુવક સામે પણ અનેક કિસ્સાઓ પોલીસ દફ્તરે નોંધવામાં આવ્યા હતા. આ તમામ પોલીસ કેસો પાછા ખેંચવાની જાહેરાત કર્યા પછી પણ તેઓના હજુ સુધી પોલીસ કેસો પરત ખેંચાયા નથી. આવા તમામ કેસો પરત ખેંચવાની માંગણી કરવામાં આવી છે. જો પોલીસ કેસો પરત નહીં ખેંચવામાં આવશે તો રચનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

પાટીદાર સમાજના યુવાનો દ્વારા તેમના સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં થતા અન્યાયને લઈને અનામતની માંગ સાથે વર્ષ ૨૦૧૫માં સરકારને અનેક લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ આ રજૂઆત સંદર્ભે સરકાર દ્વારા કોઈ પ્રતિભાવ ન મળતા તે રજૂઆત સમગ્ર રાજ્યમાં આંદોલનના માર્ગે આગળ વધી આ દરમિયાન સરકાર દ્વારા આંદોલનને દબાવવા માટે થઈ અનેક નાના મોટા ગુના નોંધી આંદોલનકારીઓ તથા અનેક નિર્દોષ લોકો પર કેસ દાખલ કરી તેમને જેલમાં ધકેલવામાં આવ્યા અને તેને લઈ સમગ્ર રાજ્યમાં આંદોલનનો જુવાળ વધુ તેજ બન્યો અને આખરે પાટીદાર યુવાનોની માંગ વ્યાજબી લાગતા સરકારે બિન અનામત વર્ગમાં આવતા સવર્ણોને ૧૦ ટકા અનામતની જાહેરાત કરવી પડી અને આંદોલનકારી યુવાનોની માંગ સ્વીકારવી પડી હતી.

આ ઘટનાઓ દરમ્યાન અનેક વખત સમાજના શ્રેષ્ઠીઓ સાથે રાખી સરકારે આંદોલનકારીઓ સાથે વાટાઘાટો અને વાતચીતો કરેલ એ દરમ્યાન સરકારમાંથી મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી તથા રાજ્યના ગૃહમંત્રી દ્વારા આંદોલન સંદર્ભે થયેલા કેસો પરત ખેંચવાની સમાજના શ્રેષ્ઠીઓ અને મીડિયા સમક્ષ જાહેરાત કરી હતી અને ચૂંટણીઓ દરમ્યાન નાના નાના ઘણા કેસો સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા છે. પરંતુ હજુ ઘણા બધા જિલ્લા અને મા આંદોલનકારીઓ અને નિર્દોષ ભોગ બનનાર લોકો પર ના કેસો પરત ખેંચવાના બાકી હોય અને જેના કારણે આવા નિર્દોષ લોકો કોર્ટ કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે જેથી આ પત્ર સંદર્ભે આપના માધ્યમથી અરજ કરીએ છીએ કે મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી અને ગૃહમંત્રી દ્વારા થયેલ જાહેરાતના સંદર્ભે આંદોલન દરમ્યાન થયેલા કેસો જે પણ ખેંચવાના બાકી હોય વહેલી તકે પાછા ખેંચવામાં આવે.

ચોવીસીમાં બાળ સુરક્ષા અંગે સેમિનાર યોજાયો

જિલ્લા બાળ સુરક્ષા કમ, નવસારી દ્વારા આર.ડી.પટેલ હાઈસ્કુલ ચોવીસી નવસારી ખાતે જલાલપોર તાલુકાની આશા બહેનો સાથે ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ અંતર્ગત સેન્સીટાઈઝેશન વર્કશોપ યોજાયો હતો. જેમાં ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિની આશા બહેનોની ભૂમિકા, જુવેનાઈલ જસ્ટીસ કટ-૨૦૧૫, બાળકોના જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતો કાયદો-૨૦૧૨, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬, દત્તક વિધાન જેવા કાયદાકીય અને યોજનાકીય માહિતીઓ સાથે બાળ હકકો અને બાળકો વિશે જાગૃત કરવામાં આવ્યા છે. ગ્રામ્યકક્ષા સંસ્થા દ્વારા કાળજી અને રક્ષણની જરૂર ધરાવતા બાળકોને આશ્રય આપતા હોય તેમની માહિતી જિલ્લા બાળ સુરક્ષા કમ, બ્લોક સી, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારીને મોકલી આપવા જણાવ્યું છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૩-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

નિર્ભયા કેસઃ દિલ્હી કોર્ટે આગામી આદેશ સુધી ફાંસી પર રોક લગાવી

તારીખ પે તારીખઃ નરાધમોને વધુ એક 'જીવતદાન'..!

દયાની અરજી ફગાવ્યા બાદ દોષિતને ૧૪ દિવસનો સમય આપવાની જોગવાઈનો મળી રહ્યો છે લાભ,કાયદાની આ જોગવાઈઓમાં ફેરફાર કરવા ઉઠી માંગ

ન્યુ દિલ્હી

દિલ્હીના ચકચારી નિર્ભયા કાંડના ચાર પૈકીના એક દોષિત પવનની ક્યુરેટીવ ફરજી સુપ્રિમ કોર્ટમાંથી ફગાવ્યા બાદ રાષ્ટ્રપતિ દ્વારા પણ તેની દયાની અરજી તાબડતોડ ફગાવી દેતા તમામ ચારને એક સાથે ફાંસીના માંચડે લટકાવવાનો માર્ગ લગભગ મોકળો થઇ ગયો છે. જો છેલ્લીઘડીએ પટિયાલાહાઉસ કોર્ટ દ્વારા આગામી આદેશ સુધી ફાંસી પર રોક લગાવવાનો આદેશ અપાતા આવતીકાલે ૩ માર્ચના રોજ દોષિતોને ફાંસી નહીં થાય. અને કાયદાકીય આંટીઘૂટીનો લાભ કે ગેરલાભ દોષિતો લઇ રહ્યાં છે અને ફાંસીના અમલને રોકવાના હજુ પણ હવાતિયાં મારી રહ્યાં છે. તે સાથે જ આ સમગ્ર કેસ ફરીએકવાર તારીખ પે તારીખ...તારીખ પે તારીખ..ની જેમ લંબાઇ રહ્યો છે. જેને લઇને કાયદાના નિષ્ણાતોમાં અને સામાન્ય લોકોમાં આ કેસને લઇને હવે નારાજગી પણ જોવા મળી રહી છે. અને આવા કેસમાં કાયદામાં દોષિતોને જે લાભ મળે છે તે જોગવાઈઓમાં ફેરફારો કરવાની પણ માંગ થાય તો નવાઇ નહીં.

દોષિતોના વકીલો દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી તેને જોતાં લાવવામાં આવતીકાલ ૩ માર્ચના રોજ ચારેયને એક સાથે ફાંસી નહીં અપાય. અને છેલ્લાં ૭ વર્ષ



સુપ્રિમે દોષિત પવનની ક્યૂરેટિવ પિટિશન ફગાવતાં રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરી,એ પણ ફગાવાઇ અને નીચલી કોર્ટે જોગવાઇ અનુસાર રોક લગાવી

અને ૩ મહિનાથી કાયદાની અદાલતમાં અટવાયેલા આ કેસનો હજુ અંત આવ્યો નથી. અને તે સાથે જ ભોગ બનેલી દિલ્હીની મેડિકલની છાત્રની આત્માને અને તેમના પરિવારજનોને પણ ક્યારે શાંતિ અને સંતોષ મળી શકશે તે પણ નક્કી નથી. નિર્ભયાની માતાએ જો કે બપોરે એવો પૂરોપૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કાલે ત્રીજીએ તો આ નરાધમોને ચોક્કસપણે ફાંસી અપાશે અને અમને આખરે ન્યાય મળશે.

પરંતુ તેમને પણ ફરીએકવાર નિરાશ થવુ પડ્યું હતું અને કાયદામાં માત્ર દોષિતોને જ બધા અધિકારો આપવામાં આવ્યાં છે, જે ભોગ બન્યા તેના અધિકારોનું શું..એવા સવાલો પણ કર્યા હતા. અને ફરી એકવાર આશા વ્યક્ત કરી હતી કે તેમને અને તેમની નિર્દોષ દિકરીને ન્યાય મળશે.

આજે દિવસભર નિર્ભયા કેસમાં સુપ્રિમ કોર્ટ અને રાષ્ટ્રપતિભવન પર સૌ કોઇની નજર રહેલી હતી. પટિયાલા હાઉસ કોર્ટે ૩ માર્ચના રોજ ચારેય નરાધમોને ફાંસી આપવાનો ત્રીજો ડેથ વોરંટ ઇસ્યુ કર્યો હતો. જેની સામે પવન ગુમા કે જેની પાસે રાષ્ટ્રપતિને દયાની અરજીનો છેલ્લો વિકલ્પ બચ્યો હતો. તેના વકીલે સુપ્રિમે તેની ક્યુરેટીવ રીટ ફગાવી દેતા તરત જ દયાની અરજી કરવામાં આવી અને પટિયાલા હાઉસ કોર્ટને તેની જાણ કરતાં કોર્ટે ફાસીના અમલ પરનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. બીજી બાજુ દયાની અરજી આજે જ્ય ગણતરીના કલાકોમાં ફટાફટ ફગાવી દેવામાં આવતાં હવે ચારેય નરાધમો પાસે બચવાના તમામ રસ્તાઓ બંધ થઇ ગયા

અનુસંધાન પાના નં. ૫

બજેટ સત્રમાં બિલ પાસ થાય એવી સંભાવના

કો-ઓપરેટિવ બેંકોને RBIના નિયમો હેઠળ લાવવાની તૈયારીમાં કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી

દેશની કો-ઓપરેટિવ બેંકોની નબળાઇઓ દૂર કરવા માટે તમામ બેંકોને ભારતીય રિઝર્વ બેંકના નિયમો હેઠળ લેવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ માટે બેંકિંગ નિયમોમાં સુધારો કરવા માટે જરુરી બિલ બજેટ સત્રમાં પસાર કરવામાં આવે એવી સંભાવનાઓ છે. સૂત્રો તરફથી મળેલી જાણકારી મુજબ આ નિયમની મદદથી પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકમાં ઉદભવેલી સ્થિતિઓને ભવિષ્યમાં રોકી શકાશે. દેશમાં કુલ ૧૫૪૦ સહકારી બેંકો અસ્તિત્વમાં છે જેના ગ્રાહકોની સંખ્યા લગભગ ૮.૨૦ કરોડ છે અને આ બેંકોમાં એમની કુલ જમાપૂંજી પાંચ લાખ કરોડ રુપિયા છે. ગત મહિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટ બેઠકમાં બેંકિંગ નિયમમાં સુધારાને મંજૂરી આપવામાં આવી હતી. આ બિલને સંસદના બજેટ સત્રના બીજા તબક્કામાં મંજૂરી મળે એવી આશા છે. બજેટ સત્રનો બીજો તબક્કો સોમવારથી શરુ થઇ રહ્યો છે. જેત્રણ એપ્રિલે પૂરો થશે. સરકારે જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, આઇએલએન્ડએફએસ જેવી નાણાકીય સેવા આપતી સંસ્થાઓ, નોન બેંકિંગ કંપનીઓ, ઓડિટર્સ અને રેટિંગ એજન્સીઓને વધારે મજબૂત કરવાના ઇરાદાથી આ નિર્ણય લીધો છે. જેનો મુખ્ય ઉદેશ બેંક ગ્રાહકોની મૂડીને સુરક્ષિત કરવાનો છે.

કોંગ્રેસ સહિતના વિપક્ષે ગૃહમંત્રી શાહના રાજીનામાની માંગણી કરી

દિલ્હી હિંસાનો સંસદમાં ઉગ્ર પડઘોઃ સાંસદો વચ્ચે ધક્કામુક્કી

સંસદમાં ભારે હોબાળો થતાં બંન્ને ગૃહો સ્થગિત, વિપક્ષે સરકારને ઘેરવા માટે તગડી ઘેરાબંધી કરી,આજે પણ ધાંધલ ધમાલની શક્યતા

જેમના કાર્યકાળમાં ૧૯૮૪ જેવી ઘટનાઓ થઇ તે લોકો હોબાળો કરી રહ્યા છેઃ ભાજપનો વળતો જવાબ

ન્યુ દિલ્હી

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો સોમવારથી શરૂ થઈ ગયો છે. આજે આખો દિવસ વિપક્ષી પાર્ટીઓએ દિલ્લી હિંસા માટે જોરદાર હંગામો કર્યો. હંગામાના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી પહેલા બપોરે ૨ વાગ્યા સુધી માટે સ્થગિત કરવામાં આવી. પરંતુ જેવી સંસદની કાર્યવાહી ફરીથી શરૂ થઈ, વિપક્ષે ફરીથી દિલ્લી હિંસા પર હંગામો કર્યો અને ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી. દિલ્લી હિંસા માટે કોંગ્રેસ, ટીએમસી અને આમ આદમી પાર્ટીના સાંસદોએ વિરોધ પ્રદર્શન કર્યું. હવે બંને સંસદની કાર્યવાહી કાલ સવારે ૧૧ વાગ્યા સુધી માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષી દળોએ લોકસભામાં આ મુદ્દે ચર્ચા માટે સ્થગન પ્રસ્તાવ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે કોંગ્રેસની અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દિલ્લી રમખાણો પર ગૃહમંત્રી અમિત શાહનુ રાજીનામુ માંગ્યુ હતુ. ઘણા અન્ય વિપક્ષી દળોએ પણ શાહને હિંસા મામલે ઘેર્યા હતા. તમને જણાવી દઈએ કે સંસદનુ બજેટ સત્રનો બીજો તબક્કો આજથઈ શરૂ થયો છે. વિપક્ષે સરકારને ઘેરવા માટે તગડી ઘેરાબંધી કરી રાખી છે. લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી અને કે સુરેશે દિલ્લી હિંસા પર સ્થગન પ્રસ્તાવની નોટિસ આપી છે. લોકસભામાં કોંગ્રેસ અને

અનુસંધાન પાના નં. ૫

મોબાઇલ,લેપટોપ, સ્માર્ટફોનમાં ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકાશે

હવે વિમાનમાં વાઇ-ફાઇ સુવિધા મળશેઃ સરકારે આપી મંજૂરી

ન્યુ દિલ્હી

રેલવેમાં આધુનિક સુવિધાઓ આપ્યા બાદ મોદી સરકારે વિમાની સેવાને પણ વધારે આરામદાયક અને સુવિધાભર બનાવવાની દિશામાં મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી મુસાફરો વિમાનમાં પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે. કેન્દ્ર સરકારે ભારતમાં ઉડાન દરમિયાન વિમાનમાં વાઇ-ફાઇ સેવા પૂરી પાડવા અંગે એરલાઇન કંપનીઓને મંજૂરી આપી દીધી છે. જેથી વિમાનમાં મુસાફરી દરમિયાન કંટાળો આવે છે તો બહુ ઝડપથી ફેસબુક, ટ્વિટર જેવી તમામ સુવિધાનો લાભ ઉઠાવી શકશો. કેન્દ્ર સરકારે ભારતમાં સંચાલિત એરલાઇન્સોને ઉડાણ દરમિયાન મુસાફરોને વાઇફાઇની સેવા પૂરી પાડવા અંગે મંજૂરી આપી દીધી છે. સત્તાવાર જાહેરનામામાં આ માહિતી આપવામાં આવી છે. જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે, ઉડા દરમિયાન લેપટોપ, સ્માર્ટફોન, ટેબલેટ, સ્માર્ટવૉચ, ઇ-રીડર કે પછી અન્ય ઉપકરણો ફ્લાઇટ મોડ

અનુસંધાન પાના નં. ૫

અમે નથી કહેતા લોકોએ મરવું જોઈએઃ ચીફ જસ્ટિસ બોબડે

નેતાઓના ભડકાઉ ભાષણનો મામલો સુપ્રિમ કોર્ટમાંઃ બુધવારે સુનાવણી

ન્યુ દિલ્હી

ભડકાઉ ભાષણ આપનારા ભાજપના નેતાઓ કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર અને પરવેશ વર્મા વિરુદ્ધનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. દિલ્હી હિંસાના પીડિતોએ ભડકાઉ ભાષણ આપવાના આરોપી ભાજપા નેતાઓ વિરુદ્ધ ગત સપ્તાહે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આમાં ભડકાઉ ભાષણ આપવાના મામલે આરોપી ત્રણેય નેતાઓ વિરુદ્ધ એફઆઇઆર નોંધવાની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ અરજી પર બુધવારના રોજ સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ એસ.એ.બોબડેએ કહ્યું કે, અમે નથી કહી રહ્યા કે લોકોએ મરવું જોઈએ પણ આ પ્રકારનું દબાણ કોર્ટ ના સંભાળી શકે, એ વિશ્વાસ હોય છે કે કોર્ટ હિંસાને રોકી શકે છે.

અમે માત્ર એક વાર કંઈ થઈ ગયા પછી કંઈક કરી શકીએ છે. અમારી ઉપર એક પ્રકારનું દબાણ અનુભવીએ છીએ. સીજેઆઇ એસ.એ.બોબડેએ કહ્યું કે એવું લાગે છે કે કોર્ટ જવાબદાર છે. અમે અખબારો પણ વાંચીએ છીએ. અમે આ મામલાને સાંભળીશું પણ એ સમજવું પડશે કે કોર્ટ ઘટના પછી આવે છે. કોર્ટ તેને રોકી શકતું નથી. અમે શાંતિની અપીલ કરીએ છીએ પણ અમારી શક્તિઓની મર્યાદાઓ છે.

અરજીકર્તા દ્વારા ચીફ જસ્ટિસને જણાવવામાં આવ્યું કે, હર્ષ મંદર અને પાંચ પીડિતો દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં દિલ્હી હાઈકોર્ટના મામલાને ૧૩ એપ્રીલ સુધી ટાળવાનો પડકાર આવપવામાં આવ્યો છે. આમાં કહેવામાં આવ્યું છે કે, આ મામલે જલ્દી

અનુસંધાન પાના નં. ૫

અનુરાગ ઠાકુર-પ્રવેશ વર્મા વિરુદ્ધ ફરિયાદની માંગઃ ૨૩ એપ્રિલ સુધી સુનાવણી ટળી

ભડકાઉ ભાષણ મામલે ભાજપ નેતા અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્માની વિરુદ્ધ કેસ દાખલ કરવાની માગ વાળી અરજી પર દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સુનાવણી કરી હતી. આ મામલે કોર્ટે ૨૩ એપ્રિલ સુધી સુનાવણી ટાળી દીધી છે. કોર્ટે બંને ભાજપ નેતાઓની વિરુદ્ધ ભડકાઉ ભાષણના મામલામાં એફઆઇઆર દાખલ કરવા સંબંધિત અરજી પર સુનાવણી કરી હતી. દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાંચે અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્માને ક્લીન ચીટ આપી હતી.

જમ્મુમાં 'સિટી ચૌક'નું નામ બદલીને 'ભારત માતા ચૌક' કરાયું

જમ્મૂ

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કશ્મીરના જમ્મુ પ્રદેશના જમ્મુ શહેરના ધંધા-રોજગાર માટે જાણીતા વિસ્તાર 'સિટી ચૌક'નું નામ બદલીને 'ભારત માતા' ચૌક કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટી શાસિત જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશને આ માટેના એક પ્રસ્તાવને ગઈ કાલે પાસ કરી દીધો હતો.

ઐતિહાસિક સિટી ચૌકનું નામ બદલીને ભારત માતા ચૌક કરાયું છે એના મિશ્ર પ્રત્યાઘાતો આવ્યા છે. મોટા ભાગના લોકોએ આ નામકરણને આવકાર્યું છે, પણ અમુક લોકો વિરોધ કરી રહ્યા છે. આ નિર્ણયને આવકારનાર

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી લેખ

શાંતિ પહેલ ઉપયોગી હશે

અમેરિકા અને તાલિબાન વચ્ચે થયેલી સમજુતીથી અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપિત થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આશરે ૧૮ મહિના સુધી વાતચીત ચાલ્યા બાદ આખરે બંને દેશો વચ્ચે સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બંને દેશો વચ્ચે દોહામાં શનિવારના દિવસે શાંતિ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આશરે ૩૦ દેશોના પ્રતિનિધીઓ આ સમજુતીના સાક્ષી બન્યા હતા. ભારત પ્રથમ વખત અમેરિકા અને તાલિબાન વચ્ચે શાંતિ પ્રક્રિયાના એક હિસ્સા બનવા માટે તૈયાર થતા તેની ચર્ચા પણ રહી હતી. અમેરિકા અને તાલિબાન વચ્ચે સમજુતી થયા બાદ ૧૩૫ દિવસની અંદર સૈનિકોની સંખ્યાને ૮૬૦૦ સુધી ઘટાડી દેવામાં આવનાર છે. ત્યારબાદ અમેરિકા અને તેના બાકીના સાથી દેશો ૧૪ મહિનાના ગાળામાં જ બાકી રહેલા તમામ સૈનિકોને પરત બોલાવી લેશે. તાલિબાને વચન આપ્યુ છે કે તે અલ કાયદા અને અન્ય કોઈ ત્રાસવાદી સંગઠન સાથે કોઈ સંબંધ રાખશે નહીં. સાથે સાથે ત્રાસવાદી સંગઠનોને તેના પ્રભુત્વવાળા વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની ત્રાસવાદી ગતિવિધી હાથ ધરવાની તક આપશે નહીં. સાથે સાથે અફઘાનિસ્તાન સાથે જોડાયેલા મુદ્દા પર અફગાનિસ્તાન સરકાર, તાલિબાન, અન્ય જુથોના પ્રતિનિધીઓ સાથે નોર્વેના પાટનગર ઓસ્લોમાં ૧૦મી માર્ચના દિવસે આમને સામને બેસીને વાતચીત કરશે. અમેરિકામાં થયેલા ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસના હુમલા બાદ અમેરિકી જવાનો અફઘાનિસ્તાનમાં તૈનાત હતા. વારંવાર તાલિબાન સાથે સંઘર્ષની સ્થિતી સર્જાઈ રહી હતી. આ લડાઈમાં આશરે દોઢ લાખ લોકોના મોત થઈચુક્યા છે. અમેરિકી સૈનિકોની વાપસીનો એક મોટો મુદ્દો અમેરિકામાં બનેલો છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ચૂંટણીમાં આ મુદ્દાનો લાભ ઉઠાવવા માટે તૈયાર છે. જેથી ટ્રમ્પ સમજુતીને લઈને ઉતાવળ કરી રહ્યા હતા. જો કે અમેરિકી સાંસદોએ ચેતવણી આપી છે કે તાલિબાન પર વિશ્વાસ કરવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. કદાચ આ બાબતને ધ્યાનમાં લઈને અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિયોએ કહ્યુ છે કે તેના પર અમેરિકાની ચાંપતી નજર રહેનાર છે. તાલિબાન પોતાના વતનોને પાળે છે કે કેમ તેના પર નજર રાખવામાં આવનાર છે. આ પહેલ ચોક્કસપણે શાંતિ સ્થાપિત કરવાની દિશામાં મોટી પહેલ તરીકે છે. સવાલ એ થાય છે કે આ સમજુતીથી બંને યુદ્ધગ્રસ્ત પક્ષોને રાહત મળશે કે પછી સ્થિતી યથાવત રહેશે. અફઘાનિસ્તાનમાં દશકોથી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સતત યુદ્ધની સ્થિતી અફઘાનિસ્તાનમાં રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થિતીમાં સુધારો થયો છે. હાલના વર્ષોમાં અફઘાનિસ્તાનમાં મહિલાઓને ઘરની બહાર નિકળવા , ભણવા અને ફરવાની સ્વતંત્રતા મળી છે. કટ્ટરપંથી તાલિબાની લોકો આ તમામ નવા ફેરફારોને કેટલા હદ સુધી સ્વીકારી શકે છે તે બાબત પર તમામની નજર રહેનાર છે. આ સમજુતીની સીધી અસર ભારત પર થનાર છે. સમજુતી થયા બાદ તાલિબાની ત્રાસવાદીઓ પાકિસ્તાની સરહદ પાર કરીને ભારતમાં ઘુસણખોરી કરી શકે છે. જો તાલિબાન સત્તામાં આવશે તો ભારત માટે આફત વધી જશે.

હવે તાલિબાન અને અમેરિકા વચ્ચે શાંતિ સમજુતી થયા બાદ સ્થિતી સુધરે તેવા સંકેત

વન્ય વિસ્તારો ઘટી રહ્યા છે, વન્ય જીવો લુપ્ત થતા જટિલ સ્થિતી

વન્ય જીવોની ૬૦ ટકા વસ્તી ઘટી ગઈ

દર વર્ષે ત્રીજી પાંચના દિવસે વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી માત્ર ઔપચારિકતા સમાન જ સમગ્ર દુનિયામાં રહી ગઈ છે. કારણ કે આંકડા પર નજર કરવામાં આવે તો પર્યાવરણના સંતુલનને જાળવી રાખવા માટે મજબુત ઈચ્છાશક્તિ અને મજબુત મનોબળ સાથે કોઈ પ્રયાસો થઈ રહ્યા નથી. છેલ્લા પાંચ દશકના ગાળામાં વન્ય જીવોની ૬૦ ટકા વસ્તી ઘટી ગઈ છે. ૨૦ ટકા વન્ય વિસ્તારો ઓછા થઈ ગયા છે. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે એટલે કે વન્ય જીવન સુરક્ષા અને સંરક્ષણ દિવસની સમગ્ર વિશ્વમાં ઉવજણી કરવામાં આવે છે. આ દિવસે જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. ખાસ સંદેશાઓ પણ ફેલાવવામાં આવે છે. જો કે આ એક દિવસ સુધી પ્રક્રિયા રહે છે. આ જ કારણ છે કે આજે પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યુ છે. વન્ય જીવ ખુબ ઉપયોગી ભૂમિકા અદા કરે છે. અમેરિકાની હવાઈ સંસ્થાના કહેવા મુજબ પૃથ્વી પર પ્રાણીઓની ૮૭ લાખ કરતા વધારે પ્રજાતિઓ રહેલી છે. જો કે ઓળખ ૧૩ લાખ પ્રજાતિઓની થઈ શકી છે. ચિંતાની બાબત એ છે કે તેમાંથી ૧૦ લાખ કરતા વધારે પ્રજાતિઓ પર હાલમાં લુપ્ત તઈ જવાનો ખતરો તોળાઈ રહ્યો છે. જે પર્યાવરણમાં થઈ રહેલા ફેરફારોનો સંકેત આપે છે. હવે સમય આવી ગયો છે કે વન્ય જીવોની સુરક્ષા મજબુત ઈચ્છાશક્તિ સાથે કરવામાં આવે. જો આ દિશામાં ગંભીર પ્રયાસ કરવામાં નહીં આવે તો આવનાર સમયમાં વધારે પ્રજાતિઓ લુપ્ત થવાની દિશામાં આગળ વધી જશે. તમામ આકડા દર્શાવે છે કે ૭૦ ટકા હિસ્સામાં વન્ય ક્ષેત્રો સ્વીડનમાં રહેલા છે. જે વિશ્વમાં સૌથી વધારે છે. આવી જ રીતે ઓમાન, કતાર, જિબ્રાલ્ટરમાં વન્ય વિસ્તારો સૌથી ઓછા પ્રમાણમાં રહેલા છે. કુલ વન્ય ક્ષેત્રો રશિયામાં સૌથી વધારે છે. ભારતની વાત કરવામાં આવે તો વિશ્વમાં કુલ વન્ય જીવો પૈકી ૭.૬ ટકા વસ્તી ભારતમાં રહે છે. અલબત્ત વન્ય ક્ષેત્ર બે ટકા વધીને ૨૨ ટકા થઈ ગયો છે. વર્ષ ૧૯૮૭માં ભારતમાં વન્ય ક્ષેત્રોની ટકાવારી ૨૦ ટકા હતી. જાણકાર લોકો અને નિષ્ણાંતો આંકડામાં અભ્યાસ કર્યા બાદ કહે છે કે છેલ્લા પાંચ દશકના ગાળામાં જ ૨૦ ટકા સુધી એમેઝોનના વન્ય વિસ્તારો ઘટી ગયા છે. ગયા વર્ષે લાગેલી આગના કારણે સંકટમાં વધુ વધારો થયો છે. વન્ય જીવોના અંગોની તસ્કરી વર્ષ ૨૦૧૮માં વધારે રહી હતી. આંકડા મુજબ વર્ષ ૨૦૧૮માં ૨૦ કરોડ ડોલરનો કારોબાર વન્ય જીવોના અંગોના તસ્કરીના કારણે થયો હતો. ઉત્તરીય અમેરિકામાં છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં ત્રણ અબજ ારિન્દા ઘટી ગયા છે. તમામ આંકડા ભારે ચિંતા કરાવે તેવા રહ્યા છે. વન્ય જીવોને બચાવી લેવાના પ્રયાસ દરેક વ્યક્તિ પોતાની રીતે કરી શકે છે. આનો અર્થ એ નથી કે તમે વન્ય પ્રાણીઓને ઘરે લઈને આવો. જો કે વન્ય જીવોના સંરક્ષણ માટે કામ કરનાર વિશ્વ વન્ય જીવ ભંડોળમાં તમે યોગદાન આપી શકો છો. જો નાણાંકીય દાન આપવાની સ્થિતી નથી તો પોતાનો સમય આપી શકો છો. કેટલાક સંગઠન અને પ્રાણીસંગ્રહાલયમાં આ પ્રકારના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. ત્યાં તમે દરિયાઈ અને વન્ય જીવોને બચાવી લેવા માટે જરૂરિ માર્ગદર્શન આપી શકો છો. વન્ય જીવોની તસ્કરીને રોકવા માટેની બાબતને પણ હાથ ધરી શકો છો. દુર્લભ અને લુપ્ત થઈ રહેલા વન્ય જીવોના અંગોથી બનેલી ચીજ વસ્તુઓને ખરીદીને ટાળવા માટેના પ્રયાસ કરી શકાય છે. પોતે દુર્લભ વન્ય જીવોના અંગોથી બનેલી ચીજ વસ્તુઓ ન ખરીદો સાથે સાથે અન્યોને પણ રોકવાના પ્રયાસો કરવા જોઈએ. કચરો પર્યાવરણ માટે જેટલો નુકસાનકારક છે તેટલો જ વન્ય જીવો માટે ઘાતક અને ખતરનાક પણ છે. જેથી કચરાના જથ્થાનો યોગ્ય નિકાલ આવે તે જરૂરી છે. વન્ય જીવોની સુરક્ષા માટે ખાસ કરીને બાળકો સિટિજન સાઈનટિસ્ટની ભૂમિકા અદા કરી શકે છે. આના માટે વેબસાઈટસ છે જેના પર માહિતી આપી શકાય છે. બાળકોમાં કુદરતને જોઈને વિચાર બદલવાની વધારે ક્ષમતા રહેલી છે. વન્ય જીવોની સુરક્ષા કરવામાં આવે તે સમયની માંગ છે. વન્ય વિસ્તારો સતત ઘટી રહ્યા છે. શહેરીકરણની ગતિ વધી રહી છે. વન્ય વિસ્તારોમાં ઘટાડા અને વન્ય જીવો લુપ્ત થવાના કારણે સંતુલનને માઠી અસર થઈ રહી છે.



છેલ્લા પાંચ દશકના ગાળામાં ૨૦ ટકા સુધી અમેઝોનના વન્ય વિસ્તારો ઓછા થયા છે : વન્ય જીવોના અંગોની તસ્કરીમાં રેકોર્ડ વધારો થયો

માનવી ભુલોથી વન્ય નષ્ટ

માનવી દ્વારા કરવામાં આવી રહેલી ભુલોની કિંમતો વન્ય જીવો ચુકી રહ્યા છે. તેમની પ્રજાતિઓ ઝડપથી ખતમ થઈ રહી છે. આ દિશામાં ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. જો આવી સ્થિતી રહેશે અને માનવીય ભુલો જારી રહેશે તો ટુંકા ગાળામાં જ અનેક વધુ દુર્લભ પ્રજાતિઓ પણ લુપ્ત થઈ જશે. માનવી ભુલોના કારણે વન્ય સતત ઘટી રહ્યા છે. ઉષ્ણકટિબંધીય ક્ષેત્રો તેમજ દક્ષિણ પૂર્વ એશિયામાં વન્ય વિસ્તારોના નાશ થઈ રહ્યા છે. સાથે સાથે રસાયણોનો આડેધડ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે અનેક દુર્લભ પ્રજાતિઓ લુપ્ત થવાના આરે પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘના કહેવા મુજબ ૨૫ ટકા સ્તન ધારી પ્રજાતિઓ પર ખતરો તોળાઈ રહ્યો છે. તેમાં આફ્રિકન હાથી પણ સામેલ છે. વિશાળ પાન્ડાનો પણ આમાં સમાવેશ થાય છે. નિષ્ણાંતો કહે છે કે વન્ય જીવોના ક્ષેત્રમાં માનવીય દરમિયાનગીરીના કારણે ૮૫ ટકા લુપ્તપ્રાય પ્રજાતિઓ માટે નવો ખતરો તોળાઈ રહ્યો છે. આના માટે વન્ય ક્ષેત્રોમાં અવરજવરને રોકવાની જરૂર છે. દેશી વૃક્ષો લગાવીને વન્ય ક્ષેત્રોમાં વધારો કરી શકાય છે. દરિયાઈ કાઠા પર સાફ સફાઈ પણ ખુબ જરૂરી બની ગઈ છે. કારણ કે કચરાના કારણે એકબાજુ પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યુ છે. સાથે સાથે વન્ય જીવો માટે પણ તે ઘાતક છે. કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાની વ્યવસ્થા પર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે આગળ વધવાની જરૂર ઉભી થઈ છે. માનવી દરમિયાનગીરી વન્ય ક્ષેત્રોમાં નહીંવત રહે તે સમયની માંગ છે. વન્ય વિસ્તારોમાં દરમિયાનગીરી ઓછી રહેશે તો વન્ય જીવો ત્યાં સ્વતંત્ર રીતે રહી શકે છે અને પોતાની વસ્તીને પણ વધારી શકે છે. વન્ય જીવોની સુરક્ષા જુદી જુદી રીતે કરી શકાય છે.

નવા સાધનો જ ડ્રાઈવરની ગતિ ધીમી કરશે

અકસ્માતો ટુંકમાં રોકી દેવાશે

દેશમાં થતા માર્ગ અકસ્માતોને રોકવા માટે પહેલા પણ પગલા લેવામાં આવ્યા હતા અને આ દિશામાં સતત નવા પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. યુરોપિયન યુનિયન માર્ગ દુર્ઘટનાને ઘટાડી દેવા માટે જોરદાર રીતે કામમાં વ્યસ્ત છે. યુનિયનના નવા કાનુન મુજબ વર્ષ ૨૦૨૨થી તમામ કારમાં બ્રીથ એનાલાઈઝર અને એક એવા પ્રકારના સોફ્ટવેર ફિટ કરવામાં આવનાર છે જે ડ્રાઈવરોની ગતિને રોકવામાં મદદરૂપ બની શકે છે. કાર સ્ટાર્ટ કરતા પહેલા બ્રીથ એનાલાઈઝરથી લીલીઝંડી મળવાની બાબત પણ જરૂરી રહેશે. કાનુની માત્રા કરતા વધારે પ્રમાણમાં આલ્કોહલ હોવાની સ્થિતીમાં કાર ચાલી જ શકશે નહીં. યુરોપિયન યુનિયનનુ કહેવુ છે કે આ નિયમ અમને ઘાતક ઘટનાઓથી બચાવનાર છે. વર્ષ ૨૦૨૨ના મધ્યથી તમામ નવા મોડલની કારમાં આ પ્રકારની વિશેષ સુવિધાને ફરજિયાત સ્થાપિત કરવાની રહેશે. વર્ષ ૨૦૨૪થી નવા કાયદાને લાગુ કરી દેવામાં આવનાર છે. આ યોજનાને માર્ચમાં મંજુરી મળી ગઈ હતી. જો કે ગયા સપ્તાહના અંતમાં યુરોપિયન યુનિયને પણ આને હવે મંજુરી આપી દીધી છે. આના કારણે માર્ગ દુર્ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થઈ જશે તેમ તમામ સંબંધિત નિષ્ણાંતો પણ માની રહ્યા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે કેટલાક સાધનો એવા પણ રહેનાર છે જે ડ્રાઈવરોના બ્રીથ ટેસ્ટ વારંવાર કરી શકે છે. આ ટેસ્ટ એટલા માટે કરવામાં આવનાર છે કે કોઈ ડ્રાઈવર વાહનને પોતાના મિત્રની પાસેથી ચાલુ કરાવીને તો ચલાવી રહ્યો નથી. નવા નવા પ્રયોગ જારી છે.કારમાં રહેલા આધુનિક સાધનો ડ્રાઈવર દ્વારા સીટ બેલ્ટ ન પહેરવાની સ્થિતીમાં પણ એલર્ટ જારી કરનાર છે. ત્યારબાદ સીટ બેલ્ટ ન પહેરવાની સ્થિતીમાં અંદર રહેલા સાધનોમાં ઉંચેથી અવાજ આવવા લાગી જશે. વાહનની ગતિ વધારે હોવાની સ્થિતીમાં સોફ્ટવેર ડ્રાઈવરને ગતિ અંકુશમાં કરવા માટે કામ કરશે. ટેકનોલોજીથી વાહનો સંપૂર્ણરીતે સજ્જ રહેશે. વાહનોમાં આશરે ૩૦ જેટલી નવી ટેકનોલોજી રહેનાર છે. જે નિયમો સાથે વાહનો ચલાવવા માટે ચાલકોને ફરજ પાડશે. સિસ્ટમ એ બાબતની પણ માહિતી મેળવનાર છે કે ચાલક એકાગ્રતા ગુમાવી રહ્યો છે કે પછી તેને ઉંઘ આવી રહી છે. આવી સ્થિતી દેખાશે તો ગાડી જાતે જ બંધ થઈ જશે.

લોકસભા ચૂંટણીમાં શાનદાર દેખાવ બાદ હવે વિધાનસભા પર નજર

બંગાળ : મમતાને હચમચાવવા તૈયારી

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂટણીમાં હવે મમતા બેનર્જીને હચમચાવી મુકવા માટેની તૈયારી ભારતીય જનતા પાર્ટી દ્વારા કરી લેવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ કોલકત્તામાં રેલી કરીને ચૂટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે પહેલા જ કહી ચુક્યા છે કે આ વખતે ભારતીય જનતા પાર્ટી બે તૃતિયાંશ સીટ સીટો સાથે સત્તામાં આવનાર છે. મમતા બેનર્જીને સત્તાથી દુર કરવા માટે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો કામે લાગી ગયા છે. અમિત શાહ આના માટે રણનિતી ઘડવામાં વ્યસ્ત બની ગયા છે. વર્ષ ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં મમતાને તેમના ગઢમાં જ ધ્રુજાવી દીધા બાદ ભારતીય જનતા પાર્ટી હવે વિધાનસભામાં પણ આવો જ દેખાવ કરવા માટે તૈયાર છે. લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની ૪૨ સીટો પૈકી ૧૮ સીટો જીતીને મમતાની પાર્ટીમાં સોપો પાડી દીધો હતો. હવે વિધાનસભાની ચૂંટણીમાં પણ આવો જ દેખાવ કરવા માટે પાર્ટી તૈયાર છે. મુદ્દા પણ તૈયાર છે. મુખ્ય મુદ્દો તો નાગરિક સુધારા કાનુન જ રહેનાર છે. લોકસભા ચૂંટણીમાં મમતાની પાર્ટી તૃણમુળને ૪૩ ટકા મત મળ્યા હતા. જ્યારે તેને ૨૨ સીટો મળી હતી. વર્ષ ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૪૦ ટકા મત મળ્યા હતા. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં મમતાની પાર્ટીએ બહુમતિ સીટો જીતી હતી અને ભારતીય જનતા પાર્ટીને ત્રણ સીટો મળી હતી. જો કે હવે સ્થિતી બદલાઈ ગઈ છે. મમતાની પાર્ટીએ છેલ્લી ચૂંટણીમાં ૨૯૪ સીટો પૈકી ૨૧૧ સીટો જીતી લીધી હતી. પશ્ચિમ બંગાળમાં મમતાને જોરદાર ટક્કર આપવા અને તેમના પ્રભુત્વને ખતમ કરવા માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આક્રમક રણનિતી સાથે આગળ વધી રહ્યા છે. તેમની વચ્ચે આ વખતે મુખ્ય સ્પર્ધા થનાર છે. મમતાની સામે છેલ્લી ચૂંટણી જેવો દેખાવ કરવા માટે પડકાર રહેલો છે. કારણ કે અમિત શાહ અને મોદીએ બંગાળમાં ઉલ્લેખનીય સફળતા હાંસલ કરવા માટે વિવિધ પહેલ કરી છે. લોકસભાની ચૂંટણીના પરિણામ આની સાબિતી પણ આપે છે. ભાજપની જે રીતે લોકોમાં અહીં લોકપ્રિયતા વધી રહી છે તે જોતા મમતાની સામે આ વખતે મુશ્કેલી રહેલી છે. ફિલ્મ સ્ટારો અને પક્ષ પલટુ લોકોની મદદથી બંગાળમાં જીત મેળવવા માટે ભાજપે જોરદાર તૈયારી શરૂ કરી છે. પશ્ચિમ બંગાળના પ્રવેશદ્વાર તરીકે આસનસોલને ગણવામાં આવે છે. બંગાળમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાય વચ્ચે ખેંચતાણ વધી છે. આ ખેંચતાણ વધવા માટેના કેટલાક કારણ રહેલા છે. આસનસોલમાં બિહારી લોકોના પ્રભુત્વને જોઈ શકાય છે. તૃણમુળ કોંગ્રેસના મજબુત કિલ્લામાં ગાબડા પાડવા માટે ભાજપ સજ્જ છે. તૃણમુળના મજબુત ગઠ વચ્ચે સ્થિત આસનસોલ લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત થઈ હતી. અહીં ભાજપે જીત મેળવી રાજકીય પંડિતોની ગણતરીને ઉંધી કરી દીધી હતી. આ જીતના કારણે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં સ્થિતી બદલાઈ ગઈ છે. બંગાળી લોકો અને બિહારી વચ્ચે ખીણ ઉંડી થઈ છે. તૃણમુળ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે હાલમાં તલવારો ખેંચાઈ ગઈ છે. તલવાર એટલી હદ સુધી ખેંચાઈ ગઈ છે કે સામાન્ય વ્યક્તિ બંને પાર્ટીના સંબંધમાં કોઈ ટિપ્પણી કરતા પહેલા વિચારી લે છે અને જોઈ લે છે કે ટિપ્પણી કરતા પહેલા કોઈ ખતરો તો જાનને નથી. આસનસોલની આસપાસની વર્ધમાન, પૂર્વ વર્ધમાન, દુર્ગ, પુરુલિયા, બાંકુરા, વિષ્ણુપુર, બોલપુર અને બીરપુરમાં તૃણમુળ કોંગ્રેસ પ્રભુત્વ ધરાવે છે. કોંગ્રેસ પાર્ટી તો મેદાનમાં જ દેખાતી નથી. એમ કહી શકાય છે કે તૃણમુળ કોંગ્રેસે કોંગ્રેસ પાર્ટીની જગ્યા લઈ લીધી છે. ડાબેરીઓની હાલત તો ખુબ કફોડી બનેલી છે. આસનસોલ અને દુર્ગાપુર સીટ પર કારખાનાના કારણે બિહાર અને ઝારખંડથી આવેલા મતદારો વધારે નોંધાયેલા છે. દુર્ગાપુરના લોકો કહે છે કે આસનસોલ અને દુર્ગાપુરમાં તો બિહારી મતદારો જે ઈચ્છશે તે જ થશે. બાબુલ સુપ્રિયો સાંસદ તરીકે આસનસોલના મજદુરોની વચ્ચે ખુબ લોકપ્રિય છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા વિધાનસભાની ચૂટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે પહેલા જ પોતાની સ્થિતી મજબુત કરવાની શરૂઆત કરી દીધી છે.



અમિત શાહ અને મોદી મમતાના ગઢમાં ગાબડા પાડવા તૈયાર : અમિત શાહ પહેલાથી જ મેદાનમાં ઉતરી ચુક્યા : રણનિતી પર કામગીરી શરૂ

પશ્ચિમ બંગાળમાં ૨૯૪ સીટો

લોકસભા ચૂંટણીમાં જોરદાર દેખાવ કર્યા બાદ હવે ભારતીય જનતા પાર્ટીની નજર પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પર કેન્દ્રિત થઈ ગઈ છે. હાલમાં દિલ્હીમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી હોવા છતાં તેની કારમી હાર થઈ હતી. આ હતાશામાંથી બહાર નિકળીને હવે ભારતીય જનતા પાર્ટીએ બંગાળ ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરી દીધુ છે. બંગાળમાં છેલ્લા કેટલાક સમયથી મમતા બેનર્જી એકચક્રી શાસન ધરાવે છે. જો કે લોકસભાની ચૂંટણીમાં મમતાના ગઢમાં જોરદાર ગાબડા પાડી દીધા બાદ હવે વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. વર્ષ ૨૦૧૬માં બંગાળમાં છેલ્લે વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. એ વખતે મમતાની પાર્ટીએ ધરખમ દેખાવ કરીને બહુમતિ બેઠકો જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. એ વખતે ટીએમસીએ ૨૯૪ સીટો પૈકી ૨૧૧ સીટો જીતી લીધી હતી. વર્ષ ૨૦૧૧ની જેમ જ જોરદાર સપાટો બોલાવ્યો હતો. જો કે ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મમતાએ જોરદાર તાકાત લગાવી હોવા છતાં તેની સીટોમાં ગાબડા પડી ગયા હતા. ભારતીય જનતા પાર્ટીએ ૪૨ પૈકી ૧૮ લોકસભા સીટો જીતીને મમતાને ભાવિ પડકારરૂપ હોવાની ચેતવણી આપી દીધી હતી. હાલત કફોડી બની ગઈ છે.

ફિલ્મી ગપસપ...

મૌન રહેવું એ કાયરતાની નિશાની છે : સોનમ કપૂર

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ સોનમ કપૂર આજકાલ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. હાલનાં મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય રજૂ કરવાની સાથે સાથે તે ઘણા મુદ્દાઓ પર કટાક્ષ પણ કરે છે. તેમણે દેશની વર્તમાન પરિસ્થિતિ વિશે એક ટ્વીટ કર્યું છે, જેમાં તેમણે મૌન રહેનારા લોકો પર નિશાન સાધ્યું છે. તેણે પોતાના ટ્વિટમાં કહ્યું કે, મૌન હંમેશાં સારું નથી હોતું, ઘણી વખત તે કાયરતાની નિશાની પણ હોય છે. સોનમ કપૂરનું આ ટ્વિટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે, સાથે જ લોકો તેની પર ઘણી પ્રતિક્રિયા આપી રહ્યા છે.



સોનમ કપૂરે પોતાના ટ્વિટમાં અનેક મુદ્દાઓ પર મૌન ધારણ કરનારાઓન પર કટાક્ષ કરતાં કહ્યું કે "મૌન હંમેશાં સારું નથી હોતું, ઘણી વખતે તે નૈતિક અસ્પષ્ટતા, કાયરતા અને ઘણી વિનાશક બાબતોની નિશાની પણ હોઈ શકે છે." આ સિવાય સોનમ કપૂરે બીજું એક ટ્વિટ કર્યું, જેમાં તેણે લખ્યું કે, "હંમેશા ઇતિહાસની સારી બાજુ જ રહેવું. આ એક પ્રકારની અપીલ છે. નહીં તો તમને હંમેશાં આ વાતનો અફસોસ રહેશે."

શાંતિ કાયમ રાખવા કોઈ પણ ભૂમિકા માટે તૈયાર છું: રજનીકાંત

ચેન્નાઈ

સાઉથની ફિલ્મોના બેતાજ બાદશાહ અને ભગવાનની જેમ પૂજાતા અભિનેતા ફિલ્મ સર્જક રજનીકાંતે કહ્યું હતું કે દેશમાં શાંતિ કાયમ રહે એ માટે હું કોઈ પણ ભૂમિકા માટે તૈયાર છુ. ચેન્નાઈમાં કેટલાક મુસ્લિમ નેતાઓ સાથે બેઠક યોજ્યા બાદ આ મેગાસ્ટાર મિડિયા સાથે વાત કરી રહ્યા હતા. રજનીકાંતે દિલ્હીની હિંસાની આકરી ટીકા કરી હતી. તામિલનાડુ જમૈથલ ઉમા સબાઈ નામની મુસ્લિમ સંસ્થા તામિલનાડુમાં સક્રિય છે. એના આગેવાનો સાથે રજનીકાંતે બેઠક યોજી હતી. રજનીકાંતે કોઈ પક્ષ કે નેતાનું નામ લીધા વિના કહ્યું હતું કે આપણા સૌનો ઉદ્દેશ ભાઈચારો, પ્રેમ અને શાંતિ કાયમ રાખવાનો રહેવો જોઈએ.

દિલદાર અક્ષય કુમારે ટ્રાન્સજેન્ડર્સ માટે ઘર બનાવવા રૂ.૧.૫૦ કરોડનું દાન કર્યું



મુંબઈ

નેશનલ એવોર્ડ વિજેતા બોલીવૂડના સુપરસ્ટાર અક્ષય કુમાર એક ઉત્તમ અભિનેતા તો છે જ પરંતું તેઓ ઉમદા માણસ પણ છે, અક્ષય કુમાર તેમની સખાવતો માટે પણ જાણીતા છે તે અવારનવાર જરૂરીયાતવાળા લોકોને દાન આપતા રહે છે.

હવે અક્ષયે અને લક્ષ્મી બોમ્બના ડાયરેક્ટર રાઘવ લોરેન્સએ એક સારી પહેલની શરુઆત કરતાં ચેન્નઈમાં ટ્રાન્સજેન્ડર્સ માટે ઘર નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. જે માટે અક્ષય કુમારે ૧.૫૦ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. રાઘવ લોરેન્સે આ કામ માટે અભિનેતાનો આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રાન્સજેન્ડર્સ માટે ચેન્નઈમાં આવી પહેલી બિલ્ડિંગ નિર્માણ પામશે.

પોતાની ફેસબુક પોસ્ટમાં રાઘવે લખ્યુ કે અમારી વચ્ચેનો ભરોસો હવે ૧૫માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે અને આ ૧૫માં વર્ષને નવા પ્રોજેક્ટની શરુઆત સાથે સેલિબ્રેટ કરવા ઇચ્છીએ છીએ. આ પ્રોજેક્ટ ટ્રાન્સજેન્ડર્સને ઘર આપવાનો છે જેથી તેઓ વિકાસ કરી શકે.

રાઘવે આગળ લખ્યુ કે લક્ષ્મી બોમ્બના શૂટિંગ દરમિયાન મેં અક્ષય સાથે આ વિષય પર ચર્ચા કરી હતી અને અભિનેતાએ તાત્કાલિક ૧.૫૦ કરોડ રૂપિયા દાનપેટે આપ્યા હતા. અમારા ભરોસાએ આ પ્રોજેક્ટને જમીન આપી છે અને હવે ઘર નિર્માણ કરવા માટે ફંડ ભેગુ કરીશુ.

યામી ગૌતમ પર આસામ સંસ્કૃતિના અપમાનનો આરોપ મુકાયો



ગુવાહાટી

બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ પર અસમ સંસ્કૃતિ 'ગમોસા'ના અપમાનનો આરોપ લાગ્યો છે. યામી ગૌતમ જ્યારે ગુવાહાટી એરપોર્ટ પર હતી જ્યારે એક અજાણ્યા યુવકે તેમને ગમોસા પહેરાવવાનો પ્રયાસ કર્યો હતો. અને યામીએ આ યુવકે ના પાડી આગળ વધી ગઇ હતી. જે પછી સોશિયલ મીડિયા તેમના પર આસામ સંસ્કૃતિનું અપમાન કરવાનો આરોપ ટ્રોલર્સ મૂકી રહ્યા છે. જો કે હવે આ અંગે યામીએ સ્પષ્ટતા આપી છે.


ગુવાહાટી એરપોર્ટ પર એક ફેન યામીને ગમોસા એટલે કે લાલ અને સફેદ રંગનો ગમછો ભેંટ આપવા જઇ રહ્યો હતો. પણ યામી અસહજતા અનુભવી તેને આમ કરતા રોક્યો. તે પછી સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવી હતી. જો કે યામીએ પોતાની સ્પષ્ટતામાં કહ્યું કે "મારું રિએક્શન ખાલી સેલ્ફ ડિફેન્સ હતો. એક મહિલા હોવાના કારણે ત્યારે હું અસહજ થઇ ગઇ હતી. અને તે મારી નજીક આવી રહ્યો હતો. મને કે કોઇ પણ યુવતીને પોતાની વાત રાખવાનો અધિકાર છે. હું કોઇની ભાવનાઓને ઠેસ પહોંચાડવા નથી માંગતી. પણ જો કોઇનો વ્યવહાર તમને ના ગમે તો તમે તે વિરુદ્ધ અવાજ ઉઠાવો તે જરૂરી છે"

આ પછીની એક ટ્વિટમાં યામી ગામોસા પહેરેલી પણ નજરે પડે છે. તેમણે આ ફોટો શેર કરતા કહ્યું કે તે આસામની સંસ્કૃતિને ખૂબ પ્રેમ કરે છે. તે અહીં ત્રણ વાર આવી ગઇ છે. યામી આસામમાં ગ્રેટ ગુવાહાટી મેરાથન ૨૦૨૦ના ફ્લેગ ઓફ માટે આવી હતી. અને અહીં તેને ગમોસા પણ સ્વીકાર્યો હતો. અને ફેન્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રિયંકા-દીપિકાનાં રસ્તે ચાલ્યો રિતિક રોશન... હવે હોલિવૂડમાં ડેબ્યૂ કરશે

મુંબઈ

ગયા વર્ષે રીતિક રોશનની 'વૉર' તથા 'સુપર ૩૦' એમ બે ફિલ્મ સુપરહિટ રહી હતી. હવે રીતિક રોશને હોલિવૂડમાં જવાનું નક્કી કર્યું છે. પ્રિયંકા ચોપરા તથા દીપિકા પાદુકોણ બાદ હવે રીતિક રોશન હોલિવૂડમાં ડેબ્યૂ કરી શકે છે. સૂત્રોના મતે, કેલિફોર્નિયાની એજન્સી ગેર્શએ રીતિક રોશનને સાઈન કર્યો છે. મેનેજર અમૃતા સેન અને ભારતમાં ક્વેન કંપની સાથે મળીને રીતિક રોશન ગેર્શનું



પ્રતિનિધિત્વ કરશે. અમૃતા સેને કહ્યું હતું કે રીતિક હંમેશાંથી મહેનતી રહ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષથી રીતિક રોશન ભારતીય સિનેમાને નવી ઊંચાઈઓ પર લઈ ગયો છે. રીતિક એ વાતને લઈ ઉત્સાહી છે કે તે ગ્લોબલ માર્કેટ માટે વિશ્વના અન્ય દેશોની વાર્તાઓ વધુ મજબૂત બનશે. વધુમાં અમૃતાએ કહ્યું હતું કે રીતિકના નેતૃત્વમાં તેનું લક્ષ્ય એ છે કે તે ભારતને વૈશ્વિકરણ તથા વિવિધતાની દિશામાં આગળ વધારે. ગેર્શની પાર્ટનરશિપમાં રીતિકના મહત્ત્વકાંક્ષી વિઝનને વિશ્વભરમાં લઈ જવામાં આવે. હાલમાં રીતિક રોશન 'ક્રિશ ૪'માં વ્યસ્ત છે.

'બ્રહ્માસ્ત્ર'ના સેટ પરથી રણબીર-આલિયાનો ડાન્સ કરતો વીડિયો લીક થયો

મુંબઈ


રણબીર કપૂર તથા આલિયા ભટ્ટ હાલમાં 'બ્રહ્માસ્ત્ર'ના શૂટિંગમાં વ્યસ્ત છે. અયાન મુખર્જીની આ ફિલ્મનો એક વીડિયો હાલમાં વાયરલ થયો છે. આ વીડિયોમાં આલિયા ભટ્ટ તથા રણબીર કપૂર ડાન્સ કરતાં જોવા મળે છે.

આ વીડિયો ક્લિપમાં આલિયા ડાન્સ કરતી હોય છે, તેણે ડેનિમ તથા વ્હાઈટ ટી-શર્ટ સાથે લાંબું શ્રગ પહેર્યું છે. રણબીર પણ ડેનિમ તથા જેકેટમાં છે. બંને એક્ટર્સના ખભ પર બેકપેક્સ છે. આખો સેટ કોઈ ફેસ્ટિવલ હોય તે રીતનો છે. માનવામાં આવે છે કે આ હોળી સોંગ છે.

તાપસીનો જાદુ ચાલ્યો... ફિલ્મ 'થપ્પડ'એ કરી ૧૪.૬૨ કરોડની કમાણી

મુંબઈ

બોલિવૂડમાં મુલ્ક અને આર્ટિકલ ૧૫ જેવી સરસ ફિલ્મ આપનાર નિર્દેશક અનુભવ સિંહા ફરી એક વાર થપ્પડ જેવી સારી ફિલ્મ લઈને આવ્યા છે. આ ફિલ્મની અભિનેત્રી તાપસી પન્નુએ આ ફિલ્મમાં એક હાઉસમેકર મહિલાનો રોલ નીભાવ્યો છે. પતિ દ્વારા જ્યારે આ મહિલાને એક થપ્પડ મારવામાં આવે છે તો તેનું જીવન બદલાઇ જાય છે. આ ફિલ્મને ક્રિટિક્સ અને દર્શકોનો બહુ બધો પ્રેમ મળી રહ્યો છે. અને આ વાત તેના બોક્સ ઓફિસ કલેક્શનથી સ્પષ્ટ થાય છે. ફિલ્મની કમાણીના બીજા અને ત્રીજા દિવસે બોક્સ ઓફિસ પર મોટો ઉછાળ જોવા મળ્યો હતો. તાપસી



પન્નુની ફિલ્મ થપ્પડે પહેલા દિવસે ઠીક ઠીક કમાણી કરી હતી. પહેલા દિવસે આ ફિલ્મે લગભગ ૩.૦૭ કરોડનું કલેક્શન કર્યું હતું. જો કે જે બાદ આશા સેવવામાં આવી રહી હતી કે વીકેન્ડમાં આ ફિલ્મ સારી કમાણી કરે. અને તેવું જ થયું બીજા દિવસે એટલે કે શનિવારે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૫.૦૫ કરોડ કમાયા. બોક્સ ઓફિસ ઈન્ડિયાની માનીએ તો રવિવારે આ ફિલ્મે ૬.૫૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.

રમત જગત વિશેષ

કોહલી જૂની આદતોના લીધે ન્યૂઝીલેન્ડમાં ફ્લોપ રહ્યો : લક્ષ્મણ

ક્રાઈસ્ટચર્ચ

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ફ્લોપ રહ્યો હતો. તેણે ત્રણેય ફોર્મેટની ૧૧ ઈનિંગ્સમાં કુલ ૨૧૮ રન કર્યા હતા અને આ દરમિયાન માત્ર ૧ ફિફ્ટી મારી હતી. જ્યારે ૨ ટેસ્ટની ચાર ઈનિંગ્સમાં ૯.૫ની એવરેજથી ૩૮ રન કર્યા હતા. ભારતના પૂર્વ મિડલ ઓર્ડર બેટ્સમેન વીવીએસ લક્ષ્મણે કહ્યું કે, "કોહલી પોતાની જૂની આદતોના લીધે ન્યૂઝીલેન્ડમાં ફ્લોપ રહ્યો. સ્વિંગ બોલિંગ પર તેનું બેટ સીધું આવતું નથી. તેનું બેટ એન્ગલથી નીચે આવે છે. તેને આ હેરાનગતિનો સામનો ૨૦૧૪માં ઈંગ્લેન્ડમાં પણ કરવો પડ્યો હતો."

લક્ષ્મણે એક ટીવી પ્રોગ્રામમાં કોહલીની બેટિંગ ટેક્નિકનું એનાલિસિસ કર્યું હતું. તેમણે કહ્યું કે, વિરાટની બેટિંગમાં એક જ પ્રોબ્લમ છે, સ્વિંગ બોલિંગમાં જે એન્ગલથી તેનું બેટ નીચે આવે છે. તે સિવાય અન્ય કોઈ બાબત ચિંતાનો વિષય નથી. એલબીડબ્લ્યુ અથવા અન્ય કોઈ બાબતોને ધ્યાન આપવાની જરૂર નથી. ઈંગ્લેન્ડમાં પણ આપણે જોયું કે તે કઈ રીતે આઉટ થતો હતો. ખાસ કરીને જેમ્સ એન્ડરસન સામે. આ સીરિઝમાં પણ તે જે રીતે આઉટ થયો તે જોવો.

ભારતનો ૮ વર્ષ બાદ ટેસ્ટમાં વ્હાઇટવોશ,બીજી ઇનિંગમાં ટીમ ઇન્ડિયા ૧૨૪ રનમાં ઓલઆઉટ

બીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડે ભારતને સાત વિકેટે હરાવી ૨-૦થી સિરીઝ જીતી

ન્યૂઝીલેન્ડે ૧૩૫ રનનો ટાર્ગેટ ત્રણ વિકેટ ગુમાવી પ્રાપ્ત કર્યો,બુમરાહે ૨ અને ઉમેશે ૧ વિકેટ ઝડપી

ક્રાઇસ્ટચર્ચ

ન્યૂઝીલેન્ડે ક્રાઇસ્ટચર્ચ ખાતેની બીજી ટેસ્ટમાં ભારતને ૭ વિકેટે હરાવી સીરિઝ ૨-૦થી પોતાના નામે કરી છે. પહેલી ટેસ્ટમાં વેલિંગ્ટનમાં ભારત ૧૦ વિકેટે હાર્યું હતું. આ મેચમાં ટોસ હારીને ભારતે પ્રથમ દાવમાં ૨૪૨ રન કર્યા હતા. જવાબમાં કિવિઝ ૨૩૫ રન જ કરી શક્યું હતું. બીજી ઇનિંગ્સમાં ૭ રનની લીડ સાથે મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમ ૧૨૪ રનમાં ઓલઆઉટ થઈ હતી. કિવિઝને ૧૩૨ રનનો ટાર્ગેટ ૩ વિકેટે ચેઝ કર્યો. ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીત્યા પછી ઇન્ડિયન ટીમ વનડેમાં ૦-૩ અને ટેસ્ટમાં ૦-૨થી હાર્યું. ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘર આંગણે ભારતને ટેસ્ટમાં ૪-૦થી હરાવ્યું હતું.

૧૩૨ રનનો પીછો કરતા કિવિઝે ૩૬ ઓવરમાં ૩ વિકેટે ટાર્ગેટ ચેઝ કર્યો હતો. ટોમ લેથમે કરિયરની ૧૮મી ફિફ્ટી ફટકારતાં ૭૪ બોલમાં ૧૦ ફોરની મદદથી ૫૨ રન કર્યા હતા. જ્યારે ટોમ બ્લેન્ડલે ૧૧૩ બોલમાં ૮ ફોર અને ૧ સિક્સની મદદથી ૫૫ રન કર્યા હતા. રોસ ટેલર ૪ રને અને હેનરી નિકોલ્સ ૩ રને અણનમ રહ્યા. જસપ્રીત બુમરાહે ૨ અને ઉમેશ યાદવે ૧ વિકેટ લીધી. ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં બીજી મેચ હાર્યું છે. જ્યારે કેન વિલિયમ્સનની ટીમ સતત બીજી મેચ જીતીને ૧૮૦ પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. આ ભારતની આઇસીસી ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પ્રથમ સિરીઝ હાર છે. ત્રીજા દિવસે જ્યારે ટીમ ઈન્ડિયાએ પોતાનો દાવ ૬ વિકેટ પર ૯૦ રનના સ્કોર પર આગળ વધાર્યો તો ટીમની સાતમી વિકેટ પડવામાં વાર લાગી નહીં. ત્રીજા દિવસની ત્રીજી ઓવરમાં જ હનુમા વિહારી (૯) અને ત્યારબાદ પંત ૪ રન બનાવીને આઉટ થયાં. ૪૧મી ઓવરમાં ટીમ ઈન્ડિયાના ૧૦૦ રન પૂરા થયાં. શમી મોટો શોટ મારવાના ચક્કરમાં ૫ રન બનાવીને આઉટ થયો અને ત્યારબાદ જાડેજાએ (૧૬) કેટલાક શોટ રમ્યા પરંતુ બુમરાહ આઉટ થતા જ ટીમ ઈન્ડિયાનો દાવો ૧૨૪ રને સમેટાઈ ગયો. ભારત તરફથી આ ઈનિંગ્સમાં સૌથી વધુ ૨૪ રન ચેતેશ્વર પૂજારાએ બનાવ્યા હતા. જ્યારે ન્યૂઝીલેન્ટ તરફથી ટ્રેન્ટ બાઉલ્ટે ૪ અને ટિમ સાઉદીએ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે કોલિન અને નીલના ભાગમાં એક-એક વિકેટ આવી હતી.



ધોની છેલ્લાં ઘણાં સમયથી ક્રિકેટથી દૂર છે. પરંતુ ફેન્સ તેના ફેન્સ માટે સારા સમાચાર એ છે કે તે આઈપીએલમાં રમતો જોવા મળશે. જેના માટે તે ચેન્નઈ પહોંચી ગયા છે. આઈપીએલ ૨૦૨૦ ૨૯ માર્ચથી શરૂ થઈ રહી છે. ધોની આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ માટે રમતા જોવા મળશે. ધોની આ ટીમના કેપ્ટન પણ છે. ધોની જેવા જ જ સીએસકે કેમ્પ માટે ચેન્નઈ પહોંચ્યો ત્યાં તેનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. ચેન્નઈ પહોંચતા પહેલા તે પોતાની ખાસ મિત્ર અને હેર સ્ટાઈલિશ સપના ભાવનાનીને મળ્યો અને નવી હેરસ્ટાઈલ કરાવી. તેણે ધોનીની વાપસી પર લખ્યું, "મારા મિત્ર ખૂબ જ ખુશ થશે તેને આઈપીએલમાં રમતો જોઈને. ચેન્નઈ અમે આવી રહ્યા છે.

હારથી ગિન્નાયેલ કોહલીએ રિપોર્ટરને લીધો આડે હાથ, કહ્યું: 'અડધી માહિતી સાથે ન આવો'

ક્રાઇસ્ટચર્ચ

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરીઝ ૨-૦થી હાર્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પરંતુ આ પ્રેસ કોન્ફરન્સમાં વિરાટ અચાનક જબરદસ્ત ગુસ્સે થયો હતો. કોન્ફરન્સ દરમિયાન પત્રકારે પૂછેલા એક સવાલ પર કોહલીએ પોતાના પરનો કાબૂ ગુમાવ્યો હતો.

રવિવારે બીજા દિવસે કેન વિલિયમસન અને ટોમ લાથમના આઉટ થયા બાદ કોહલી આક્રમકતાથી ઉજવણી કરી રહ્યો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં દેખાઈ રહ્યું છે કે કોહલી દર્શકો તરફ જોઈ અભદ્ર ભાષાનો ઉપયોગ કરી રહ્યો છે. આ ઘટના ત્યારે બની જ્યારે ન્યૂઝીલેન્ડની પહેલી ઈનિંગમાં મોહમ્મદ શમીએ ટોમ લાથમને આઉટ કર્યો હતો. એક પત્રકારે કોહલીને પૂછ્યું કે શું તેમને તેમની ટીમ માટે એક દાખલો બેસાડવા માટે પોતાની આક્રમકતા પર લગામ લગાવવાની જરૂર છે? પત્રકારના આ સવાલ પર કોહલી થોડો ગુસ્સે થઈ ગયો. કોહલીએ કહ્યું કે, 'તમને શું લાગે છે? હું તમારાથી આનો જવાબ માંગુંછું. તમને એ સારી રીતે ખબર હોવી જોઈએ કે ત્યાં શું થયું હતું. ત્યાર બાદ વધુ સારા સવાલ સાથે આવજો. મેં મેચ રેફરી સાથે વાત કરી લીધી છે. તમે અડધી માહિતી સાથે અહીં નહીં આવી શકતા. આભાર.' ઉલ્લેખનીય છે કે વિરાટ કોહલી માટે ન્યૂઝીલેન્ડનો પ્રવાસ સારો રહ્યો નથી. આખા પ્રવાસ દરમિયાન કોહલીએ માત્ર એક વખત ૫૦ નો આંકડો પાર કર્યો હતો. ટેસ્ટ સીરીઝમાં તો કોહલીએ ૨૦ રન પણ બનાવી ન શક્યો. ન્યૂઝીલેન્ડે હેગલી ઓવલમાં ૭ વિકેટથી જીત મેળવી છે.

શુભમન ગિલને સીરીઝમાં ઓછામાં ઓછી એક તક આપવી જોઈતી હતી : હરભજન

ક્રાઇસ્ટચર્ચ

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ વન ડે સિરીઝ ગુમાવ્યા બાદ હવે ટીમ ઇન્ડિયાએ ટેસ્ટ સીરીઝ પણ ક્લીન સ્વીપથી ગુમાવી દીધી છે. આ હાર બાદ ટીમ ઇન્ડિયાના પ્રદર્શન પર કેટલાક સવાલ ઉભા થઈ રહ્યા છે. ભારતના દિગ્ગજ અને જાણીતા ક્રિકેટર હરભજન સિંહે પણ ભારતીય ટીમના વિચાર અને નિર્ણય પર સવાલ ઉભા કર્યા છે. આ સાથે હરભજન સિંહે એક મોટો આરોપ પણ લગાવ્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ ટીમ ઇન્ડિયાના સ્પિનર અને ચર્ચિત ખેલાડી હરભજન સિંહે આરોપ લગાવતા કહ્યું કે ભારતીય ક્રિકેટ ટીમ મેનેજમેન્ટ શુભમન ગિલ જેવા પ્રતિભાવાન ખેલાડીનું કરિયર ખરાબ કરી રહ્યું છે. હરભજન સિંહે ક્રાઇસ્ટચર્ચ ટેસ્ટમાં ઇન્ડિયાની કારમી હાર પર મોટો આરોપ લગાવતા કહ્યું કે શુભમન ગિલને સીરીઝમાં ઓછામાં ઓછી એક તક આપવી જોઈતી હતી. પરંતુ તેને માત્ર બેંચ પર બેસાડવામાં આવ્યો. આ વાત હરભજન સિંહે એક ખાનગી ચેનલના શો દરમિયાન કહી હતી.

કોરોના વાયરસની અસર...અઝલાન શાહ કપ હોકી ટૂર્નામેન્ટ સ્થગિત કરાઈ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની અસર હવે હોકી પર પણ પડી છે અને પ્રતિષ્ઠિત સુલતાન અઝલાન શાહ કપને સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટૂર્નામેન્ટ મલેશિયાની યજમાનીમાં આગામી મહિને ૧૧ એપ્રિલે શરૂ થવાની હતી. હવે આ ટૂર્નામેન્ટનું આયોજન સપ્ટેમ્બરમાં કરવામાં આવશે.

એક રિપોર્ટ પ્રમાણે, હોકીની આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ ૧૧થી ૧૮ એપ્રિલ સુધી આયોજીત થવાની હતી. આયોજન સમિતિએ હવે આ ટૂર્નામેન્ટને ૨૪ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી આયોજીત કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે.

આ ઘાતક વાયરસથી વિશ્વભરમાં અત્યાર સુધી આશરે ૮૬,૦૦૦ લોકો પ્રભાવિત થયા છે અને ચીનથી શરૂ થયેલા આ વાયરસને કારણે આશરે ૩ હજાર લોકોના મોત થઈ ચુક્યા છે.

ઈટાલી અને દુબઈથી ભારત આવેલા બે વ્યક્તિ કોરોનાની લપેટમાં

કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રીઃ દિલ્હી,તેલગાંણામાં પોઝિટિવ કેસ

ભારતમાં અત્યાર સુધી કુલ ૫ પોઝિટિવ કેસ મળ્યા,બંન્ને દર્દીને અન્ડર ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા,ચીનમાં મૃત્યુઆંક ૩૦૦૦ને પાર,વિશ્વભરમાં કોરોના વાયરસથી ફફડાટ



ન્યુ દિલ્હી

ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસ હવે દેશના પાટનગર દિલ્હી સુધી પહોંચી ગયો છે. પાટનગર દિલ્હીમાં કોરોના વાયરસનો પહેલો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઉપરાંત કોરોનાનો વધુ એક કેસ તેલંગાણામાં પણ નોંધાયો છે. દિલ્હીમાં જે વ્યક્તિનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે તે તાજેતરમાં જ ઈટાલીથી અને અન્ય એક વ્યક્તિ દુબઈથી પરત ફર્યો હતો. અત્યાર સુધી ભારતમાં કુલ પાંચ પોઝિટિવ કેસ મળી આવ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફતી જણાવવામાં આવ્યું છે કે આ મામલા પર પ્રકાશ પડ્યા બાદ વિદેશથી પરત ફરેલા લોકોની ખૂબ જ ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હાલમાં કોરોનાના બંને દર્દીઓની તબિયત સ્થિર છે. આ અગાઉ ચીનથી એરલિફ્ટ કરવામાં આવેલા ભારતીય નાગરિકોને માનસેર સેન્ટર ખાતે રાખવામાં આવ્યા છે, જ્યાં તેઓને ૨૪ કલાક માટે અન્ડર ઓબ્ઝર્વેશન રાખવામાં આવ્યા છે.

ચીનથી ભારત લવાયેલા આ લોકોને કોઈને પણ મળવાની પરવાનગી આપવામાં નથી આવી. તેમજ વિદેશથી આવનારા પ્રવાસીઓની એરપોર્ટ પર જ થર્મલ સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે તાજેતરમાં જ જાપાનથી 'ડાયમન્ડ પ્રિન્સેસ' ક્રૂઝમાંથી ભારતના ૧૧૯ નાગરિકોનું રેસક્યૂ કરવામાં આવ્યું હતું. આ તમામ લોકોને જાપાનથી સીધા માનેસર સેન્ટર લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓ હાલમાં પણ ડોક્ટર્સના અન્ડર ઓબ્ઝર્વેશનમાં છે.

સુખદ વાત એ છે કે ભારતીય ડોક્ટર્સ આ રોગને ફેલાતો અટકવા માટે અને નાબૂદ કરવા માટે દિવસ-રાત મહેનત કરી રહ્યા છે જેના કારણે હજી સુધી ભારતમાં કોરોના વાયરસના કારણે એક પણ વ્યક્તિને પોતાનો જીવ ગુમાવવો પડ્યો નથી. ચીનમાંથી ફેલાવવાની શરૂઆત કરનાર કોરોના વાઈરસને લીધે વિશ્વભરમાં અત્યાર સુધીમાં આશરે ૮૯ હજાર લોકો સંક્રમિત થયા છે ત્યારે આશરે ત્રણ હજાર લોકોનો આ વાઈરસે ભોગ લીધો છે.

આ પહેલા કેરલમાં કોરોના વાયરસથી સંક્રમિત ત્રણ કેસ સામે આવ્યા હતા. ત્રણેય સંક્રમિત લોકોને હૉસ્પિટલમાં અલગ રાખીને સારવાર કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આમાં એકની સારવાર કસારગોડની કંઝનગઢ સરકારી હોસ્પિટલમાં ચાલી રહી હતી, જ્યારે બીજા વિદ્યાર્થીની અલપ્પુઝા મેડિકલ કૉલેજમાં સારવાર થઈ. બંનેનું સ્વાસ્થ્ય સુધરવા પર તેમને રજા આપવામાં આવી હતી.

મૃત્યુઆંક ૪૬એ પહોંચ્યો, ૩૩૪ વિરુદ્ધ એફઆઈઆર,અફવા ફેલાવનાર ૩૪ની ધરપકડ

ન્યુ દિલ્હી

ઉત્તર-પૂર્વી દિલ્હીમાં થયેલી હિંસામાં મૃત્યુઆંક વધતો જ જઈ રહ્યો છે. જે ૪૬ પર પહોંચ્યો છે. હિંસા મામલે અફવાઓ ફેલાવ્યા બાદ રવિવારે સાંજે પશ્ચિમી દિલ્હીના અનેક વિસ્તારોમાં ડર પેદા થયો હતો, પરંતુ દિલ્હી પોલીસે આવી કોઈ પણ અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ બનાવી રાખવા અપીલ કરી છે. દિલ્હી પોલીસે આતંકવાદી સંગઠન કંગલિપક કોમ્યુનિસ્ટ પાર્ટીના બે શંકાસ્પદ સભ્યોની ધરપકડ કરી છે.

દિલ્હીમાં એક અઠવાડિયા પહેલા થયેલી હિંસા બાદ રવિવારના રોજ પણ સ્થિતિ તણાવભરી રહી હતી અને ભારે માત્રામાં પોલીસ બળને તૈનાત કરવુ પડ્યું હતું. રવિવારે ગોકલપુરી અને શિવ વિહાર વિસ્તારમાંથી ૪ મૃતદેહ મળી આવ્યા હતાં, પરંતુ આ મૃતદેહોનો થયેલી હિંસામાં સંબંધ છે કે નહીં તેની કોઈ જાણકારી મળી નથી. તંત્રએ મૃત્યુઆંકના આંકડાઓમાં તેનો સમાવેશ કર્યો નથી.

જોકે ઉત્તર-પૂર્વ દિલ્હી હિંસા કેસમાં અત્યાર સુધીમાં દિલ્હી પોલીસે ૪ હજાર ૩૩૪ એફઆઈઆર નોંધી છે. અને ૩૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.



દિલ્હીમાં થયેલી હિંસા મામલે કોંગ્રેસ અને ટીએમસી સહિતના વિપક્ષોએ સરકારને ઘરેવાનો પ્રયાસ કર્યો હતો. જેવી સંસદની કાર્યવાહી શરૂ થાય તે પહેલા કોંગ્રેસના સાંસદોએ સંસદ પરિસરમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા સામે સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનમાં કોંગ્રેસનાં રાહુલ ગાંધી, શશી થરૂર તેમજ અધીર રંજન ચૌધરી સહિતના કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસે દિલ્હી હિંસા મામલે ગૃહપ્રધાન અમિત શાહના રાજીનામાની ઉગ્ર માંગણી કરી હતી.

કેન્દ્રની મોદી સરકારે ષડ્યંત્ર રચી રમખાણો કરાવ્યા

દિલ્હીમાં થયેલા તોફાનો સંપૂર્ણ રીતે સુનિયોજીત નરસંહાર હતોઃ મમતા બેનર્જી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે સણસણતા આરોપ લગાવતા કહ્યું છે કે, દિલ્હીમાં થયેલા તોફાનો સંપૂર્ણ રીતે સુનિયોજીત નરસંહાર હતો. મમતા બેનરજીએ દિલ્હી હિંસા માટે અમિત શાહ અને કેન્દ્ર સરકારને ઘેરી છે. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ૪૦ લોકોના મોત નિપજ્યા છે.

આજે બીજા દિવસે મમતા બેનરજીએ અમિત શાહ પર નિશાન તાક્યું હતું. તેમણે અમિત શાહ અને કેન્દ્રની મોદી સરકાર પર દિલ્હીમાં ષડયંત્ર રચી રમખાણો કરાવ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, દિલ્હીમાં થયેલા તોફાનો સંપૂર્ણ રીતે સુનિયોજીત નરસંહાર હતો. અગાઉ ટીએમસીના સાંસદ અભિષેક બેનરજીએ અમિત શાહ પર નિશાન તાકતા કહ્યું હતું કે, બંગાળ આવીને ઉપદેશ આપવાના બદલે અમિત શાહે દિલ્હી હિંસા પર સ્પષ્ટિકરણ આપવુ જોઈએ અને માફી માંગવી જોઈએ. તમારા નાક નીચે હિંસા થઈ અને ૫૦થી વધારે નિર્દોષ લોકોના મોત થયા.

ઈટાલીમાં જીવલેણ કોરોના વાયરસને કારણે ૩૪ લોકોના મોત

કોરોના વાયરસઃ ઈટાલીમાં ફસાયેલા ૮૫ વિદ્યાર્થીઓએ ભારત સરકાર પાસે મદદ માગી

રોમ

ઈટાલીમાં જીવલેણ કોરોના વાયરસને કારણે ૩૪ લોકોના મોત થયા છે. ભારત ઈટાલીમાંથી પોતાના લોકોને દેશ પરત લાવવાની તૈયારી કરી રહ્યું છે. ઈટાલીના લોમ્બાર્ડી વિસ્તારમાં ૮૫ ભારતીય વિદ્યાર્થીઓને એક અઠવાડિયાથી ક્વોરેન્ટાઈન (અલગ) કરવામાં આવ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓએ ભારત પરત ફરવા માટે વિમાનની ટિકિટ બુક કરાવી હતી પરંતુ કોરોનાના જોખમને કારણે દરરોજ ફ્લાઈટ રદ થઈ રહી છે.

ઈટાલીમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૬૯૪ કેસ નોંધાયા છે. બેંગલુરુની એક વિદ્યાર્થીની અંકિતાએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, અમારામાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓએ ટિકિટ બુક કરાવી હતી પરંતુ ફ્લાઈટ દરરોજ રદ થઈ જાય છે. નવી ટિકિટ ઘણી મોંઘી છે. અહિંયા કરિયાણાની દુકાનમાં સ્ટોક સમાપ્ત થઈ રહ્યો છે. અમને ડર છે કે સ્થિતિ વધારે ખરાબ થઈ શકે છે, તેથી અમે ભારત સરકારને અપીલ કરીએ છીએ કે અમને અહિયાની બહાર કાઢવા માટે પગલા લેવામાં આવે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાવિયામાં ફસાયેલા ૮૫ ભારતીય વિદ્યાર્થીઓમાં ૨૫ તેલંગાણાના, ૨૦ કર્ણાટક, ૧૫ તમિલનાડુ, ૪ કેરળ, ૨ દિલ્હી અને રાજસ્થાન, ગુરુગ્રામ અને દેહરાદૂનના ૧-૧ વિદ્યાર્થીઓ સામેલ છે. જેમાંથી લગભગ ૬૫ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ છે.

દિલ્હીમાં અફવાના પગલે બાટલા હાઉસ વિસ્તારમાં નાસભાગઃ ૧નું મોત

ન્યુ દિલ્હી

પાટનગર નવી દિલ્હીના બાટલા હાઉસ વિસ્તારમાં રવિવારે સાંજે કોઈએ હિંસાની અફવા ફેલાવતાં નાસભાગ મચી ગઈ હતી. એક યુવાનનું મૃત્યુ થયું હતું. તરત આ વિસ્તારમાં પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસ પ્રવક્તાએ જણાવ્યા મુજબ બાટલા હાઉસ નજીકની એક મસ્જિદ પાસે હબીબુલ્લાહ શહાબ નામનો યુવાન બેહોશ થઈને ઢળી પડ્યો હતો. એને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો જ્યાં ડૉક્ટરોએ એને મૃત જાહેર કર્યો હતો.

હબીબુલ્લાહ નાસભાગમાં પડી જતાં મરણ પામ્યો કે બીજું કોઈ કારણ હતું એની તપાસ કરવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. મરનાર યુવાન બિહારના ભાગલપુર વિસ્તારનો હતો અને દિલ્હીમાં દરજી તરીકે કામ કરતો હતો.

પોલીસે અફવા તરફ ધ્યાન નહીં આપવાની અને શાંતિ જાળવવાની જાહેર અપીલ કરી હતી. અફવા ફેલાઈ ત્યારે નજીકના મેટ્રો સ્ટેશનને બંધ કરી દેવામાં આવ્યા હતા જે પાછળથી ખોલી નાખવામાં આવ્યા હતા.

દરમિયાન, પોલીસ દિલ્હીમાં યોગી મોડેલ લાગુ પાડવાનું વિચારી રહી હતી. આ મોડેલમાં જાહેર સંપત્તિને થયેલા નુકસાનનું વળતર તોફાનીઓ પાસેથી વસૂલ કરવાના પગલાનો સમાવેશ થાય છે. જો કે સ્થાનિક લોકો સતત એમ કહી રહ્યા છે કે ઈશાન દિલ્હીમાં થયેલી હિંસા બહારથી આવેલા ધંધાદારી ગુંડાઓએ આચરી હતી. એમાં અમે સહભાગી નહોતા. અમે તો હિંસાનો ભોગ બન્યા છીએ.

છેલ્લા ઘણા સમયથી સીએએ-એનઆરસી વિરોધી આંદોલન થઈ રહ્યા હતા

મુંબઈમાં એક સપ્તાહ માટે કલમ-૧૪૪ લાગુ, ધરણાં અને રેલી પર પ્રતિબંધ

મુંબઈ

મુંબઈ પોલીસે આજે સોમવાર સવારથી એક સપ્તાહ માટે સમગ્ર મુંબઈમાં ૧૪૪મી કલમ લાગુ પાડવાની જાહેરાત કરી હતી. કોઈ પણ પ્રકારની સભા-સરઘસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

મુંબઈ પોલીસના એક પ્રવક્તાએ જણાવ્યા મુજબ છેલ્લા થોડા દિવસથી મુંબઈમાં પણ સીએએ અને એનઆરપી વિરોધી આંદોલનો અને દેખાવો થઈ રહ્યા હતા. ગયા સપ્તાહે દિલ્હીમાં થયેલી હિંસા અને તોફાનો બાદ અમે અગમચેતી રૂપે આ પગલું ભર્યું હતું.

મુંબઈ દેશની આર્થિક રાજધાની છે. અહીં તોફાન કે હિંસા થાય એની અસર દેશના અર્થતંત્ર પર થઈ શકે છે એટલે મુંબઈ પોલીસે અગમચેતીના પગલા રૂપે આ જાહેરાત કરી હતી. સમર્થનવિહોણા અહેવાલ મુજબ કેન્દ્રીય ગુપ્તચર ખાતાએ મુંબઈ પોલીસને સાવધ રહેવા જણાવ્યું હતું કે દિલ્હીમાં બહારના કહેવાતા અસામાજિક તત્ત્વોએ ભાંગફોડ કરી એવાં અસામાજિક તત્ત્વો મુંબઈમાં પણ ભાંગફોડ અને હિંસા આચરી શકે છે. માટે સાવધ રહેવું.

ગુપ્તચર ખાતાના આ અણસાર પછી મુંબઈ પોલીસે તરત આ પગલું લીધું હતું. જો કે મહારાષ્ટ્રના ગૃહ ખાતાને આ પગલાની આગોતરી જાણ કરી દેવામાં આવી હતી.

ઓક્ટોબર પછીથી આ ૨૦મો હુમલો

અમેરિકી એમ્બેસીને ટાર્ગેટ કરી ઈરાકે બે રોકેટ છોડ્યાઃ કોઈ જાનહાનિ નહિ

બગદાદ

ઈરાકની રાજધાની બગદાદના ગ્રીન ઝોનમાં સોમવારે વહેલી સવારે એક પછી એક એમ બે રોકેટથી ફરીથી હુમલો કરવામાં આવ્યો છે. તેમાંથી એક રોકેટથી બગદાદ ખાતે આવેલ અમેરિકન એમ્બેસીને ટાર્ગેટ કરવામાં આવી. જો કે, આ હુમલામાં કોઈ જાનહાનિ નથી થઈ.

આપણે જણાવી દઈએ કે બગદાદમાં ખૂબ જ સુરક્ષિત વિસ્તાર તરીકે જાણીતા ગ્રીન ઝોનમાં કેટલાક દેશોની એમ્બેસી આવેલી છે. તેથી અહીં સુરક્ષા ચુસ્ત રાખવામાં આવે છે. જો કે, ઓક્ટોબર ૨૦૧૯ બાદ કેટલીક વખત આ વિસ્તારને ટાર્ગેટ કરી રોકેટથી હુમલો કરવામાં આવી ચૂક્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ ઓક્ટોબર પછીથી અમેરિકાના ઠેકાણાઓ પર કરવામાં આવેલો આ ૨૦મો હુમલો છે.

અમેરિકા દ્વારા ઈરાની જનરલની હત્યા બાદથી જ આ વિસ્તારમાં તણાવની સ્થિતિની ખબરો આવતી રહી છે. સૂત્રો મુજબ બદલો લેવાની કાર્યવાહી હેઠળ ઈરાન સમર્થિત સંગઠનો દ્વારા કેટલીક વખત અહીં અમેરિકી એમ્બેસી વિસ્તારને ટાર્ગેટ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ પ્રમાણે ઈરાકમાં કિરકુકમાં ૨૭ ડિસેમ્બરે સૈન્ય ઠેકાણાઓ પર કરવામાં આવેલા રોકેટ હુમલામાં અમેરિકન કોન્ટ્રાક્ટરનું મોત થયું હતું. જ્યારે હુમલામાં ઘણાં અમેરિકન અને ઈરાકના સૈનિકો પણ ઘાયલ થયા હતા.

આપને જણાવી દઈએ કે અમેરિકાએ ૩ જાન્યુઆરીએ બગદાદ એરપોર્ટ પર ડ્રોન હુમલો કરી ઈરાની સૈન્ય કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યા કરી હતી. આ હુમલા બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે.

૫૫ બેઠકો પર ૨૬ માર્ચે ચૂંટણી યોજાશે, ભાજપની સંખ્યા ૯૫ થશે

રાજ્યસભામાં ભાજપ બહુમતીથી દૂર રહેશેઃ ૧૨-૧૩ સીટો મળવાની સંભાવના

ન્યુ દિલ્હી

રાજ્યસભાની ૫૫ સીટો પર ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ ચૂકી છે. એપ્રિલમાં ખાલી થવા જઈ રહેલી સીટો પર ૬ માર્ચ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. રાજ્યસભાની ૫૫ સીટોમાંથી બીજેપીને ૧૨થી ૧૩ સીટો મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, બીજેપી માટે રાજ્યસભામાં બહુમતીના આંકડાઓ પાર કરવા મુશ્કેલ લાગી રહ્યાં છે.

૧૨થી ૧૩ સીટો સાથે રાજ્યસભામાં બીજેપીના સભ્યોની સંખ્યા વધીને ૯૪ અથવા ૯૫ થઈ જશે. તે છતાં બીજેપી બહુમતીના આંકડાઓને પાર કરી શકશે નહીં. કેમ કે, બહુમતી માટે ૧૧૯ સીટો હોવી જરૂરી છે.

આ વખતે રાજ્યસભાની ચૂંટણીમાં ડીએમકે અને એઆઈએડીએમકેને ત્રણ-ત્રણ સીટો મળવાની આશા છે. જ્યારે જેડીયૂ, બીજેડી અને આરજેડીને બે-બે સીટો મળવાની આશા છે. તે સાથે જ ટીએમસીને ૫ સીટ, વાયએસઆરસીપીને ચાર સીટ અને ટીઆરએસને એક સીટ મળવાની આશા છે.

છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશથી રાજ્યસભામાં બીજેપીની ૨૧ સીટો છે, જે ૨૦૨૨માં ઘટીને અડધી જ રહી જશે. તે ઉપરાંત આ ત્રણેય રાજ્યોમાં બીજેપી સત્તામાં નથી, તેથી અહીં વધારે સીટો મળવાની આશા નથી. મહારાષ્ટ્રમાં ૭, તમિલનાડૂમાં ૬, કર્ણાટકમાં ૪, આંધ્રપ્રદેશમાં ૪, બિહારમાં ૫, પશ્ચિમ બંગાળમાં ૫, ઝારખંડમાં ૨, મધ્યપ્રદેશમાં ૩, ગુજરાતમાં ૪, રાજસ્થાનમાં ૩, છત્તીસગઢમાં ૨, હિમાચલ પ્રદેશમાં ૧, તેલંગાનામાં ૨, હરિયાણામાં ૨, મેઘાલયમાં ૧, મણિપુરમાં ૧ અને ઓડિસામાં ૪ સીટ છે. ચૂંટણી આયોગે ૨૫ ફેબ્રુઆરીએ કાર્યક્રમની જાહેરાત કરી. ચૂંટણી આયોગ અનુસાર મતદાનની સૂચના ૬ માર્ચે રજૂ કરવામાં આવશે. ઉમેદવારી દાખલ કરવાની અંતિમ તારીખ ૧૩ માર્ચ છે. મતદાન ૨૬ માર્ચે સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા વચ્ચે થશે, જ્યાર પછી સાંજે ૫ વાગે મતગણતરી કરવામાં આવશે.

તપાસમાં દિલ્હી પોલીસનો સ્ફોટક ખુલાસો

તાહિર હુસૈન તોફાનો સમયે આપના મોટા નેતાઓ સાથે સંપર્કમાં હતો

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં આમ આદમી પાર્ટીના કાઉન્સિલર તાહિર હુસૈન સામે આઈબી કર્મચારી અંકિત શર્માની હત્યાનો ગુનો નોંધાઈ ચુક્યો છે. હવે આ મામલાની તપાસમાં દિલ્હી પોલીસે સ્ફોટક ખુલાસો કર્યો છે કે, તાહિર હુસેન તોફાનો સમયે ઘરમાં જ હતો. એટલુ જ નહી આમ આદમી પાર્ટીના મોટા નેતાઓ સાથે તે સતત સંપર્કમાં હતો. દિલ્હી પોલીસે તાહિર હુસેનની મોબાઈલ કોલ ડિટેલની ચકાસણી કરતા ઉપરોક્ત વિગતો સપાટી પર આવી છે. તોફાનો વખતે તેનો મોબાઈલ સતત ચાલુ હતુ. મોબાઈલ લોકેશન પરથી ખબર પડે છે કે, તે પોતાના ઘરમાં જ હતો. આમ પોલીસે તેને સુરક્ષિત બીજે ખસેડયો હોવાના આમ આદમી પાર્ટીના નેતાઓના દાવાની પોલ પણ ખુલી ગઈ છે. ફરાર તાહિરને પકડવા માટે પોલીસે ઉત્તરાખંડ સુધી તપાસનો દોર લંબાવ્યો છે.

ભારત ૨૮૦ કરોડના હથિયાર અર્મેનિયાને વેચશે

ભારતે રશિયા અને પોલેન્ડને પછાડી આર્મેનિયા સાથે રક્ષા સોદો કર્યો

ન્યુ દિલ્હી

ભારતે રશિયા અને પોલેન્ડને પછાડી આર્મેનિયા સાથે એક સૌથી મોટો રક્ષા સોદો પાર પાડ્યો છે. આ કરાર હેઠળ ભારતનું ડીઆરડીઓ દ્વારા વિકસિત કરાયેલા અને ભારત ઈલેક્ટ્રોનિક્સ દ્વારા નિર્માણ કરાયેલા ૪ કરોડ ડોલર એટલે ૨૯૦ કરોડના હથિયારો આર્મેનિયાને વેચશે.

મળતી વિગતો મુજબ સ્વાતિ વેપન લોકેટિંગ રડાર સિસ્ટમ પણ આ સોદામાં સામેલ કરાઈ છે. હથિયારોનું નિર્માણ ભારતમાં મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત કરાયું છે. આર્મેનિયાને રશિયા અને પોલેન્ડે પણ ઓફર કરી હતી. બંને દેશોએ ટ્રાયલનું પણ આયોજન કર્યું હતું. જોકે, આર્મેનિયાએ ભારત દ્વારા બનાવેલા હથિયારો પસંદ આવ્યા અને આખરે આ ડીલ ફાયનલ થઈ છે.

કરાર મુજબ ભારત ૪ સ્વાતિ વેપન લોકેટિંગ રડાર સિસ્ટમ આપશે જેમાં ૫૦ કિલોમીટર સુધી દુશ્મનના હથિયાર જેવા કે મોર્ટાર, શેર અને રોકેટની તુરંત જ જાણકારી મળશે. રડાર એ જુદીજુદી જગ્યાએ થી હુમલો થતા પહેલાં જ આ બાબતની સટિક જાણકારી આપશે. ભારતીય સેના જમ્મુ કાશ્મીરની સરહદ પર આ રડારનો ઉપયોગ કરી રહી છે.

સેનાએ વર્ષ ૨૦૧૮માં ટ્રાયલ માટે આ રડાર સિસ્ટમ લીધી હતી. અધિકારીઓએ કહ્યું છે કે આ હથિયારો ભારત માટે એક નવું બજાર ખોલશે. જે યુરોપ અને અન્ય શસ્ત્રોનો વેપાર કરતા દેશોની તુલનાએ ઘણા સસ્તા છે. રક્ષામંત્રાલયના જણાવ્યા અનુસાર હથિયારોના વેચાણ માટે ભારત દક્ષિણ પૂર્વ એશિયા, દક્ષિણ અમેરિકા અને મધ્ય પૂર્વના દેશો તરફ નજર દોડાવી રહી છે. મોદી સરકારનું વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં વાર્ષિક ૩૫ હજાર કરોડના હથિયારો વેચવાનું લક્ષ્યાંક છે.

અમિત શાહની કોલકાત્તા રેલમાં ગદ્દારો કો ગોલી મારોના સૂત્રોચ્ચાર કરનાર ૩ની ધરપકડ

કોલકાત્તા

ગૃહપ્રધાન અમિત શાહે નાગરિકતા સંશોધન કાયદોની લોકોની ગેરસમજ દૂર કરવા માટે કોલકાતામાં અનેક સભાઓ યોજી હતી. શાહે નિગમ ચૂંટણી માટે ભાજપના પ્રચાર અભિયાનનો પ્રારંભ કરતાં કેમ્પેન સોંગ પણ રિલીઝ કર્યું હતું. તેમણે શહેરમાં વિવિધ કાર્યક્રમો હાજરી આપી હતી. તેમની આ સભામાં ભાજપના કેટલાક કાર્યકર્તાઓએ નારા લગાવ્યા કે દેશ ગદ્દારો કો, ગોલી મારોપ જેથી પોલીસે કાર્યવાહી તરતાં ત્રણ કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમિત શાહે સીએએનું સમર્થન કર્યું હતું અને મુખ્ય પ્રધાન મમતા બેનરજી પર આ કાયદો રોકવા માટે રમખાણો ભડકાવવા અને ટ્રેનોને સળગાવવાનો આરોપ મૂક્યો હતો. આ નિવેદનના વિડિયો ફુટેજમાં લોકોને ભાજપના ઝંડા ફેલાવતા અને સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. આ સાથે આ વિડિયો વાઇરલ થતાં ભાજપના કાર્યકર્તાઓની સામે ન્યુ માર્કેટ પોલીસ સ્ટેશનમાં ભડકાઉ સૂત્રોચ્ચારની ફરિયાદ દાખલ કરવામાં આવી, જે પછી પોલીસે ત્રણ કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી.

દિલ્હી સરકાર અંકિત શર્માના પરિવારને એક કરોડ રૂપિયાની સમ્માન રકમ આપશે

સરકાર એક કરોડ રૂપિયા ઉપરાંત પરિવારના એક વ્યક્તિને સરકારી નોકરી પણ આપશે

ન્યુ દિલ્હી

દિલ્હીમાં થયેલા રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યૂરોના અધિકારી અંકિત શર્માનું મોત થયું હતું. હવે તેમના પરિવારને દિલ્હી સરકાર એક કરોડ રૂપિયાની સમ્માન રકમ આપશે. સોમવારના રોજ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે અંકિત શર્માના પરિવારને એક કરોડ રૂપિયાની સમ્માન રકમ આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત કેજરવાલે એમ પણ કહ્યું કે સરકાર શર્માના પરિવારના કોઈ પણ એક વ્યક્તિને સરકારી નોકરી પણ આપશે.

અંકિત શર્માના પરિવારને સમ્માન રકમ અને નોકરી આપવાની જાહેરાત કરતા કેજરીવાલે ટ્વીટર પર લખ્યું કે, 'અંકિત શર્મા ઈન્ટેલિજન્સ બ્યૂરોના બહાદુર અધિકારી હતા. દિલ્હીના રમખાણોમાં ઘાચકી રીતે તેમની હત્યા કરી દેવામાં આવી છે. દેશને તેમના પર ગર્વ છે. દિલ્હી સરકારે નક્કી કર્યું છે કે તેમના પરિવારને એક કરોડ રૂપિયાની સમ્માન રકમ અને તેમના પરિવારના કોઈ એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે.'

નોંધનીય છે કે, ચંદબાગના રહેવાસી અંકિત શર્મા ૨૬ ફેબ્રુઆરીના રોજ પોતાની નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે તે વિસ્તારમાં ભીષણ રમખાણો ચાલી રહ્યા હતા. ત્યારે ચંદબાગ પુલિયા પર કેટલાક લોકો તેમને ઘેરી વળ્યાહતા. તેમના પર પથ્થરમારો કરીને અને તેમને ઢોર માર માર માર્યો હતો. ત્યારબાદ તેમના પર ગોળી ચલાવીને તેમની હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા બાદ તેમના મૃતદેહને નાળામાં ફેંકી દીધો હતો.

દિલ્હી હિંસા માટે જેએનયુ વિદ્યાર્થી ઉમર ખાલિદ જવાબદાર..?, ભડકાઉ ભાષણનો વીડિયો વાઈરલ

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રવાસ દરમિયાન દિલ્હીમાં થયેલી હિંસામાં અત્યાર સુધી ૪૬ લોકોના મોત થઈ ગયા છે. આ હિંસા માટે ભાજપ નેતા કપિલ મિશ્રા અને ભીમ આર્મીના ચંદ્રશેખર આઝાદને જવાબદાર માનવામાં આવ્યા હતા. જોકે, હવે તેમા વધુ એક નામ સામેલ થયુ છે. દેશદ્રોહના આરોપી અને જેએનયુના વિદ્યાર્થી ઉમર ખાલિદનો એક વીડિયો વાઈરલ થયો છે જેમાં તેણે ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન લોકોને હિંસા માટે ભડકાવ્યા હતા.

વિવાદમાં રહેતો જેએનયુનો વિદ્યાર્થી ઉમર ખાલિદ પર ફરી એકવાર ભડકાઉ ભાષણનો આરોપ છે. મહારાષ્ટ્રના યવતમાળમાં આપેલા ભાષણની વીડિયો ક્લિપ સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ભાષણ ટ્રમ્પના ભારત પ્રવાસથી ૭ દિવસ પહેલા ૧૭ ફેબ્રુઆરીનો છે. ટ્રમ્પના દિલ્હી પહોંચતા જ ઉત્તર-પૂર્વ દિલ્હીમાં હિંસા ભડકી હતી. વીડિયો વાઈરલ થયા બાદ હવે ઉમર ખાલીદ સામે પોલીસ કાર્યવાહી થઈ શકે છે.

વાઈરલ થયેલા વીડિયોમાં ઉમર ખાલિદે કહ્યું કે, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ભારતમાં હોય ત્યારે અમે બધાએ રોડ પર ઉતરી આવવું જોઈએ. ૨૪ તારીખે ટ્રમ્પ આવશે તો તેમને બતાવીશું કે દેશની સરકાર દેશના ભાગલા પાડવાની કોશિશ કરી રહી છે અને મહાત્મા ગાંધીના વિચારોના ધજાગરા ઉડાવી રહી છે.

ઉમર ખાલિદના વીડિયો પર દિલ્હી ભાજપના પ્રવક્તા તજિન્દર પાલ સિંહ બગ્ગાએ ટ્વીટ કર્યું કે, ' જેહાદીઓ દ્વારા આ ખડયંત્ર પૂર્વ આયોજિત હતું. જે દિવસ ટ્રમ્પ ભારત આવે તે દરમિયાન ગ્રુપ બનાવી લોકો રોડ પર ઉતરશે અને દેશને બદનામ કરવાની કોશિશ કરશે. ૧૭ ફેબ્રુઆરીનો ઉમર ખાલિદનો આ વીડિયો હિંસાનો પૂરાવો છે.

આક્રમક તુર્કીએ સીરિયાનાં ૨ લડાકુ વિમાન તોડી પાડ્યાઃ ૧૯ સૈનિકોનાં મોત

અંકારા

સીરિયાઈ શાસન વિરૂદ્ધ આક્રમક હુમલામાં તુર્કીએ રવિવારનાં રોજ બે સીરિયાઈ લડાકુ વિમાનોને તોડી પાડ્યાં. જેમાં ૧૯ સીરિયન સૈનિકો માર્યા ગયાનાં સમાચાર સામે આવ્યાં છે. આ પહેલા પણ શનિવારનાં રોજ તુર્કી સુરક્ષાદળો દ્વારા કરવામાં આવેલ હુમલામાં ૨૬ સૈનિકોનાં મોત થયા હતાં. છેલ્લાં ૩ દિવસોમાં સીરિયાનાં સૈનિકો પર કરવામાં આવેલ હુમલામાં અંદાજે ૮૦ સૈનિકોનાં મોત થઈ ચૂક્યાં છે જ્યારે અનેક ગંભીર રૂપથી ઘાયલ છે.

ઉત્તર-પશ્ચિમી સીરિયાનાં ઈદબિલ પ્રાંતમાં અનેક સપ્તાહની હિંસા બાદ ગયા સપ્તાહે સીરિયાઈ હવાઈ હુમલામાં ૩ઝન તુર્કી સૈનિકો માર્યા ગયા બાદ તુર્કીએ રશિયા સમર્થિત સીરિયાઈ સેના વિરૂદ્ધ એક પૂર્ણ સૈન્ય અભિયાન ચલાવવાની પુષ્ટિ કરી. આ ઘટનાથી રશિયા અને તુર્કીની વચ્ચે તણાવ વધી ગયો છે પરંતુ તુર્કીએ જોર આપતા જણાવ્યું કે, તેઓ રશિયા સાથે સંઘર્ષ નથી ઈચ્છતા. તુર્કીનાં રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, 'એક વિમાન-રોધી પ્રણાલીએ આપણાં એક સશસ્ત્ર ડ્રોનને તોડી પાડ્યું અને બે અન્ય વિમાન-રોધી પ્રણાલીને નષ્ટ કરી દેવામાં આવ્યું અને અમારા વિમાન પર હુમલો કરનારા સીરિયાનાં બે એસયૂ-૨૪ વિમાનોને નષ્ટ કરી દેવામાં આવ્યાં.' સીરિયાનાં સરકારી મીડિયાએ કહ્યું કે, તુર્કી સુરક્ષાદળોએ ઈદલિબમાં તેનાં બે વિમાનોને ટાર્ગેટ કર્યા.

નાટો પ્રમુખ જેન સ્ટોલ્ટેનબર્ગે આ પહેલા પણ અસદ સરકાર અને રશિયા દ્વારા અંધાધુંધ કરવામાં આવેલા હુમલાઓની નિંદા કરી હતી. એક વિદ્રોહી સમૂહ અને બ્રિટેન સ્થિત યુદ્ધ દેખરેખ હેઠળની સંસ્થા 'સીરિયન ઑબ્ઝર્વેટરી ફૉર હ્યૂમન રાઈટ્સ' બંનેએ કહ્યું કે, વિમાનોને ઠાર કરી દેવામાં આવ્યાં છે.

ફૂડ ઓઈલમાં તેજી છતાં સતત ત્રીજા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટ્યો

ન્યુ દિલ્હી

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સોમવારે સતત ત્રીજા દિવસે ઘટાડાનો સિલસિલો યથાવત રહ્યો. પેટ્રોલના ભાવમાં જ્યાં ૨૨-૨૩ પૈસા પ્રતિ લીટરનો ઘટાડો નોંધાયો છે ત્યાં ડીઝલ ફરીથી ૨૦-૨૧ પૈસા પ્રતિ લીટર સસ્તુ થયું છે. આ ત્રણ દિવસોમાં ઉપભોક્તાઓને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે ૫૦ પૈસા પ્રતિ લીટરની રાહત મળી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તાજેતરમાં જ ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ભારે ઘટાડાના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો નોંધાયો છે. જો કે ક્રૂડ ઓઈલમાં ફરીથી તેજી જોવા મળી રહી છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સોમવારે પેટ્રોલના ભાવમાં દિલ્હી, કલકત્તા અને મુંબઈમાં ૨૨ પૈસા જ્યારે ચેન્નઈમાં ૨૩ પૈસા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો. સાથે જ ડીઝલના ભાવ દિલ્હી અને કલકત્તામાં ૨૦ પૈસા જ્યારે મુંબઈ અને ચેન્નઈમાં ૨૧ પૈસા પ્રતિ લીટર ઘટ્યા છે. દિલ્હી, કલકત્તા મુંબઈ અને ચેન્નઈમાં પેટ્રોલના ભાવ ઘટીને અનુક્રમે ૭૧.૪૯ રૂપિયા, ૭૪.૧૬ રૂપિયા,૭૭.૧૮ રૂપિયા અને ૭૪.૨૮ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. ચારેય મહાનગરોમાં ડીઝલના ભાવ પણ ઘટીને અનુક્રમે ૬૪.૧૦ રૂપિયા, ૬૬.૪૩ રૂપિયા, ૬૭.૧૩ રૂપિયા અને ૬૭.૬૫ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે.

કેરળની સરકારી કોલેજોમાં 'ભારત અમારો દેશ નથી'ના પોસ્ટર્સ લાગ્યા

તિરુવનંતપુરમ્

દિલ્હીમાં સાંપ્રદાયિક હિંસાની અસર હવે દક્ષિણના રાજ્ય કેરળમાં જોવા મળી છે. કેરળની પાલમક્કડમા આવેલી માલમપુઝાની ગર્વમેન્ટ બ્રેનન કોલેજ અને થાલારૂસેરીની ગર્વન્મેન્ટ આઈટીઆઈ કોલેજની દિવાલો પર લગાવેલા પોસ્ટર્સના વિવાદિત લખાણના કારણે હોબાળો થયો છે. જેના પર વામપંથી વિદ્યાર્થી સંગઠન સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા(એસએફઆઈ)નુ નામ લખેલુ હતુ. પોસ્ટરમા મલયાલમ ભાષામા લખ્યુ હતુ કે, આ ભારત અમારો દેશ નથી. આ ભયાનક લોકો અમારા ભાઈ-બહેન નથી. હુ આવા દેશને પ્રેમ નથી કરતો. મને આના પર ગર્વ નથી. ભારતની વર્તમાન પરિસ્થિતિમા આ આતંકવાદીઓ સાથે રહેવામા મને શરમ આવે છે.

જાન્યુઆરીમાં આઠ માસના સૌથી ઉંચા સ્તરે નોંધાયો હતો

ફેબ્રુઆરી માસમાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ગ્રોથ ઘટીને ૫૪.૫ના સ્તરે

ન્યુ દિલ્હી

ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની કામગીરીની વૃદ્ધિ ફેબ્રુઆરી મહિનામાં એકંદરે સુસ્ત રહી છે. અલબત કુલ મળીને પરિસ્થિતિ સંતોષકારક છે. માંગ અને ઉત્પાદનમાં સુસ્તીના લીધે ફેબ્રુઆરી મહિનામાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો પર્ચેજિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ગ્રોથ ઘટીને ૫૪.૫ના સ્તરે આવી છે. જે જાન્યુઆરી ૨૦૨૦માં આઠ મહિનાના સૌથી ઉંચા ૫.૫૩ના સ્તરે નોંધાયો હતો.

પીએમઆઈના સંદર્ભમાં ૫૦ની ઉપરનો આંક સકારાત્મક વૃદ્ધિદર દર્શાવે છે જ્યારે તેનાથી નીચા આંકનો મતલબ સંકોચન છે. આઈએચએસ માર્કિટના મુખ્ય અર્થશાસ્ત્રી પોલિયાના ડી લીમાએ કહ્યું કે, સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં મજબૂત ઓર્ડરને કારણે ફેબ્રુઆરીમાં ભારતના ઔદ્યોગિક ક્ષેત્રને લાભ મળ્યો છે. માંગ વધવાથી કંપનીઓએ ઉત્પાદન પણ વધાર્યું છે.

તાજેતરના સર્વેના ફેબ્રુઆરીમાં નવા ઓર્ડર સંબંધિત સબ-ઈન્ડેક્સ ૫૭.૫ના સ્તરે આવ્યો છે જે માર્ચ ૨૦૦૫માં પીએમઆઈ ઈન્ડેક્સની શરૂઆત પછીનો અત્યાર સુધીના લાંબા ગાળાના સરેરાશ કરતા ઉંચો રહ્યો છે. તેમાં કંપનીઓના ઉંચા ઉત્પાદનથી મદદ મળી છે. ડી લીમાએ કહ્યું કે, કોરોના વાયરસના સંક્રમણને લીધે નિકાસ અને સપ્લાય ચેઈનને લઈને આશંકાઓ ઉદભવી હતી અને ભારતમાં માલ-સામાનનું મેન્યુફેક્ચરિંગ કરતા ઉત્પાદકો પણ ચિંતા થયા હતા. બિઝનેસ સમૂહો આગામી સમયના પરિદ્રશ્યને લઈ ઓછા આશાવાદી દેખાઈ રહ્યા છે અને આથી નવા કર્મચારીઓની ભરતી અટકી ગઈ છે.

નવાઝ શરીફ અને તેના ભાઈને લંડનથી પાછા લાવા પાકિસ્તાન સરકાર બ્રિટિશ સરકારને પત્ર લખશે

ઈસ્લામાબાદ

ઈમરાન ખાનની સરકારે પાકિસ્તાન મુસ્લિમ લિગ-નવાઝના નેતા નવાઝ શરીફ અને તેમના ભાઈ શહબાજ શરીફને પાછા પાકિસ્તાન મોકલી દેવા માટે બ્રિટિશ સરકારને પત્ર લખવાનો નિર્ણય લીધો છે. અત્રે જણાવવાનું કે ભ્રષ્ટાચારના કેસોમાં સજા કાપી રહેલા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને જામીન આપીને સારવાર માટે વિદેશ જવાની મંજૂરી અપાઈ હતી. નવાઝ શરીફ સારવાર માટે બ્રિટન ગયા. તેમના ભાઈ શહબાજ શરીફ પણ તેમની સાથે છે. હવે નવાઝ શરીફના જામીનનો સમયગાળો પૂરો થયો છે.

વડાપ્રધાનના સૂચના અને પ્રસારણ મામલાના સલાહકાર ફિરદૌસ આશિક અવાને એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે લંડનમાં સારવાર કરાવી રહેલા નવાઝ શરીફે પોતાની સારવાર સંબંધિત કોઈ પણ રિપોર્ટ પંજાબ સરકારને સોંપ્યો નથી. હવે નવા અને તેમની સાથે ગયેલા શહબાજને પાછા પાકિસ્તાન બોલાવવાનો સમય આવી ગયો છે.

તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકાર શરીફ ભાઈઓને પાછા પાકિસ્તાન મોકલવા માટે બ્રિટિશ સરકારને પત્ર લખશે. આ દરમિયાન અવાને ઈમરાન સરકારની નીતિઓ અને કામકાજના વખાણ કર્યા. તેમણે કહ્યું કે સરકારની નીતિઓના કારણે મોંઘવારીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવનારા દિવસોમાં રોજબરોજના ઉપયોગી સામાનનો ભાવ ઘટશે.

તારીખ પે તારીખ
પહેલા પાનાથી ચાલુ

હતા. આ લખાય છે ત્યાં સુધી કાલે ત્રીજીએ ચારેયને ફાંસી અપાશે કે કેમ તેના પર રહસ્ય સર્જાયેલુ રહ્યું હતું. જો કે સાંજે નીચલી કોર્ટે આદેશ આપ્યો હતો કે બીજો હુકમ ના થાય ત્યાં સુધી આ કેસના દોષિતોને ફાંસી અપાશે નહીં. આમ એક રીતે જોતા પવનને કાયદાકીય જોગવાઈ પ્રમાણે ૧૪ દિવસનો લાભ મળતાં ચારેયની ફાંસી રોકી દેવામાં આવી હતી. હવે નીચલી કોર્ટે ચોથુ ડેથ વોરંટ બહાર પાડવુ પડશે કે કેમ તે પણ જોવુ રહ્યું.

ચાર દોષિતોમાંથી, એક પવન ગુપ્તા છે જેની પાસે દયા અરજીનો વિકલ્પ હતો. જાણવા મળ્યું છે કે તેમણે આજે સોમવારે રાષ્ટ્રપતિને તેમની દયા અરજી મોકલી અને રાષ્ટ્રપતિ દ્વારા પવનની દયા અરજી નામંજૂર કરવાના અહેવાલ આવ્યાં હતા. જો કે નિયમ મુજબ, દયાની અરજી નામંજૂર થયા પછી પણ, મૃત્યુદંડની સજા મેળવનાર દોષીને ૧૪ દિવસનો લાભ મળે છે. એટલે કે તેની સજા ત્યાં સુધી રોકી લેવામાં આવે છે. તેથી તેનો લાભ અપાયો તેનું પાલન કરાયું હોવાથી ચારેયને કાલે ત્રીજીએ ફાંસી આપી શકાશે નહીં એમ પણ કાયદાના નિષ્ણાતોનું માનવુ હતું.

પટિયાલા હાઉસ કોર્ટે, તમામ નિયમોને જાણીને અને સમજીને પવનની દયા અરજી રાષ્ટ્રપતિ પાસે બાકી છે, તેમ છતાં, ફાંસીના અમલને રોકવાની બપોરે ના પાડી હતી. દરમ્યાન, નિર્ભયાની માતાએ કહ્યું કે, દુનિયા જોઈ રહી છે કે, તેમની દિકરીના દોષિતોના વકીલો કેવી રીતે કોર્ટને ગેરમાર્ગે દોરીને ફાંસીની સજા ટાળી રહ્યા છે. તેઓ ગમે તેટલો બચાવ કરે તો પણ નરાધમો ફાંસીથી બચી શશકે તેમ નથી. તેમના ગુનાની સજા તેમને મળશે જ.

દિવસની ઘટનાક્રમને જોઈએ તો દોષિત પવનના વકીલ એપી સિંહ ફરી એક વાર પટિયાલા હાઉસ કોર્ટ પહોંચી ગયા હતા. અને તેમનું કહેવું હતું કે, ડેથ વોરન્ટ પર સ્ટે લગાવવો જોઈએ કારણે પવને રાષ્ટ્રપતિ સામે દયાની અરજી કરી છે. આ મામલે આજે બપોરે ૨ વાગે સુનાવણી થવાની છે. જોકે નિર્ભયાની માતાનો દાવો છે કે, કાલે જ દોષિતોને ફાંસી આપવામાં આવશે.

સુપ્રીમ કોર્ટ આજે સોમવારે નિર્ભયાના ચાર દોષિતોમાં સામેલ પવન ગુપ્તાની ક્યુરેટિવી પિટીશન ફગાવી દીધી છે. પવને ફાંસીને આજીવન કેદમાં બદલવાની માંગણી કરી હતી. તેના વકીલ એપી સિંહે ઓપન કોર્ટમાં સુનાવણીની માંગણી કરી હતી. જસ્ટિસ એનવી રમનાની અધ્યક્ષતાવાળી પ જજની બેન્ચે કહ્યું કે, સજા પર પુનઃવિચાર વિશે કોઈ સવાલ જ ઉભો થતો નથી.

પટિયાલા હાઉસ કોર્ટે ત્રીજુ ડેથ વોરન્ટ જાહેર કરીને ચારેયને ફાંસી આપવા માટે ૩ માર્ચની તારીખ નક્કી કરી હતી. રવિવારે તેના વકીલ એપી સિંહે કહ્યું હતું કે, આ કેસ મોતની સજા સાથે જોડાયેલો છે, તેથી તેની પિટીશન વિશે ઓપન કોર્ટમાં સુનાવણી થવી જોઈએ.

આ પહેલાં શનિવારે દોષી અક્ષય સિંહે પટિયાલા હાઉસ કોર્ટમાં અપીલ કરીને ૩ માર્ચે થનારી ફાંસી પર સ્ટે આપવાની માંગણી કરી હતી. તે વિશે કોર્ટે તિહાર જેલ પ્રશાસનને નોટિસ આપીને ૨ માર્ચ સુધી જવાબ આપવા કહ્યું હતું. અક્ષયે અરજીમાં કહ્યું હતું કે, તેણે નવી દયા અરજી રાષ્ટ્રપતિને મોકલી છે અને તે વિશે હજી કોઈ નિર્ણય આવ્યો નથી. તેના વકીલના જણાવ્યા પ્રમાણે ગઈ દયા અરજીમાં પૂરતા તથ્યો નહતા, તેથી તે ફગાવવામાં આવી હતી.

નિર્ભયાની માતા આશાદેવીએ આજની સુનાવણી પહેલાં કહ્યું છે કે, હું કોર્ટની નિષ્ક્રિયતાના કારણે દુખી છું. સમગ્ર દુનિયા જોઈ રહી છે કે, વકીલો કેવી રીતે કોર્ટમાં ફાંસી પર અમલ નથી થવા દેતા. આરોપીઓએ ફાંસીના બે દિવસ પહેલાં જ અરજી કરી છે. હું જાણવા માંગુ છું કે, સુપ્રીમ કોર્ટ આટલો સમય કેમ લઈ રહી છે. જ્યારે નિર્ણય થઈ ગયો છે તો અમલમાં સમય ન થવો જોઈએ.

દિલ્હી હિંસા
પહેલા પાનાથી ચાલુ

ભાજપના સાંસદો વચ્ચે ધક્કામુક્કી જોવા મળી હતી. આ ધક્કામૂક્કી ત્યારે થઈ, જ્યારે કોંગ્રેસના સાંસદો ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાના બેનર સાથે ટ્રેજરી બેંચ સુધી જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

આ સમયે ભાજપના સાંસદ રમેશ બિધૂડી અને કેટલાક ભાજપ સાંસદોએ તેમને રોકવાનો પ્રયત્ન કર્યો હતો.

વિપક્ષની નારેબાજીથી વ્યથિત સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, જેમના કાર્યકાળમાં ૧૯૮૪ જેવી ઘટનાઓ થઈ. સેંકડો શીખોની કત્લેઆમ કરવામાં આવી, તેજ લોકો અહીં હોબાળો કરી રહ્યા છે. હું તેમની આકરી ટીકા કરું છું.

લોકસભામાં હોબાળા વચ્ચે નાણામંત્રી નિર્મલા સીતારમણે અનેક બિલ રજૂ કર્યા. જેમાં એક વિવાદથી વિશ્વાસ બિલ પણ છે. નાણાંમંત્રી જ્યારે બિલ રજૂ કરી રહ્યા હતા, ત્યારે વિપક્ષ તરફથી હોબાળો કરવામાં આવી રહ્યો હતો.

આમ આદમી પાર્ટીએ દિલ્લી રમખાણોના વિરોધમાં સંસદ ભવનમાં ગાંધીજીની મૂર્તિ સામે વિરોધ કર્યો. આ પહેલા પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે દિલ્લી રમખાણો માટે સંસદમાં નિય ૨૬૭ હેઠળ સ્થગન પ્રસ્તાવની નોટિસ આપી.

દિલ્લી રમખાણો માટે ટીએમસીના સાંસદોએ આંખો પર પટ્ટી બાંધીને પ્રદર્શન કર્યું. સાંસદ કાળી પટ્ટી બાંધીને વિરોધ કરી રહ્યા છે. સીપીએમ, સીપીઆઈ, ડીએમકે અને એનસીપીએ દિલ્લી રમખાણો પર લોકસસભાં સ્થગન પ્રસ્તાવની નોટિસ આપી હતી.

હવે વિમાનમાં
પહેલા પાનાથી ચાલુ

અથવા એરોપ્લેન મોડ પર હોય તો પાયલટ વિમાનમાં સવાર મુસાફરોને વાઈફાઈના માધ્યમથી ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની છૂટી આપી શકે છે. અત્યાર સુધી આ પ્રકારની સુવિધા આપવામાં આવતી હતી. વર્તમાન વ્યવસ્થા પ્રમાણે વિમાનમાં બેસતાની સાથે જ ફોન કે લેપટોપ પર ઈન્ટરનેટનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ હતો.

આ પહેલા શુક્રવારે વિસ્તારાના સીઈઓ લેસ્લી થંગે એવરેટમાં પ્રથમ બોઈંગ ૭૮૭-૯ની ડિલીવરી લેવાના પ્રસંગે પત્રકારોને કહ્યું હતું કે આ ભારતમાં ઉડાણ દરમિયાન વાઈફાઈ ઉપલબ્ધ કરાવનાર પ્રથમ વિમાન હશે.

નેતાઓના ભડકાઉ
પહેલા પાનાથી ચાલુ

સુનાવણીની જરુર છે.

રોજ લોકો મોતને ભેટી રહ્યા છે. સત્તાધારી પાર્ટીના લોકોએ હિંસા ભડકાવનારા નિવેદનો આપ્યા છે.

અરજીકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં માંગ કરવામાં આવી છે કે, કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર, પરવેશ વર્મા અને અન્ય તમામ વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર નોંધવામાં આવે જે હેટ સ્પીચ, તોફાનોમાં લિપ્ત હતા. તોફાનોની તપાસ કરવા માટે દિલ્હીની બહારના અધિકારીઓની એસઆઈટી ટીમનું ગઠન કરવામાં આવે. કાયદો-વ્યવસ્થા બનાવી રાખવા માટે સેનાને તેનાત કરવામાં આવે. પોલીસની ભૂમિકાની તપાસ કરવા માટે રિટાયર જસ્ટિસની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવામાં આવે.

જમ્મુમાં
પહેલા પાનાથી ચાલુ

લોકોએ જમ્મુ મહાનગરપાલિકાને વિનંતી કરી છે કે તમે નામો બદલવાને બદલે શહેરના વિકાસ અને સ્વચ્છતા પર ધ્યાન વધારે કેન્દ્રિત કરો.

ભાજપનાં સિનિયર નેતા જમ્મુના નાયબ મેયર પુર્ણિમા શર્માએ નામકરણનો પ્રસ્તાવ ચાર મહિના પહેલાં રજૂ કર્યો હતો. એમણે કહ્યું હતું કે સિટી ચૌકનું નામ બદલીને 'ભારત માતા ચૌક' કરવાની સ્થાનિક લોકોની જ માગણી છે.

આ ચૌક ભૂતકાળમાં અનેક મોટા નિર્ણયોનો સાક્ષી રહ્યો છે અને ઘણા વિરોધ-દેખાવો પણ થયા છે. દર વર્ષે દેશના પ્રજાસત્તાક દિન તથા સ્વાતંત્ર્ય દિને આ ચોક ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. એવી જ રીતે, જમ્મુના 'સર્ક્યૂલર રોડ ચૌક'નું નામ પણ બદલી નાખવામાં આવ્યું છે. આને ભૂતપૂર્વ વડા પ્રધાન અટલબિહારી વાજપેયીની સ્મૃતિમાં 'અટલજી ચૌક' નામ આપવામાં આવ્યું છે.

દરરોજ ૨૦ નાગરિકો અકુદરતી રીતે મૃત્યુ પામ્યા

ગુનાહિત ગુજરાતઃ મહિલાઓ અસુરક્ષિત,રોજના ચાર બળાત્કાર

ગાંધીનગર

વિધાનસભામાં યોજાઈ રહેલા બજેટ સત્રમાં રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. એક બાજુ સરકાર દ્વારા મહિલા સલામતીના દાવા કરવામાં આવે છે ત્યારે વિધાનસભામાં સરકારે પ્રસ્તુત કરેલા આંકડાઓ મુજબ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રોજના ૩-૪ બળાત્કાર થયા છે. આ આંકડાઓમાં રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં નોંધાયેલા ખૂન, લૂંટ, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરીના આંકડાઓનો સમાવેશ થાય છે.



છેલ્લા બે વર્ષમાં લૂંટના ૨૪૫૧ બનાવો

આ આંકડાઓ મુજબ છેલ્લા બે વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક છે. રાજ્યમાં બે વર્ષમાં ખૂનની ૨૦૩૪ ઘટનાઓ ઘટી છે જ્યારે ધાડના ૫૫૯ બનાવો બન્યા છે, રાજ્યમાં ચોરીના ૨૫૭૨૩ કેસ નોંધાયા છે, જ્યારે ૨૭૨૦ બળાત્કારો થયા છે, આ ઉપરાંત અપહરણના ૫૮૯૭, આત્મહત્યાના ૧૪૭૦૨, ઘરફોડ ચોરીના ૭૬૧૧ બનાવો બન્યા છે. બે વર્ષમાં ૨૦૩૪ ખૂન થયા રોજના ૩-૪ બનાવો બન્યા.

રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ચિત્તાર આ આંકડાઓ પરથી મળી શકે છે. આ આંકડાઓ મુજબ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૨૦૩૪ ખૂન થયા છે. જેમાં રોજના ૩-૪ ખૂનના બનાવો બન્યા છે. ઉત્તર પ્રદેશ અને બિહારના ગુનાઓને દેશમાં ખૂબ વગોવામાં આવે છે ત્યારે ગુજરાતની આ સ્થિતિ પણ ગંભીર હોવાનો સંકેત છે.

ખૂનની કોશિષના ગુનાઓમાં પણ અમદાવાદ-સુરત મોખરે

રાજ્યના સૌથી શહેરો ધરાવતા અમદાવાદ અને સુરતમાં ખૂન સાથે ખૂનની કોશિષના ગુનાઓ પણ સૌથી વધુ નોંધાયા છે. અમદાવાદમાં બે વર્ષમાં ૩૬૮ ખૂનની કોશિષના ગુનાઓ નોંધાયા છે. જ્યારે સુરત શહેરમાં ૨૮૨ ગુનાઓ નોંધાયા છે.

રાજ્યમાં રાયોટિંગના રોજ ૪-૫ બનાવો બન્યા

દરમિયાન આ આંકડાઓમાં તોફાનોને લગતા રાયોટિંગના ગુનાઓનો સમાવેશ પણ થાય છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ખૂનના રોજ ૨-૩ બનાવો બન્યા છે. જ્યારે રાયોટિંગના રોજ ૪-૫ બનાવો સામે આવ્યા છે.

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં આત્મહત્યાના ૧૪,૭૦૨ બનાવો બન્યા

ગંભીર ગુનાઓની સામે રાજ્યમાં અકુદરતી મૃત્યના પણ ખૂબ બનાવો બન્યા છે. છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૧૪,૭૦૨ બનાવો બન્યા છે. રાજ્યમાં આ આંકડાઓ મુજબ એવરેજ રોજ ૨૦ નાગરિકો અકુદરતી રીતે મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત બે વખ્ખમાં આકસ્મિક મૃત્યુના ૨૯,૨૯૮ બનાવો બન્યા છે.

ગ્યાસુદ્દીન શેખે ગાયમાતાને રાષ્ટ્રપ્રાણી જાહેર કરવા માગ કરી

રાજ્યમાં ગૌમાંસ પર પ્રતિબંધ છતાં બે વર્ષમાં ૧ લાખ ૪૯૦ કિલો ગૌમાંસ ઝડપાયું

ગાંધીનગર

ગુજરાતમાં ગૌમાંસ પર પ્રતિબંધ હોવાછતાં દરરોજ હજારો કિલો ગૌમાંસ ઝડપાય છે. વિધાનસભા ગૃહમાં કોંગ્રેસે પૂછેલા પ્રશ્નના જવાબમાં રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૧ લાખ ૪૯૦ કિલો ગૌમાંસ ઝડપાયું હોવાનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે. જ્યારે ૩,૪૬૨ ગૌવંશ(ગાય, બળદ, આખલા, વાછરડા) ઝડપાયા છે. તેમાં પણ સુરતમાં સૌથી વધુ ૫૫ હજાર ૧૬૨ કિલો ગૌમાંસ ઝડપાયું છે, જ્યારે પંચમહાલમાંથી ૬૭૪ ગૌવંશ ઝડપાયા છે. જ્યારે સુરત બાદ ૧૮૩૪૫ કિલો સાથે અમદાવાદ બીજા નંબર પર, ૫૯૩૪ કિલો સાથે દાહોદ ત્રીજા નંબર પર, ૨૬૩૪ કિલો સાથે રાજકોટ ચોથા નંબર પર અને ૨૧૬૬ કિલો સાથે ભરૂચ પાંચમાં નંબર પર છે.

આ ઉપરાંત છોટાઉદેપુર, જામનગર, તાપી, દેવ ભૂમિદ્વારકા, નર્મદા, પાટણ, પોરબંદર, બનાસકાંઠા, બોટાદ અને મોરબી જિલ્લામાંથી એકપણ કિલો ગૌમાંસ ઝડપાયું નથી. તેમાં પણ પોરબંદર જિલ્લામાં ગૌમાંસ કે ગૌવંશ બન્નેમાંથી કંઈ ઝડપાયું નથી.

અનુસૂચિત જાતિ માટે અપમાનજક શબ્દો વાપરતા કોલેજના પ્રિન્સિપાલ સામે ગુનો નોંધાયો

અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલી એલ. વી. ઉપાધ્યાય કોલેજના પ્રિન્સી સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે. સોશિયલ મીડિયામાં અનુસૂચિત જાતિ માટેના પ્રતિબંધિત શબ્દોનો ઉલ્લેખ કરતો વીડિયો વાઇરલ થયો હતો. જેને લઈ સમગ્ર એસસી અને એસટી સમાજમાં રોષની લાગણી ફેલાતા વટવાના જયમીન સોનારાએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને આ મામલે તેઓ આવેદનપત્ર પણ આપશે તેમ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયામાં અનુસૂચિત જાતિ માટેના પ્રતિબંધિત શબ્દોનો ઉલ્લેખ કરતો વીડિયો વાઇરલ થયો હતો. એક વિદ્યાર્થી સાબરમતીની એલ વી ઉપાધ્યાય કોલેજના પ્રિન્સિપાલને રજૂઆત કરતો હતો. દરમિયાનમાં વિદ્યાર્થીએ હું રાજપૂત છું કહેતા પ્રિન્સિપાલએ હું કઈ.....નથી કહી અનુસૂચિત જાતિના પ્રતિબંધિત શબ્દો બોલ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો અને અનુસૂચિત જાતિમાં ભારે રોષ ફેલાયો હતો. જાતિવાચક શબ્દો બોલી જાતિનું અપમાન કરવામાં આવતા વટવાના રહેવાસી જયમીન સોનારાએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં પ્રિન્સિપાલ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ આપતા સાબરમતી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

રાજ્યમાં દારૂબંધીનાં લીરેલીરાં ઉડ્યા..!! બે વર્ષમાં ૯૦૮૪ ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ચોપડે હોય તેવો ઘાટ સર્જાયો છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષે સરકારને રાજ્યમાં દારૂના બુટલેગરો અને અડ્ડાઓની ફરિયાદ વિશે માહિતી માંગી હતી. વિપક્ષના આ સવાલના જવાબમાં સરકારે રજૂ કરેલા આંકડાઓ ચોંકાવનારા છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમા મામલે કુલ ૯૦૮૧ ફરિયાદો મળી છે. જેમાં રાજ્યનું આર્થિક મહાનગર અમદાવાદ અને સુરત ટોંચમાં છે.

છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં દારૂના બુટલેગરો અને અડ્ડાઓની સૌથી વધુ ફરિયાદો અમદાવાદ જિલ્લામાંથી મળી છે. અમદાવાદ જિલ્લામાં બે વર્ષમાં ૪૯૮૪ ફરિયાદો મળી છે જ્યારે સુરત જિલ્લામાં ૧૯૮૦ ફરિયાદો મળી છે.

સરકાર એક બાજુ દારૂબંધીની વાતો કરે છે જ્યારે બીજી બાજુ છેલ્લા ૪૮ કલાકમાં જ રાજ્યમાં કચ્છ અને સુરતમાંથી દારૂની મોટી પાર્ટીઓ સામે આવી છે. આ સ્થિતિમાં સરકારે રજૂ કરેલા આંકડાઓ રાજ્યની દારૂબંધીની ચાડી ખાય છે.

સરકારે રજૂ કરેલા આંકડાઓમાં છેલ્લા બે વર્ષમાં અમદાવાદ-સુરત બાદ સૌથી વધુ ફરિયાદ મહેસાણા જિલ્લામાંથી મળી છે. મહેસાણામાં ૩૨૮ ફરિયાદો મળી છે જ્યારે ભરૂચ જિલ્લામાંથી ૨૨૫ ફરિયાદો મળી છે. જ્યારે વડોદરા જિલ્લામાંથી ૨૫૮ ફરિયાદો મળી છે.

દારૂબંધી અંગે એક સમયે રાજ્યના મુખ્યમંત્રી અને રાજસ્થાનના મુખ્યમંત્રી વચ્ચે વાકયુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું ત્યારે બુટલેગરો અને અને દારૂના અડ્ડાઓ વિશે મળેલી આ ફરિયાદ ઘણુ કહી જાય છે. આ આંકડાઓમાં અનેક જિલ્લા એવા છે જેમાં બે વર્ષમાં ૧૦૦થી વધુ ફરિયાદ મળી છે.

રાજ્યના અન્ય જિલ્લાની સ્થિતિ જાણીએ તો ગાંધીનગરમાં બે વર્ષમાં ૧૪૫ ફરિયાદો મળી છે જ્યારે ગીરસોમનાથમાં ૧૨૮, જૂનાગઢમાં ૧૯૯, રાજકોમટમાં ૧૦૪, આ ઉપરાંત સાબરકાંઠામાથી ૧૫૫ ફરિયાદો મળી છે.

૭ આ આંકાડાઓ મુજબ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપરુ અને મહીસાગર જિલ્લામાંથી આશ્ચર્યજનક રીતે એક પણ ફરિયાદ મળી નથી જ્યારે પોરબંદરમાંથી માત્ર ૧ જફરિયાદ મળી છે. આ ઉપરાંત અરવલ્લી જિલ્લામાથી પણ માત્ર ૧ જ ફરિયાદ મળી છે.

સૂકા મરચાનાં હબ ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડમાં પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતો ખુશખુશાલ

રાજકોટ

ગોંડલનાં પ્રખ્યાત મરચા ખરીદવા માટે ગુજરાત બહારના અન્ય રાજ્યમાંથી ઘણા વેપારીઓ આવતા હોય છે, ત્યારે રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં મરચાને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. સૂકા મરચાનાં હબ ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડમાં ૨૫૦૦૦ ભારી મરચાની આવક થવા પામી છે. ૨૦ કીલોનાં ભાવ ૨૦૦૦થી ૨૫૦૦ સુધીનાં બોલાતા ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવ મળતા આનંદની લાગણી વ્યાપી હતી. ગત વર્ષ કરતા મરચાના ભાવમાં તેજી પણ આવી છે. ચાલુ વર્ષે મરચાની ૨૫ હજાર ભારીની આવક થઈ હોવાની માહિતી સામે આવી છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં ખેડૂતોને હાલ ૨૦ કિલો મરચાનો ભાવ રૂપિયા ૨૦૦૦થી ૨૫૦૦ મળી રહ્યા છે. જેનો સીધો ફાયદો ખેડૂતોને મળી રહ્યો છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં મરચાની વેરાયટીઓ ૦૦૨, ૦૩૫, રેવા, શાનીયા, વગેરેની આવક થઈ રહી છે. ૧૦ ટકા જેટલી દેશી રેસમ પટ્ટાની પણ આવક થઈ છે. ગોંડલ તાલુકા વિસ્તારમાં આશરે ૨૦ જેટલી વેરાયટીઓનું ઉત્પાદન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં ૧ લાખથી વધારે ભારીઓનું વેચાણ થયેલ છે. મરચાનાં પુરા ભાવ મેળવવા માટે ખેડુતભાઈઓને એક સાથે માલ ન મોકલવા તબક્કાવાર થોડા થોડા પ્રમાણમાં માલ મોકલવા તથા માર્કેટ યાર્ડમાં મરચાનું વેચાણ કરવા યાર્ડના સત્તાધીશો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સસરાએ અડપલા કરતા અને સાસારીયાંઓએ ત્રાસ આપતા પરિણીતાએ ફરિયાદ નોંધાવી

રાજકોટ

રાજકોટ શહેરના કાલાવડ રોડ એ.જી. ચોક સદગુરૂ કોલોનીમાં સાતેક માસથી માતા-પિતા સાથે રહેતી ૨૮ વર્ષની પરિણીતા સાથે સસરાએ અડપલા કર્યાની અને સાસારીયાંઓ ત્રાસ આપતા હોવાની રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પરિણીતાના સાસરીયાઓએ માવતરેથી કાર, એસી, ફ્રિજ, વોશીંગ મશીન, ફર્નિચર માટે એક લાખ લાવવાનું પણ કહ્યું હતું. આથી પોલીસે દામનગર મેઈન બજાર લાયબ્રેરી સામે જલારામ નિવાસ ખાતે રહેતા પરિણીતાના પતિ કુશલ કિશનભાઈ તન્ના, સસરા કિશનભાઈ વૃજલાલ તન્ના, સાસુ દક્ષાબેન તથા મુંબઈ રાજકોટ રહેતી ત્રણ નણંદો નિશા ભાવેશ કારીયા, રચના પ્રણવ પોરાણા અને પાયલ જલ્પેશ કારીયા સામે આઈપીસી ૪૯૮ (ક), ૩૫૪ (એ), ૫૦૪, ૧૧૪, દહેજધારાની કલમ ૩, ૭ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં પરિણિતાએ જણાવ્યું છે કે, તે છેલ્લા સાતેક માસથી કાલાવડ રોડ પર રહેતા પિયરને ત્યાં રિસામણે છે. તેનાં લગ્ન ૧૪ મે ૨૦૧૯ના રોજ લગ્ન થયા હતા. લગ્નનાં દોઢેક માસ સુધી સાસરીયાઓએ સારી રીતે રાખ્યા બાદ સાસુ દક્ષાબેને રસોઈ અને ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું હતું. લગ્નના આઠેક દિવસ બાદ પતિની ગેરહાજરીમાં એક દિવસ સાસુએ તેને કહ્યું કે જા તને તારા સસરા બોલાવે છે. જેથી તે સસરા પાસે જતાં તેણે પોતાની નજીક બેસાડી ખભા પર હાથ મૂક્યા બાદ અડપલા કર્યા હતા. આથી પતિ આવતા તેને આખી વાત જણાવતા કહ્યું કે હું પપ્પા સાથે વાત કરી લઈશ. ત્યારબાદ ઉપરના રૂમમાં જઈ પરત આવી મેં પપ્પા સાથે વાત કરી લીધી છે. હવે પછી આવું નહીં કરે. પતિની વાત તેણે માની લીધી હતી. બાદમાં હનિમુનની વાત થતા જ સસરાએ કહ્યું, અમે પણ તમારી સાથે હનિમુનમાં આવશું, જોઈશું તમે શું કરો છો?

એક પાછળ બીજો ટ્રક ઘૂસી જતાં ડ્રાઈવર કેબિનમાં ફસાયો, લોકોએ રેસ્ક્યૂ કર્યું

ભુજ

અબડાસા તાલુકાના જખૌ નજીકે બે ટ્રકોનો અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રક પાછળ બીજી ટ્રક ટકરાઈ હતી. જેને પગલે પાછળવાળા ટ્રકનો ડ્રાઈવર કેબિનમાં ફસાયો હતો. જો કે અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘટનાસ્થળે પહોંચેલા લોકોએ મહામહેનતે રેસ્ક્યૂ કરીને ડ્રાઈવરને બહાર કાઢ્યો હતો. ઘાયલ ટ્રક ડ્રાઈવરને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

એક પાછળ એક ટ્રક ટકરાયાની ઘટના જખૌ નજીકના ઓધરામ પ્રવેશ દ્વારા પાસે બની હતી. અકસ્માત બાદ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં ૧૦૮ની ટીમ પણ દોડી ગઈ હતી. લોકોએ અંદર ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ ૧૦૮ની ટીમે તેને પ્રાથમિક સારવાર આપીને હોસ્પિટલ ખસેડ્યો હતો.

યુવાધન દારૂના રવાડે બરબાદ થતા ગ્રામસભા યોજી કડક દારૂબંધી લાગૂ કરાઈ

હિમતનગર

રાજ્યમાં દારૂબંધી છે આમછતાં ઠેરઠેર દારૂ પીવાય એ હકીકતથી સૌ વાકેફ છે. ત્યારે જિલ્લાના વિજયનગર તાલુકાના છેવાડાના ગામ નવાભગામાં કડક દારૂબંધી લાગૂ કરી છે. દારૂ પીવાથી અકસ્માત સહિતના કારણે ગામના યુવાધનના મોત નિપજ્યા છે. ત્યારે ગ્રામસભા યોજીને ગામલોકોએ ગામમાં કડક દારૂબંધીનો નિયમ લાગૂ કરી દીધો છે અને દારૂ પીનાર તથા વેચનારને પોલીસ હવાલે કરવાનો નિર્ણય કરાયો છે. આદીવાસી વિસ્તારના છેવાડાના ગામના લોકોએ પરિપત્ર જાહેર કરીને રાજ્યના અન્ય ગામડાંઓને એક રાહ ચીંધી છે.

વિજયનગરના સરહદી વિસ્તારના નવાભગવા ગામમાં લાંબા સમયથી દારૂનું વેચાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. ગામનું યુવાધન દારૂના રવાડે ચડી ગયું હતું. અતિશય દારૂના સેવનથી કેટલાક યુવાનોએ અકસ્માતોમાં જીવ ગુમાવ્યા હતા. જેના પગલે તેમના ઘરોમાં આવેલી નાની ઉંમરની પરિણીતાઓએ વિધવા બનવું પડ્યું હતું, ઉપરાંત દારૂની બદીના કારણે આ વિસ્તારના લોકોમાં શિક્ષણનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે નીચું જતું રહ્યું હતું. ગામના યુવાનો દારૂના રવાડે ચડતા નોકરી કે ધંધો કરતા ન હતા. ઉપરાંત તેમને કોઈ નોકરીએ પણ રાખતા ન હતા. જેને પગલે અહીં બેરોજગારીનું પ્રમાણ વધારે હતું. ગામનો વિકાસ રૂંધાવાનું કારણ એકમાત્ર દારૂ જ હતું.

ભાજપાનાં વોટ્સએપ ગ્રુપમાં અશ્લિલ વીડિયો ફરતો થતા હડકંપ મચ્યો

કચ્છ

ગુજરાતમાં અનેકવાર ભાજપ નેતાઓએ વોટસએપના ગ્રૂપમાં અશ્લીલ વીડિયો મૂક્યા હોવાની ઘટનાઓ સામે આવી છે. તેવામાં વધુ એક ઘટના સુરતમાંથી સામે આવી હતી. હવે આ સિલસિલામાં કચ્છમાં ભાજપના ગ્રુપમાં અશ્લિલ વીડિયો શેર કર્યા હોવાની ઘટના સામે આવી છે. હજુ તો ગણતરીના કલાકો પહેલા સુરત ભાજપના એક નેતાએ ગ્રૂપમાં અશ્લીલ વીડિયો મૂક્યા હતા. ત્યારે ફરી એકવાર કચ્છમાં ભાજપના ગ્રુપમાં અશ્લિલ વીડિયો શેર કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા એપ વોટ્સએપ ગ્રૂપમાં વીડિયો શેર થતા મોટો વિવાદ સામે આવ્યો છે. કારણ કે કચ્છ ભાજપના જે ગ્રુપમાં અશ્લીલ વીડિયો શેર કરવામાં આવ્યા છે તે ગ્રુપમાં સાંસદ અને મહિલાઓ સહિત ૧૦૦થી વધુ સભ્યો છે. આ ઘટના બાદ અશ્લિલ વીડિયો શેર કરતા સભ્યોને ગ્રુપમાંથી રીમુવ કરાયા હતા.

સુરત બાદ કચ્છમાં ભાજપના એક વોટ્સએપ ગ્રુપમાં અશ્લીલ વીડિયો શેર કરવાની ઘટના બની છે. વિથોણ જિલ્લા પંચાયત સીટના વોટ્સએપ ગ્રુપમાં અશ્લીલ વિડીયો શેર કરાતા ચકચાર મચી જવા પામી છે. કચ્છ ભાજપના જે વોટ્સએપ ગ્રુપમાં વીડિયો શેર કરવામાં આવ્યા હતા, તેમાં સાંસદથી માંડીને મહિલાઓ ભાજપના આગેવાનો અને એલઆઈબીઓ છે.

નખત્રાણાના વિથોણ જિલ્લા પંચાયત સીટના વોટ્સએપમાં ૧૦૦થી વધુ સભ્યો હતા. ત્યારબાદ બીભત્સ વિડીયો મુકાયા બાદ તાત્કાલિક સભ્યોને ગ્રુપમાંથી રીમુવ કરી દેવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણેક વર્ષથી ચાલતા આ ગ્રુપમાં કાર્યક્રમના ફોટા અને માહિતી શેર કરાતી હોય છે. પરંતુ બે દિવસ પૂર્વે એક ગ્રુપ મેમ્બરે બ્લુ ફિલ્મનો વિડીયો મુકતા ચકચાર મચી જવા પામી છે. કચ્છ ભાજપના

ઘર અને ખેતરમાં દાટેલા ૨ લાખના વિદેશી દારૂ-બીયર સાથે શિક્ષકની ધરપકડ

દાહોદ

દાહોદ જિલ્લામાં શિક્ષક બુટલેગર બન્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામમાં પ્રાથમિક શાળાના શિક્ષકના ઘર અને ખેતરમાંથી બે લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો છે. હોળીના તહેવારને લઈને દારૂ અને બીયરનો જથ્થો શિક્ષકે ઘરમાં અને ખેતરમાં જમીનમાં દાટી દીધો હતો. સુખસર પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

સુખસર પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામના જાબુડી ફળીયામાં રહેતા પ્રાથમિક શાળાના શિક્ષક સડીયાભાઈ ઉર્ફે સરદારભાઈ હકલાભાઈ બામણીયાના ઘરમાં અને ખેતરમાં હોળીને પગલે દારૂ છુપાવવામાં આવેલો છે. જેથી દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસરની સૂચનાથી ઝાલોદ ડીવાયએસપી જાદવના માર્ગદર્શન હેઠળ સુખસર પી.એસ.આઈ એસ.એન.બારીયા તથા સ્ટાફના એ.એસ.આઈ શંકરભાઈ હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ પલાસ અને મનોજભાઈ જીતુભાઈ સહિત સ્ટાફે રેડ પાડીને શિક્ષકના ઘરમાં અને ખેતરમાં દાટેલો ૨.૦૪ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને આરોપી શિક્ષકની ધરપકડ કરી હતી.

પરિણીતાને કામના બહાને ફ્લેટમાં બોલાવીને ત્રણ શખ્શોએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

રાજકોટ

રાજકોટ શહેરમાં એક અઠવાડીયાની અંદર બીજી દુષ્કર્મની ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી છે. રાજકોટમાં ગ્રીન લેન્ડ ચોકડી પાસે પરિણીતા સાથે ત્રણ શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનામાં મહિલાને કામ અર્થે બોલાવી પરિણીતા પર સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ ઘટનામાં નટુ સોજીત્રા તથા અન્ય બે શખ્સો પર દુષ્કર્મનો આરોપ લગાવવામાં આવ્યો છે. સમગ્ર ઘટના બાબતે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. રાજકોટની બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ગ્રીનલેંડ ચોકડી પાસે સામૂહિક દુષ્કર્મનો બનાવ સામે આવ્યો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, જેતપુરની ગ્રીન લેન્ડ ચોકડી પાસે પરિણીતાને રાજકોટ કેટરીંગનાં કામ અર્થે બોલાવવામાં આવી હતી. ત્રણ વ્યક્તિઓએ મહિલાને કેટરીંગનાં કામ માટે બોલાવી હતી તે તેને એક ફ્લેટ પર લઇ ગયો હતો. ફ્લેટ પર લઇ ગયા બાદ તેને તેના અન્ય મિત્રોને ફોન કરી ફ્લેટ પર બોલાવ્યા હતા. જે બાદ તેની ધાક ધમકી આપી એક બાદ એક તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. નરાધમઓથી છુટકારો મળતાં મહિલાએ શહેરની સિવિલ હોસ્પિટલ પાસે આવી અભયમની ટીમને જાણ કરી હતી. જે બાદ અભ્યમની ટીમ તે પીડિતાને લઈ શહેરની મહિલા પોલીસ સ્ટેશને પહોંચીને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. હાલ પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.

અઢી માસ પૂર્વે દફનાવેલા બે બાળકોના મૃતદેહ બહાર કઢાયા, કાકા-કાકી પર હત્યાનો આક્ષેપ

ભાવનગર

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના રામપર ગોરીયાળી ગામે એક અજીબો ગરીબ ઘટના બહાર આવી છે. જેમા અઢી માસ પહેલા કુવામાં પડી ગયેલા બે બાળકો વિવેક અને પ્રદીપના મૃતદેહની દફનવિધી પણ થઇ ગયા બાદ મૃતકના પરીવારજનોએ બન્ને બાળકોની હત્યા સગા કાકા-કાકીએ કર્યાનો આક્ષેપ કરતા પોલીસે મૃતદેહોને બહાર કાઢી ભાવનગર સર ટી.હોસ્પીટલમાં પી.એમ.માટે ખસેડ્યા હતા. જો રીપોર્ટમાં કશું શંકાસ્પદ જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરી પોલીસ દ્વારા જરૂર પડ્યે હત્યા સહિતનો ગુનો દાખલ કરવામાં આવશે.

ઘોઘા તાલુકાના રામપર ગોરીયાળી ગામે રહેતા શ્રમજીવી અશ્વિનભાઇ તેજાભાઇ જાંબુચાનો છ વર્ષનો તથા તેના ભાઇનો પાંચ વર્ષનો પુત્ર વિવેક અને પ્રદીપ આજથી અઢી માસ પહેલા તેના ઘરેથી દુકાને જવાનું કહી ગુમ થયા હતા. બાદમાં બન્ને માસુમોની મૃતદેહો કૂવામાંથી મળતા તેઓ રમતા રમતા અકસ્માતે કૂવામાં પડી ગયા હોવાનું માની મૃતદેહોને દફનાવી દેવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ બનાવમાં ફરિયાદી અશ્વિનભાઇના સગા કાકા લક્ષ્મણભાઇ તથા કાકી કમુબેને મિલ્કત મામલે માસુમોની ઠંડા કલેજે હત્યા કરી હોવાનું મૃતકનાં પરિવારજનોએ આક્ષેપ કરી પોલીસમાં જાણ કરતાં ઘોઘા પોલીસે મામલતદાર સહિતનાઓની ઉપસ્થિતિમાં દફન કરાયેલી બંન્ને માસુમોન મૃતદેહોને જમીનમાંથી બહાર કાઢી પેનલ પી.એમ.માટે ભાવનગર સર ટી. હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે ઘોઘા પોલીસ મથકના પીએસઆઇ પી.આર.સોલંકીએ જણાવ્યું હતું કે ગત તા. ૧૪/૧૨/૨૦૧૯ના રોજ ઉપરોક્ત બન્ને બાળકો કૂવામાં પડી ગયા હતા. જેને કૂવામાંથી બહાર કાઢી ભાવનગર સર ટી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હાર્દિક પટેલ સહિતના પાસના નેતાઓ આપમાં જોડાશે..!! ગોપાલ રાય ગુજરાત આવશે

અમદાવાદ

દિલ્હીમાં 'આપ' મોડલની સફળતા બાદ હવે 'આમ આદમી પાર્ટી' ગુજરાતમાં ફરી એકવાર સંગઠન મજબૂત બનાવવા માટે સક્રિય બની છે. જેના ભાગરૂપે આ અઠવાડીયામાં 'આપ'ના પ્રભારી ગોપાલ રાય ગુજરાત આવી રહ્યા છે અને અહીં ૮થી ૧૦ દિવસ રોકાઈને નવેસરથી સંગઠનની પ્રક્રિયા શરૂ કરશે. ખાસ કરીને 'આમ આદમી પાર્ટી'નો ટાર્ગેટ પાટીદાર અનામત આંદોલનના યુવા નેતાઓ છે. જેમાં પાટીદાર આંદોલન સમયથી અરવિંદ કેજરીવાલના વિચારો અને કામગીરીથી પ્રભાવિત હાર્દિક પટેલનું નામ પણ સામેલ છે, ત્યારે હાર્દિક સહિતના પાસના નેતાઓ સાથે સંપર્ક કરીને તેમની સાથે બેઠકો કરી 'આમ આદમી પાર્ટી'નું એક યુવા સંગઠન ઉભું કરવાની દિશામાં કાર્યવાહી ચાલી રહી છે.

ગુજરાતમાં મહાનગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણી વર્ષના અંતમાં યોજાવાની છે ત્યારે 'આમ આદમી પાર્ટી' પણ ગુજરાતમાં આ ચૂંટણીમાં ઝંપલાવે તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ મહિનાથી 'આમ આદમી પાર્ટી'એ ગુજરાતમાં શરૂ કરેલી નવા સંગઠનની પ્રક્રિયા બે મહિનામાં પૂર્ણ કરી દેશે, તે પછી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થાય તે પહેલા આપના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ સોમનાથના દર્શન કરીને ગુજરાતમાં 'આમ આદમી પાર્ટી'નું રણશિંગુ ફુંકશે.

ગુજરાતમાં અગાઉ આમ આદમી પાર્ટીએ સંગઠન બનાવીને ચૂંટણી લડી હતી, પરંતુ તેમાં ખાસ સફળતા મળી નહોતી. આ નિષ્ફળતા અંગે 'આમ આદમી પાર્ટી'ની કોર કમિટીએ વિચાર વિમર્શ કર્યા બાદ નિષ્ફળતા પાછળ સંગઠનનું માળખું અને કેટલાક ચોક્કસ નેતાઓ જવાબદાર હોવાનું બહાર આવતા અગાઉનું ગુજરાતનું આપનું માળખું સંપૂર્ણપણે વિખેરી નાંખીને આક્રમક યુવાઓને સંગઠનમાં સ્થાન આપવા માટેની રણનીતિ ઘડી છે.

ખાદ્ય સુરક્ષાના લીરેલીરા..!! વિધાનસભાની કેન્ટીનનાં ભોજનમાંથી જીવડું નીકળતા હાહાકાર

ગાંધીનગર

ગુજરાતની સર્વોચ્ચ પંચાયતની કેન્ટીનમાંથી જીવડું નીકળતા ખાદ્ય સુરક્ષાના લીરેલીરા ઉડ્યા

ગુજરાતમાં એક તરફ સરકાર ખાદ્ય સુરક્ષાની ગુલબાંગો ફેકતા મીઠાઈ વેચતા વેપારીઓ પર ગાળિયો કસવાની તૈયારી કરી રહી છે ત્યારે વિધાનસભાની કેન્ટીનમાંથી જ જીવડું નીકળતા રાજયમાં ખાદ્ય સુરક્ષાના કાયદાના લીરેલીરા ઉડ્યા છે. આજે જયારે વિધાનસભાની કેન્ટીનમાં બપોરેના સમયે ભોજન પીરસાઈ રહ્યું હતું ત્યારે કેન્ટીનના ભોજનમાંથી દાળ નીકળતા ખળભળાટ મચી ગયો હતો.

આ કેન્ટીમાં મોટા પાયે સરકારી કર્મચારીઓ તેમજ નેતાઓ ભોજન લેવા આવતા હોય છે. કેન્ટીનની દાળમાંથી જીવડું નીકળ્યાનો સ્વીકાર મેનેજરે પણ કર્યો હતો. આ ઘટનાના કારણે પાટનગરમાં હાહાકાર મચી ગયો છે.

જોકે, મેનેજરે બચાવ કરતા જણાવ્યું હતું કે 'આ દાળમાં જીવડું કદાચ ટેબલ પરથી ચઢીને દાળમાં જતો રહ્યો હતો એવું લાગી રહ્યું છે. અમે ખાદ્ય સુરક્ષાની તમામ ચોક્સાઈ જાળવીએ છીએ.

જોકે, કેન્ટીનની અંદર રાખવામાં આવેલા ખાદ્ય પદાર્થોને નેટથી ઢાંકવામાં તો આવેલો હતો પરંતુ તેમ છતાં દાળમાંથી જીવાત નીકળતા હાહાકાર મચી ગયો હતો

કેન્ટીનના રસોડાની હાલત જોતા હાઈજીનનો પ્રશ્ન જોવા મળ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા રાજ્યની અનેક હોટેલોમાં આ પ્રકારની સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓને લીધે દરોડા પાડવામાં આવતા હોય છે પરંતુ વિધાનસભાની કેન્ટીનમાંજ ખાદ્ય સુરક્ષાના લીરે લીરા ઉડતા જોવા મળ્યા હતા.

મેટ્રો રેલનાં કૌભાંડી પૂર્વ આઈએએસ અધિકારીનાં પત્નીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ

મેટ્રો રેલમાં કરોડો રૂપિયાનું કૌભાંડ કરનાર પૂર્વ આઈએએસ અધિકારી સંજય ગુપ્તાની પત્ની નીલુ ગુપ્તાને હાઈકોર્ટે જોરદાર ઝટકો આપ્યો છે. ઈડીએ નોંધેલાં મની લોન્ડરિંગ કેસ હેઠળ ધરપકડથી બચવા માટે સંજય ગુપ્તાના પત્ની નીલુ ગુપ્તાએ હાઈકોર્ટમાં આગોતરા જામીન માટેની અરજી કરી હતી. પણ હાઈકોર્ટે નીલુ ગુપ્તાની આગોતરા જામીનની અરજી ફગાવી દીધી હતી.

ઈડીએ મેટ્રોલિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદની કંપનીના ફંડમાં કથિત ગેરરીતિ આચરવા મામલે પૂર્વ આઈએએસ ઓફિસર સંજય ગુપ્તા અને તેમના પત્ની નીલુ ગુપ્તા સામે મની લોન્ડરિંગ હેઠળ કેસ ગુનો નોંધ્યો હતો. ઈડીએ નીલુ ગુપ્તાને ૩ વખત હાજર રહેવા સમન્સ આપ્યું હતું. પણ કેસમા સહકાર ન આપતાં હોવાની ઈડીએ હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. સાથે જ મેટ્રોનાં કરોડો રૂપિયાના ગોટાળાની નીલુ ગુપ્તાને જાણ હોવાની રજૂઆત પણ ઈડીએ હાઈકોર્ટમાં કરી હતી. સાથે જ ઈડીએ જણાવ્યું હતું કે, નીલુના બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયાની વિગતો છે. તો બીજી બાજુ બચાવમાં નીલુ ગુપ્તાએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, કંપનીમાં રાજીનામું આપ્યું છે અને આ કેસમાં મારી કોઈ ભૂમિકા નથી. પણ ઈડીના તથ્યોને આધારે હાઈકોર્ટે નીલુ ગુપ્તાની આગોતરા જામીનની અરજી ફગાવી દીધી હતી.

રાજકોટમાં ૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ

રાજકોટ

રાજકોટ શહેરમાં સવારે ૮.૦૧ વાગે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેની તીવ્રતા ૨ની હતી. તેમજ એપી સેન્ટર શહેરથી ૨૮ કિમી દૂર નોંધાયું હતું. શહેરના અમુક વિસ્તારોમાં ભૂકંપનો હળવો આંચકો અનુભવાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના લઈને ફરાર

વડોદરા

પાદરાની સંતરામ નગર સોસાયટીમાં પંચાલ પરિવારના બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરોએ સોના-ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. પાદરા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મકાન માલિક દેવાંગ પંચાલે જણાવ્યું હતું કે, મારી ૨ વર્ષની દીકરી છેલ્લા ઘણા સમયથી બીમાર હોવાના કારણે અમે પતિ-પત્ની દીકરીને લઈને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી રહ્યા છીએ, ત્યારે અમારા બંધ મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરો લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગયા હતા. અમારી સામે સાજ જ રહેલા મારા સાઢુએ તેમના સોનાના દાગીના પણ મારા ત્યાં સાચવવા માટે મૂક્યા હતા. તે પણ તસ્કરો ચોરી ગયા છે.

ભાજપ જિલ્લા પ્રમુખની ખોડિયાર હોટલમાં જમતા ૧૭ મુસાફરોને ફૂડ પોઈઝનિંગ

પાટણ

સમી તાલુકાના બાસ્પા અને વરાણા વચ્ચે આવેલી ખોડિયાર હોટલનું ભોજન આરોગતા એસટી મુસાફરોને ફૂડ પોઈઝનિંગ થયું હતું. રાત્રે મહેસાણા રાધનપુર સ્ટેટ હાઈવે પર સ્થિત આ હોટલમાં મુસાફરોને નાસ્તા પાણી અને ભોજન માટે રોકાય છે. ત્યારે એક ખાનગી બસમાં સવાર આ મુસાફરોને વાસી ખોરાક ખાતા ફૂડ પોઈઝનિંગ થયું હતું. ૧૭ પૈકી ૨ની તબિયત વધારે લથડતાં ધારપુર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાસ્પા વરાણા વચ્ચે આવેલી ખોડિયાર હોટલના માલિક પાટણ ભાજપ પ્રમુખ મોહન પટેલની છે. વાસી ભોજન ખાતા બસમાં સવાર મુસાફરો પૈકી ૧૭ને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. તેમને પ્રથમ સમી સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અપાઈ હતી. ૧૭ પૈકીના બેની હાલત વધારે ખરાબ જણાતા પાટણ ખસેડવામાં આવ્યા હતા.

દિકરીઓની સગાઈ બચાવવા ઠાકોર સમાજે ટિકટોક પર પ્રતિબંધ મુક્યો

બનાસકાંઠા

લાખણી તાલુકાના ઠાકોર સમાજના અને ઠાકોર સેનાના આગેવાનોએ મીટિંગ યોજીને સમાજના યુવાનો અને યુવતીઓને ટિકટોક વાપરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અગાઉ લાખણીના ઠાકોર સમાજે યુવતીઓને મેળામાં જવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો, તો હવે ટિકટોક ઉપર પ્રતિબંધ મૂકાયો છે. સમાજ દ્વારા બનાવાયેલા આ નવા નિયમ વિશે એ કારણ જણાવવામાં આવ્યું છે કે, ટિકટોક વાપરવાથી સમાજની દીકરીઓની સગાઈ તૂટી જાય છે અને દીકરીઓ બદનામ થાય છે. માટે સામુહિક રીતે સમાજના વિકાસ માટે ટીકટોક ઉપર પ્રતિબંધ મુકવાનો સામુહિક નિર્ણય કરાયો છે. જોકે આ બાબતે ઠાકોર સમાજના લોકોને કહેવું છે કે, અમે આ માટે ૨૫ લોકોનું ગ્રુપ બનાવ્યું છે અને તેનો કડક અમલ થાય તે કામ કરીશું અને આ પ્રતિબંધ અન્ય તાલુકાઓમાં અને જિલ્લામાં પણ થાય તે માટે ઠાકોર સમાજને સમજાવી છું અને ઠાકોર સેના પણ આમાં જોડાશે. સમાજ શિક્ષિત બને તે દિશામાં કામ કરીશું. તેમજ ટિકટોક અને મેળામાં ન જવાનો પ્રતિબંધ ચાલુ રાખી છું. ટિકટોક બાબતે ટિકટોક અને સરકાર સામે પણ કાર્યવાહી કરીશું. જો સમાજના લોકો ટિકટોકનો ઉપયોગ કરશે તો તેમની સામે સામાજિક રીતે શિક્ષાત્મક અને દંડકીય કાર્યવાહી કરીશું.

વડોદરા કોર્પોરેશને ૪૬ કરોડના ખર્ચે તૈયાર કરેલા બે બ્રિજ ખુલ્લા મુક્યા

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને સમા હરણીને જોડતા ચેતક બ્રિજ તથા વિશ્વામિત્રી રેલવે લાઈન પરથી પસાર થતા સુભાષચંદ્ર બોઝ ઓવરબ્રિજ લોકો માટે ખુલ્લા મુક્યા છે. ચેતક બ્રિજ ૧૩ કરોડ ૮૦ લાખના ખર્ચે અને સુભાષચંદ્ર બોઝ બ્રિજ રૂપિયા ૩૨ કરોડના ખર્ચે પહોળાઈ વધારી નવો કરાયો છે. ચેતક બ્રિજ બનતા સમાથી હરણી તરફ જવા માટે લોકોને સરળ બનશે અને લોકોને ૧૦ કિલો મીટર સુધીનું વધુ અંતર કાપવા માંથી મુક્તિ મળશે. એ જ પ્રમાણે હરણી બાજુથી એક્સપ્રેસવે જવામાં પણ સરળતા રહેશે. હાલ માંજલપુર બ્રિજની રોડ સાઈડમાં ૯ કરોડ ૩૪ લાખના ખર્ચે મજબૂતીકરણનું અને મકરપુરાથી જાંબુઆ ગામ તરફ જતા નદી પર બ્રિજ બનાવવાની કામગીરી ચાલુ છે. કોર્પોરેશનના નવા બજેટમાં વધુ સાત નવા બ્રિજની પણ જાહેરાત કરી છે. જ્યારે ૨૨૨ કરોડના ખર્ચે ગેંડા સર્કલથી મનીષા ચોકડી સુધી બ્રિજની કામગીરી હાલ ચાલુ છે.

પ્રેમ લગ્નની જીદમાં માતા-પિતા અને ભાઈએ ગળું દબાવી યુવતીની હત્યા કરી

કચ્છ

ગાંધીધામમાં ૨૮મી તારીખે એક યુવતીની આત્મહત્યા કરી હોવાની વાત સામે આવી હતી. જે કેસમાં આજે નવો જ વળાંક આવ્યો છે. યુવતીનાં મૃતદેહનાં મેડિકલ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, આ યુવતીએ આપઘાત નહીં પરંતુ તેના જ માતા, પિતા અને ભાઈએ તેને મારી નાંખીને ગળે ફાંસો ખાધો હોય તેમ લટકાવી દીધી હતી. આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગાંધીધામમાં એક યુવતીને અન્ય સમાજનાં યુવક સાથે પ્રેમ સંબંધ હતો. યુવતીનાં માતા, પિતા અને ભાઈને આ સંબંધ પસંદ ન હતો. પરંતુ યુવતી તેની સાથે જ લગ્ન કરવા માંગતી હતી. જેથી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. મહત્વનું છે કે, ૨૮મી તારીખે યુવતીનાં આપઘાતની વાત પ્રકાશમાં આવી હતી.

'હું એકલો પડી ગયો છું' નિવેદનના ખુલાસા મુદ્દે નિતીનભાઈનું "નરો વા કુંજરો વા".!!?

ગાંધીનગર

રવિવારે વિશ્વ ઉમિયાધામના મા ઉમિયાના મંદિરના શિલાન્યાસ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપેલું નિવેદન ચર્ચાના ચગડોળે ચઢ્યું છે. આ મામલે તેમણે ખુલાસો કરીને કહ્યું હતું કે, એકલો પડી ગયો છું વિવાદમાં મીડિયાએ આગળનો અને પાછળનો ભાગ કાઢીને વચ્ચેનું ચલાવ્યું છે. વિચારું છું કે મીડિયા સમક્ષ ચોખવટ કરી કે નહિ. હજુ નિર્ણય લીધો નથી, યોગ્ય સમયે નિર્ણય લઈશ.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના 'હું એકલો પડી ગયો છુંપ' એ પ્રકારના ઊભા થયેલા નિવેદનના વિવાદ પર ગૃહમાં ચર્ચા થઈ હતી. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ મામલે ચોખવટ કરી કે, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ એકલા નથી. તેમની સાથે સમગ્ર મંત્રીમંડળ છે. શિક્ષણ મંત્રીએ સ્પષ્ટ જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષના લોકોએ ખુશ થવાની કોઈ જરૂરિયાત નથી. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પણ ચોખવટ કરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો સિંહફાળો પક્ષમાં અને સરકારમાં છે. જોકે ભૂપેન્દ્રસિંહ અને વાઘાણીએ તો ચોખવટ કરી પરંતુ નિતીનભાઈ આ મુદ્દે કાંઈ બોલવા તૈયાર નથી, તેમણે તો ફક્ત એટલું જ કહ્યું કે ચોખવટ કરવી કે નહીં તેનો હજુ નિર્ણય લીધો નથી. એનો મતલબ શું સમજવો.?

મા ઉમિયા મંદિરના શિલાન્યાસ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, જ્યાં પહોંચ્યો છું ત્યાં એમને એમ અહીં નથી પહોંચાતું. તમે ટીવીમાં જોતા જ હશો, છાપામાં જોતા જ હશો. પૂછો અમારા ધારાસભ્યોનેપ એક બાજુ બધા ને, એક બાજુ હું એકલો. એ ઉમિયા માતાના આશીર્વાદ છે. આ લોહી બોલે છે, તમારા બધાના સહયોગથી બોલું છું. પક્ષના કાર્યકર તરીકે બોલું છું. મને માતાજીના એટલા આશીર્વાદ છે કે, બધી જગ્યાએ મને યાદ આવવાનું યાદ આવી જ જાય છે. બીજા લોકોને ઘણાને નથીયે ગમતું, કે ભૂલાવવા મથીએ છીએ, પણ નીતિનભાઈ ભૂલતા નથી.

વિધાનસભામાં ધારાસભ્ય વિરજી ઠુમ્મરનો કટાક્ષ...

કોંગ્રેસની ઓફર... નીતિન પટેલ ૧૫ ધારાસભ્યો લઈને આવે તો સીએમ બનાવવા અમારો ટેકો

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય વિરજી ઠુમ્મરે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પર કટાક્ષ કર્યો છે. આરોગ્ય વિભાગની પૂરક માંગણી પરની ચર્ચા દરમિયાન વિરજી ઠુમ્મરે કહ્યું કે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઘણું સારું કામ કરે છે અને અમારો એમને ટેકો છે, એ ૧૫ ધારાસભ્યો લઈને આવે તો મુખ્યમંત્રી બનાવવા અમારો ટેકો છે. તમારા પક્ષના લોકો તમને સમજી શકતા નથી.

જો કે વિરજી ઠુમ્મરની ટિપ્પણી પર ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વળતો જવાબ આપતા ટકોર કરી વિરજીભાઈ ગત વખતે તમારા ૧૨ ધારાસભ્યો જતા રહ્યા હતાં. અમારી ચિંતા કર્યા વગર તમારું ઘર સંભાળો. આ દરમિયાન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ પ્રદિપસિંહ સપોર્ટમાં આવ્યા હતા અને કોંગ્રેસના સભ્યોને સ્પષ્ટ સંભળાવ્યું હતું કે નીતિનભાઈ સાથે આખું મંત્રી મંડળ અને આખું ભાજપ છે, અલગ સંદર્ભમાં વાત જોડવી યોગ્ય નથી. આ પહેલા ૨૯ ફેબ્રુઆરીએ વિશ્વ ઉમિયાધામ દ્વારા બનાવવામાં આવી રહેલા મા ઉમિયા મંદિરના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, જ્યાં પહોંચ્યો છું ત્યાં એમને એમ અહીં નથી પહોંચાતું તમે ટીવીમાં જોતા જ હશો, છાપામાં જોતા જ હશો પૂછો અમારા ધારાસભ્યોને એક બાજુ બધા ને એકબાજુ હું એકલો, એ ઉમિયા માતાના આશીર્વાદ છે. આ લોહી બોલે છે, તમારા બધાના સહયોગથી બોલું છું. પક્ષના કાર્યકર તરીકે બોલું છું. મને માતાજીના એટલા આશીર્વાદ છે કે બધી જગ્યાએ મને યાદ આવવાનું યાદ આવી જ જાય છે. બીજા લોકોને ઘણાને નથીયે ગમતું, કે ભૂલાવવા મથીએ છીએ પણ નીતિનભાઈ ભૂલતા નથી.

બાલાજી સેન્ડવીચમાં ૬૪ કિલો અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ

બીગ બજારમાં આરોગ્ય વિભાગનાં દરોડા... ફુગવાળા ૨૬ કિલો શાકભાજીનો નાશ કરાયો

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા બીગ બજાર અને બીગ બજારના કમ્પાઉન્ડમાં આવેલી બાલાજી સેન્ડવીચ નામની દુકાનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બીગ બજારમાં ફુગવાળા ૨૬ કિલો શાકભાજી અને વાસી ફળો મળી આવ્યા હતા. જ્યારે બાલાજી સેન્ડવીચમાં ૬૪ કિલો અખાદ્ય ચીજવસ્તુઓ મળી આવી હતી. આ તમામ ચીજવસ્તુઓનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. સાથે જ ફૂડ લાયસન્સ રીન્યુ કરવા નોટિસ પણ પાઠવી છે.

બીગ બજારમાંથી મળી આવેલા જથ્થાનો નાશ કરાયો જેમાં ટેટી-૩ કિ.ગ્રા., તુરીયા-૪ કિ.ગ્રા., કાકડી-૨ કિ.ગ્રા., ગલકા-૨ કિ.ગ્રા., શક્કરીયા-૪ કિ.ગ્રા., જામફળ-૨ કિ.ગ્રા., કેળા-૪ કિ.ગ્રા., ભીંડો-૩ કિ.ગ્રા., ચોળી-૨ કિ.ગ્રા.નો નાશ કરાયો બાલાજી સેન્ડવીચમાં મળી આવેલા ૬૪ કિલો જથ્થાનો નાશ કરાયો. પાણીપુરીનું પાણી-૧૨ લીટર, બાફેલા બટેટા-૧ કિ.ગ્રા., બટેટાનો મસાલો-૭ કિ.ગ્રા., ફુદીના ચટણી-૯ કિ.ગ્રા., લીલી ચટણી-૧૫ કિ.ગ્રા.,પાણી ઉમેરેલ સોસ-૨૦ કિ.ગ્રા.નો નાશ કરાયો.

એક તરફી પ્રેમમાં યુવકને બીભત્સ મેસેજ કરી પરેશાન કરતી શિક્ષિકાની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચે એક મહિલાની ધરપકડ કરીને તેની પૂછપરછ શરૂ કરી છે. મહિલા અમદાવાદની એક સ્કૂલમાં શિક્ષિકા છે પરંતુ તેમ છતાં ન કરવાનું કામ કરી બેઠા હતા. પોલીસનું કહેવું છે કે મહિલાને ભૂતકાળમાં ફરિયાદી સાથે પ્રેમ સંબંધ હતો. પરંતુ ફરિયાદીને મહિલા સાથે લાગણી ઓછી થઈ ગઈ હતી આથી તેણે તેની સાથે બોલવાનું ઓછું કરી નાખ્યું હતું. આ વાત આરોપી શિક્ષિકાને પસંદ ન પડતા તેણે બદલો લેવા માટે આરોપીની ફેક પ્રોફાઈલ બનાવી દીધી હતી અને તેને પરેશાન કરવાનું શરૂ કર્યું હતું.

વિગતે વાત કરીએ તો ફરિયાદીએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ આપી હતી કે ૧૮-૬-૨૦૧૯થી ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી તેમાંથી ફરિયાદીને બદનામ કરવા માટે ખોટા મેસેજ કરતી હતી. પોતાની ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું છે કે આરોપીએ ફેક પ્રોફાઈલ બનાવી ફરિયાદીને ગંદા મેસેજ કરતી હતી.

છેલ્લા ઘણા સમયથી આવા મેસેજ બાદ ફરિયાદી હેરાન થઈ ગયા હતા અને આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આઈડીની તપાસ શરૂ કરી હતી અને આરોપી પૂજા શાહે (નામ બદલેલ છે) તેનું આ ફેક આઈડી બનાવ્યું હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે પોલીસ અધિકારીનું કહેવું છે કે આરોપી બીકોમ, બીએડ સુધી અભ્યાસ કર્યો છે. આરોપી બોડકદેવની એક ખાનગી સ્કૂલમાં નોકરી કરે છે. હવે પોલીસ તપાસ કરી રહી છે કે ખરેખર આ સમગ્ર મામલો પ્રેમ પ્રકરણનો છે કે પછી અન્ય કોઈ કારણ છે.

નર્મદામાં આઈ.સી.ડી.એસ અધિકારીની જગ્યા ખાલી હોવાથી લાલીયાવાડી..

રાજપીપળા દક્ષિણ ફળીયાની આંગણવાડી પાંચ-પાંચ મહીનાથી આંગણવાડી બહેન વગર ચાલે છે

● આંગણવાડીની આસપાસ ગંદકી રોગચાળા અને જર્જરિત મકાન બાબતની ફરિયાદ નો છ મહીના સુધી કોઈ પણ જવાબ મળ્યો નથી

● સરકાર દ્વારા કરોડો રુપિયા ખર્ચવા છતાં બાળકો નુ સ્વાસ્થ્ય સુધરવાને બદલે ઔર બગડે તેવા સંજોગો

● આઈ.સી.ડી.એસ વિભાગના અધિકારીની જગ્યા જ ખાલી!! પ્રોગ્રામ ઓફીસરને વધારાનો ચાર્જ આપી ગાડું ગબડાવવામાં આવે છે



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

રાજપીપળા શહેરના છેવાડે આવેલી અને સરકારી ચોપડે દક્ષિણ ફળીયામા બોલતી આંગણવાડી હાલ આંગણવાડી કાર્યકર બહેન વગર જ આયા બહેન ના વધારાના ચાર્જમા ચાલી રહી છે.જેમાં જાણવા મળ્યા મુજબ આંગણવાડી કાર્યકર બહેને સ્વૈચ્છીક રાજીનામું આપતા આ જગ્યા ખાલી પડી છે,અને કોઈ નવી નિમણૂંક કરવામા સંલગ્ન વિભાગને કોઈ ઉતાવળ નથી,એમ લાગી રહયુ છે. આંગણવાડી મા આવતા છ વર્ષ થી ઓછી વય ધરાવતા ભૂલકાંઓ તુટી ફુટી ગયેલી અને ઉબડ ખાબડ ફર્શ ઉપર અંધારીયા અને હવા ઉજાસ વગરના મકાનમા પોતાના જીવનના પ્રથમ પગથિયા પુર્વેના એવા કડવા અનુભવો સાથે પાઠ ભણી રહ્યા છે.

આંગણવાડી મકાનની પાછળ સ્થાનિકો કુદરતી હાજતે જતાં હોવાથી ભારે દુર્ગંધ મારતા મકાનની બારી સુદ્ધાં ખોલી શકાતી ન હોઈ ને બાળકોને અંધારીયા મકાન માંજ પુરાઈ રહેવુ પડે તેવી મજબુરી, આંગણવાડીની આગળ જાહેર હેંડપંપ ઉભું કરી દેવામાં આવ્યુ છે જેનુ સતત વહેતુ પાણી ખાબોચીયામાં તબદીલ થઈ મચ્છરોના ઉદ્ભભવ સ્થાન બની ગયેલ છે,કચરા અને ગંદકી પાર વગર ની છે જેથી ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતાં બાળકો જલ્દી રોગના શિકાર બને તેમ છે, આ બાબતની ફરિયાદ એક વાલી દ્વારા તા.૧૪/૦૮/૨૦૧૯ ના કરવામા આવી હતી જેનો આજદીન સુધી કોઈ જ જવાબ કે કાર્યવાહી કરવામાં નથી આવી, આ અરજીની એક એક નકલ જીલ્લા કલેક્ટર,ન.પાલિકા અને આરોગ્ય વિભાગમા પણ મોકલવામા આવી હતી છતાં કોઈનુ રૂંવાડુંય ફરક્યું નથી, આંગણવાડીમા ભણતા બાળકો વોટ આપે તેમ ન હોવાથી તેઓ બિન-મહત્વના હોય કોઈ જોનાર નથી.

વિશ્વ ગુરુ બનવાની વાતો કરતી સરકારો પહેલાં વર્ગમા ગુરુની નિમણુંક તો કરે, આ મુદ્દે જો વહેલી તકે નિરાકરણ ન આવે તો વાલીઓ મુખ્યમંત્રીને ઓનલાઈન ફરીયાદ કરે તેવી શક્યતા જણાઈ રહી છે.

પાંડેસરા પિયુષ પોઈન્ટ પાસે લાઈન તૂટી જતા પાણી પાણી

લાઈન તૂટી જતા હાઈડ્રોલિક વિભાગ તાકીદે દોડી આવ્યો

સુરત

પાંડેસરાના પિયુષ પોઈન્ટ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેના કારણે પાણી રસ્તા પર વહી જતા વેડફાટ સર્જાયો હતો. પાઈપ લાઈનમાં જ્યાં ભંગાણ સર્જાયું ત્યાં ખાડો પડી જતાં એક મોપેડ અને કાર પણ ખાડામાં બેસી ગયાં હતાં. પાણીનો વેડફાટ થયા બાદ પાલિકાને જાણ કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા ઘણા સમયે કામગીરી કરવામાં આવી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

પાંડેસરામાં પિયુષ પોઈન્ટ વિસ્તારમાં પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેથી રોડ પરના મોપેડ અને કાર પાઈપ લાઈન તૂટી ત્યાં ખાડામાં ખાબક્યાં હતાં. જેથી બન્ને વાહનોને નુકસાન થયું હતું. સાથે જ પાણી રસ્તા પર વહેવા લાગ્યું હતું. ઉનાળાની શરૂઆતમાં જ પાણીનો બગાડ થતાં લોકમાં રોષ જોવા મળ્યો હતો. લોકોએ જણાવ્યું હતુ કે, એક તરફ સરકાર પાણી બચાવવા માટે અભિયાન ચલાવી રહી છે અને બીજી તરફ મનપાની બેદરકારીના કારણે રસ્તા પર પાણીનો વેડફાટ સર્જાયો છે.

હીરાના વેચેલા માલની ઉઘરાણી અંગે

ડભોલીના કે.આર. ફાર્મમાં બોલાવી વેપારીને બાપ-દિકરાએ ફટકાર્યો

વેપારીને લાકડાના ફટકા મારી પતાવી દેવાની ધમકી આપી

સુરત

હીરા વેપારીએ હૈદરાબાદની પાર્ટીને અપાયેલી હીરાના માલના પૈસાની લેતી દેતીમાં હીરા વેપારીને આરોપી પિતા-પુત્રો ડભોલી કે.આર. ફાર્મ ખાતે બોલાવી લાકડાના ફટકા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડભોલી સર્જન હાઈટ્સમાં રહેતા હીરા વેપારી અશોક નારણ લાખાણીએ આરોપી વલ્લભ પીપાણી, પુત્ર હિતેષ વલ્લભ પીપાણી તથા બે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ બે વર્ષ પહેલા વલ્લભભાઈના પુત્ર અમિત સાથે હૈદરાબાદ ખાતે ફરિયાદી સંપર્કમાં રહીને બીજી પાર્ટીને હીરાનો માલ અપાવ્યો હતો. જે માલના પૈસાની લેતીદેતી બાબતે આરોપીઓએ ફરિયાદીને ડભોલીના કે.આર. ફાર્મ ઉપર બોલાવી લાકડાના ફટકાથી માર મારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ચોકબજાર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મોબાઈલ લૂંટી ભાગવા જતા સ્નેચરનું બાઈક સ્લીપ થતા લોકોએ ઝડપી પાડયો

સુરત

પુણાગામ સીતાનગર સોસાયટી નજીક ગીતા નગર સોસાયટીમાં રહેતો અને સિલાઈ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો વિનોદ મગન ભીલ (ઉ.વ. ૩૪ મૂળ રહે. રેલીયાગામ, તા. તળાજા, જિ. ભાવનગર) પત્ની છાયા અને પુત્ર સાથે મોટરસાઈકલ પર અમરોલી-સાયણ રોડ સ્થિત સાંઈબાબા નગરમાં રહેતા ભત્રીજા ધનશ્યામ બોધાભાઈ ભીલને ત્યાં જવા નીકળ્યા હતા.

દરમ્યાનમાં ૧૧ વાગ્યાના અરસામમાં અમરોલી-સાયણ રોડ શ્રીરામ ચોકડી નજીક બીઆરટીએસ સ્ટેન્ડ સામેથી પસાર થતા હતા ત્યારે પાછળથી સ્પેલન્ડર મોટરસાઈકલ પર એક સ્નેચર ઘસી આવ્યો હતો અને છાયાબેન મોબાઈલ પર વાત કરી રહ્યા હતા ત્યારે ફોન આંચકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ છાયાબેને મોબાઈલ હાથમાંથી છોડ્યો ન્હોતો. જેથી સ્નેચરની મોટરસાઈકલ સ્લીપ થઈ ગઈ હતી અને આંચકો લાગવાથી વિનોદે પણ મોટરસાઈકલનું બેલેન્સ ગુમાવતા તેઓ પણ રોડ પર પટકાયા હતા. જેમાં દંપતી અને પુત્રને ઈજા થઈ હતી જયારે સ્નેચરને પણ ઈજા થઈ હતી. દંપતીએ ચોર-ચોરની બુમાબુમ કરતા રાહદારીઓ એકત્ર થઈ જતા સ્નેચરને ઝડપી પાડી અમરોલી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે સ્નેચરની પુછપરછ કરતા તેણે પોતાનું નામ દિવ્યેશ ગણેશ નાયકા (રહે. ન્યુ કાંસા નગર, અમરોલી) ની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી છે.

સિસોદાર ગામે નર્મદા નદીના પટ્ટમાં લિઝની પરવાનગી આપવા બાબતે ગ્રામજનો આક્રોશ પર રાજનીતિ?

કોઈ અજાણ્યા શકશો દ્વારા રાત્રીના કાર અને હિટાચી મશીન મૂકી જેના કાચ તોડી નાખતા ગામની મહિલાઓ પોલીસ વડા પાસે પહોંચી સીસોદરા ગામની નર્મદા નદીમાં રેતીનો પટ્ટ લીઝ માટે આપવા મુદ્દે ગ્રામજનો નો વિરોધ હોય ગ્રામજનોને હેરાન કરવાનું કાવતરું : મહિલાઓની રજુઆત



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નાંદોદના સિસોદાર ગામે નર્મદા નદીના પટ્ટ માં લિઝની પરવાનગી આપવાની વાત ને લઈને વિરોધ વચ્ચે લીઝ લેનાર કોન્ટ્રાક્ટરની જીદને લઈને ફરી મામલો ગરમાયો છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં જિલ્લા કલેક્ટર આ લીઝ રદ કરતા નથી અને આ રેતી કોન્ટ્રાકટરો અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરે છે.

તાજેતરમાં સીસોદરા ગામના નર્મદા કિનારે કોઈ એક હિટાચી જેસીબી મશીન અને સીફ્ટ ડિઝાયર કાર મૂકી ગયું છે જેમાં ના તો કોઈ ડ્રાઈવર મુક્યો છે કે ના કોઈ ચોકીદાર અને સીફ્ટ ગાડીના કાચ પણ તૂટેલા છે એટલે ગ્રામજનોએ ડ્રાઈવરો પર હુમલો કરી કાચ તોડી નાખી એવી ફરિયાદ કરવાના ઈરાદે આ કૃત્ય કર્યું હોય જે બાબતે સિસોદરા ગ્રામજનો એ જિલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરી હતી અને આવું કૃત્ય કરનાર સામે પગલાં ભરવાની માંગ કરી છે.

નાંદોદ તાલુકાનું સિસોદરા ગામ નર્મદા નદીનાં કિનારે આવેલ છે અને ચોમાસા દરમ્યાન નદીનાં પાણી ગામમાં ઘુસી આવે છે. જો આ નાના પટ્ટમાંથી રેતી કાઢવામાં આવે તો નદીનું વહેણ બદલાઈ જાય અને લોકોના ઘરોમાં, ખેતરોમાં પાણી આવે ખેતરો ધોવાઈ જાય જેથી ગામમાં કોઈ લીઝ નહિ આપવી તેમ નક્કી થયું,વર્ષ ૨૦૧૭માં ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ કરીને ગામમાં રેતીની લીઝ નહિ આપવા ઠરાવ કરાયેલો છે. જેથી રેતીના ખોદકામ બાદ પૂરના પાણી ગામમાં ઘુસી ન આવે. આગાઉ અનેક વાર લીઝ રદ કરવા બાબતે ગ્રામજનોએ રજૂઆત કરી પણ ખાણ ખનીજ વિભાગ અને જિલ્લા કલેક્ટર નર્મદા એ આટલો વિરોધ હોવા છતાં લીઝ આપી દીધી ગામનો આટલો વિરોધ છતાં આ લીઝ કેમ રદ કરાતી નથી અને લ કોન્ટ્રાકટર પણ જાણે જીદ પર અડી ગયો હોય પોતાની વગ વાપરી દબાણ લાવે છે ત્યારે ગ્રામજનો પણ લડી લેવાના મૂડ માં હોય એમ લીઝ નહિ ચાલુ કરવા દઈએની જીદે છે ત્યારે હવે બંનેની તકરારમાં જિલ્લા કલેક્ટરે લીઝ રદ કરવી જરૂરી બની છે.

માસ્ટર ઓફ એન્જિનિયરિંગમાં એસઆરઆઈસીટીની વિદ્યાર્થીની ટોપર

અંકલેશ્વર

ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી દ્વારા જાહેર થયેલા માસ્ટર ઓફ એન્જિનિયરિંગના પ્રથમ સેમેસ્ટરના પરિણામોમાં અંકલેશ્વરની એસ. આર. આઈ. સી. ટી. ના વિદ્યાર્થીઓએ સો ટકા પરિણામ મેળવ્યું છે અને એક વિદ્યાર્થીની ટોપર તરીકે ગુજરાતભરમાં પ્રથમ આવી છે.

પોસ્ટ ગ્રે જ્યુશનમાં એસ.આર.આઈ.સી.ટી.નું માસ્ટર્સ ઈન એન્જિનિયરિંગ (એમ.ઈ.) સેમ - ૧નું પરિણામ જાહેર થયું છે. જેમાં જીટીયુ અંતર્ગત આવતી ૫૧ કોલેજોમાંથી એસ. આર. આઈ. સી. ટી.ને પહેલો ક્રમ અને સુરત ઝોનમાં પણ પ્રથમ ક્રમાંક મળ્યો છે. એસઆરઆઈસીટીના તમામ વિદ્યાર્થીઓ ડિસ્ટિક્શન સાથે પાસ થયા છે અને ૧૦૦% પરિણામ સાથે કેમિકલ એન્જિનિયરિંગ શાખામાં પ્રથમ ક્રમે પણ એસ. આર. આઈ. સી. ટી. રહી છે. કેમિકલ એન્જિનિયરિંગની પ્રત્યુષા નાયર ૧૦/૧૦ એસપીઆઈ સાથે જીટીયુના ૧૪૨૩ વિદ્યાર્થીઓમાં ટોપર રહી છે. જીટીયુમાં કેમિકલ એન્જિનિયરિંગ શાખાના ટોપ ૧૦ વિદ્યાર્થીઓ પૈકી એસઆરઆઈસીટીના ૫ વિદ્યાર્થીઓ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ ફેકલ્ટી દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મેગા બિલ્ડ એક્ષ્પો-૨૦૨૦માં ૧૯૫૦૦ મુલાકાતી નોંધાયા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ ૨૦૨૦ દરમિયાન ચાર દિવસ માટે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'મેગા બિલ્ડ એક્ષ્પો? ૨૦૨૦' પ્રદર્શન યોજાયુ છે.

સુરત ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, વલસાડ, સેલવાસ, જામનગર, હિમ્મતનગર, મોરબી, કચ્છ, મુંબઈ, ઠાણે, હરીયાણા અને ગુડગાવથી મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લઈ રહયા છે. પ્રથમ દિવસે મેગા બિલ્ડ એક્ષ્પોમાં ચાર હજાર, બીજા દિવસે છ હજાર અને આજે રવિવારે ૯૫૦૦ મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આવતીકાલે છેલ્લા દિવસે પણ હજારોની સંખ્યામાં મુલાકાતીઓ પ્રદર્શન નિહાળવા આવશે તેવી આશા છે.

ઉલ્લેખનીય છે કે, એક્ષ્પોમાં એકઝીબીટર્સ દ્વારા પોતપોતાની વિવિધ પ્રોડકટ?સ ઉપર સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત તોશીબા કંપનીના એર કન્ડીશન્ડ ઉપર એમઆરપી કિંમત કરતા દસથી બાર હજાર રૂપિયાના ડિસ્કાઉન્ટની ઓફરનો લોકોએ લાભ લીધો હતો. પ્રદર્શનમાં ફર્નીચર એન્ડ સ્ટીલ સેગ્મેન્ટ, ફર્નીચર એન્ડ ફર્નીશીંગ સેગ્મેન્ટ, હાર્ડવેર સેગ્મેન્ટ, સિરામીક સેગ્મેન્ટ, પેન્ટ સેગ્મેન્ટ, ઈલેકટ્રીકલ સેગ્મેન્ટ અને મશીન ટૂલ્સ સેગ્મેન્ટને આવરી લેવામાં આવ્યા છે. વિવિધ સેગ્મેન્ટમાં નવી ડિઝાઈન અને અદ્યતન ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવી રહયુ છે.

પાલિકા સ્ટાફ પર હુમલો કરનાર આરોપીને એક વર્ષની કેદ અને દંડ

સુરત

સુરત મહાનગરપાલિકાના ક્લાર્ક સહિત સ્ટાફ ઉપર ફરજમાં રૂકાવટ અને હુમલો કરવાના કેસમાં કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી એક વર્ષની સજા અને દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગતો મુજબ વેડરોડ ઉપર હરીઓમ મિલની સામે બહુચર નગર સોસાયટીમાં રહેતાં લાલજીભાઈ દાનજીભાઈ રાઠોડ સુરત મહાનગરપાલિકામાં ફાઈલેરિયા ખાતામાં છેલ્લા ૨૧ વર્ષથી નોકરી કરે છે. તેમને સને ૨૦૧૪ના ઓક્ટોબર મહિનામાં સુરત મનપા તરફથી હાથીપગાના કેસોની કામગીરી સોંપવામાં આવી હતી. જેથી લાલજીભાઈ પોતાના સ્ટાફના માણસો સાથે ગત તા.૧૦-૧૦-૨૦૧૪ના રોજ નાનપુરા સ્થિત એકતા સર્કલની પાસે ગયા હતા. જ્યાં અજાણ્યા ઈસમે ફરજમાં રૂકાવટ કરી માથાના ભાગે ગંભીર ઈજા કરી હતી. જેમાં પોલીસે ગુનો દાખલ કરી નાનપુરાના ખંડેરાવપુરા સ્થિત ગીયારી સ્ટ્રીટમાં રહેતા દિપક ઉર્ફે દગડુ બાબુભાઈ જાદવની ધરપકડ કરી સુરતની સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. દરમિયાન આ કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી પક્ષે સરકારી વકીલ બી.એ. દલાલ તથા મૂળ ફરિયાદી તરફે વકીલ અશ્વિન જોગડીયાએ લેખિત દલીલો રજૂ કરી હતી.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા

ભાટીયા ટોલનાકા પર સ્થાનિક વાહનોને ટોલ ટેક્સ મુક્તિ માટે કલેક્ટરને રજૂઆત

ટોલ મુક્તિ જાહેર નહીં કરાય તો ચક્કાજામની ચીમકી



સુરત

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિએ આજે સુરત કલેક્ટરને આવેદનપત્ર આપી ટેક્સ મુક્તિ માટે રજૂઆત કરી હતી. તેમજ વિવિધ સંસ્થા, પંચાયતો, ઉદ્યોગપતિ સહિતના લોકોએ લડતને આપેલા સમર્થનપત્રો પણ કલેક્ટરને સુપરત કરવામાં આવ્યા હતા.

કામરેજ ટોલનાકા ઉપર જીજે-૧૯-જીજે-પના વાહનોને ટેક્સ મુક્તિ અપાવનાર સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકની આગેવાની હેઠળ બિન રાજકીય રીતે ભાટીયા ટોલનાકા ઉપર ટેક્સ મુક્તિ માટેનાં આંદોલનનો પ્રારંભ કર્યો હતો. છેલ્લા વીસ દિવસથી સંઘર્ષ સમિતિની આગેવાનો ગામે ગામ જનસંપર્ક બેઠકો યોજી ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ માટે વ્યાપક જન સમર્થન મેળવ્યું હતું. તેમજ લોકજાગૃતિ માટે પત્રિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લા પંચાયતના સભ્ય અને સંઘર્ષ સમિતિની આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ આજે બપોરે એક વાગે કલેક્ટરને આવેદનપત્ર આપવા માટે કલેક્ટ્રાલય ખાતે આગેવાનો એકત્રિત થઈ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું.

સંઘર્ષ સમિતિએ કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિની રચના નેશનલ હાઈવે નં.૬ પર આવેલા ભાટીયા તા.ચોર્યાસી, જિ. સુરત ગુજરાત ખાતે આવેલ ટોલબુથ વિરૂદ્ધ બિનરાજકીય રીતે સ્થાનિક વપરાશકારો દ્વારા કરવામાં આવેલ છે. નેશનલ હાઈવે પર આવેલ ટોલનાકાઓ પર ૧૫-૧૨-૨૦૧૯થી ફાસ્ટેગનું અમલીકરણ શરૂ થયેલ છે. જેમાં સ્થાનિક લોકોને ખૂબ જ અગવડ અને હેરાનગતિ થઈ રહેલ છે. કામરેજ ખાતે આવેલ નેશનલ હાઈવે પર ટોલટેક્સમાંથી સ્થાનિક લોકોને ના-કર સમિતિની રજૂઆતો અને આંદોલનને લઈને મુક્તિ મળેલ છે. જેમાં સ્થાનિક વાહનોને એટલે કે જીજે-૧૫ અને જીજે-૧૯ નંબર પ્લેટ ધરાવતા વાહનોને સંપૂર્ણ ટોલ મુક્તિ છે. આ ટોલ મુક્તિનો લાભ સમગ્ર સુરત શહેર અને જિલ્લાની જનતા લઈ રહેલ છે. ભાટીયા ખાતે આવેલ ટોલબુથ વિરૂદ્ધ ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ છેલ્લા એક મહિનાથી આંદોલન ચલાવી રહેલ છે. જેને સુરત શહેર અને જિલ્લાના સ્થાનિક લોકો, ખેડૂતો, રોડ વપરાશકારો, સામાજિક સંસ્થાઓ, સંગઠનો, એસોસિએશનો, પંચાયતો, સહકારી મંડળીઓ, ઉદ્યોગગૃહો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ટેકો અને સંપૂર્ણ સમર્થન આપેલ છે. અત્યાર સુધી આ ટોલ મુક્તિ આંદોલન હેઠળ સમિતિ દ્વારા ૫૦૦ થી વધુ રજૂઆતો સરકારમાં મોકલી આપવામાં આવેલ છે. વધુમાં દર્શન નાયકના જણાવ્યા મુજબ ટોલનાકાના સંચાલકોએ માત્ર ટોલ ટેક્સ ઉઘરાવવામાં રસ છે. સર્વિસ રોડ પણ બનાવતા નથી. આજે કલેક્ટરને અલ્ટીમેટમ અપાયા બાદ પણ સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ નહીં આપવામાં આવશે તો ભાટીયા ટોલનાકા ઉપર ચક્કાજામની ચીમકી પણ સંઘર્ષ સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

વિરમગામની ગણેશપાર્ક સોસાયટીમા સામુહીક હવનનુ આયોજન કરવામા આવ્યુ



ગણેશપાર્ક સોસાયટી ના પ્રમુખ તરીકે સંજયસિંહ મકવાણા અને ઉપ પ્રમુખ તરીકે કૌશિકભાઈ સિંધવ ની નિમણૂંક કરવામા આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના વિરમગામ શહેરમાં આવેલ ગણેશપાર્કસોસાયટીમા સામુહીક હવનનુ આયોજન કરવામા આવ્યુ હતુ. ગણેશપાર્ક સોસાયટીના રહીશોની ઉપસ્થિતિમાં સવારે હવનનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને સાંજે શ્રીફળ હોમીને હવનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ગણેશપાર્ક સોસાયટીના રહીશો દ્વારા નાગ દેવતાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી અને સોસાયટીના પ્રાંગણમાં સામુહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગણેશપાર્કસોસાયટી ના પ્રમુખ તરીકે સંજયસિંહ મકવાણા અને ઉપ પ્રમુખ તરીકે કૌશિકભાઈ સિંધવ ની નિમણૂંક કરવામા આવી હતી. તેઓને સોસાયટીના રહીશો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

હોળીના પર્વને ધ્યાને રાખી સ્ટેચ્યુના પ્રવાસીઓ માટે મહત્વનો નિર્ણય : સોમવારે પણ ખુલ્લું રહેશે



- **આગામી સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તમામ પર્યટન સ્થળો પ્રવાસીઓ માટે ખુલ્લા રહેશે**
- **૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય આકર્ષણો બંધ રહેશે**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આગામી ૯ માર્ચને સોમવારનાં રોજ હોળી પર્વે પ્રવાસીઓની લાગણીને ધ્યાને લઈને મુખ્ય વહિવટદાર કચેરી,સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર સોમવારે સામાહિક મરામત કાર્ય હાથ ધરાય છે, જેથી પ્રવાસીઓને પ્રવેશ આપવામાં નથી આવતો, પરંતુ હોળીના પર્વ ને ધ્યાને રાખી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રોજેક્ટ ચાલુ રાખવાની આથી જાહેરાત કરવામાં આવી હોય હોળીની રજાનો પ્રવાસીઓ ઉપયોગ કરી શકશે.સાથે સાથે પ્રવાસીઓ soutickets.in અને એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લિકેશન - statue of unity tickets (official) પરથી પણ ટિકિટ બુક કરાવી શકાશે તેમ સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટદાર કચેરીના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે

અંક્લેશ્વર જી.આઈ.ડી.સી જુગારધામ ઉપર ભરૂચ એલ.સી.બી.ની રેડ: આઠ જુગારીયાને ૨.૧૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં દારૂ તથા જુગારની પ્રવૃતિ અટકાવવા સુચના આપેલ હોય જે અનુસંધાને એલ.સી.બી ભરૂચની ટીમ પેટ્રોલીંગ માં હતી મળેલ બાતમી આધારે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી મા વાલીયા ચોકડી પાસે આવેલ જુની કોલોનીના મ, નં-સી/૪૮ ખાતે ચાલતા જુગારધામ ઉપર રેડ કરી કુલ આઠ જુગારીયાઓને કુલ કી.રૂ. ૦૨,૧૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામ વિરૂધ્ધમાં અંક્લેશ્વર જી.આઈ.ડી.સી પો.સ્ટે.માં કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ: (૧) ચંદ્રકાંત ફતેસંગ જાંબુ રહે. જુની કોલોની મ.ન-સી-૪૮,વાલીયા ચોકડી પાસે અંક્લેશ્વર,જી.આઈ.ડી.સી જી-ભરૂચ મુળ રહે-જંબુસર આંબેડકર મહોલ્લો તા-જંબુસર જી-ભરૂચ,(૨) આશિષભાઈ ભાર્ગવીભાઈ પાંડે રહે-મ.નં-૬,સાંઈ નિવાસ સોસાયટી જલધારા ચોકડી પાસે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી જી-ભરૂચ મુળ રહે-ગામ ધારી તા.જી. ઉતરાંચલ,(૩) મનીષભાઈ કનુભાઈ ડોબરીયા રહે.બી-૩૦૪,યમુના એપાર્ટમેન્ટ ધનલક્ષ્મી નવસર્જન બેંક પાસે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી જી-ભરૂચ મુળ રહે-અમરેલી કાનાની નીવાડી પાસે, તા. જી.અમરેલી (૪) પ્રવિણભાઈ પ્રભુભાઈ કટુડીયા રહે. સનસીટી સોસાયટી જલધારા ચોકડી પાસે અંક્લેશ્વર, જીઆઈડીસી જી-ભરૂચ મુળ રહે-પ્રેમપુરા અમરતપુરા તા-વિસાવદર જી-જુનાગઢ,(૫) ઉર્વેશભાઈ સુરેશભાઈ પટેલ રહે.ડી-૩૦૨ સાકાર એપાર્ટમેન્ટ લાયન્સ સ્કુલ પાસે અંક્લેશ્વર, જી.આઈ.ડી.સી. જી-ભરૂચ મુળ રહે-ગોગલાસન તા.સિધ્ધપુર જી-પાટણ (૬) નિરજભાઈ બબાભાઈ પટેલ રહે.બી-૨૦૪,સદવિદ્યા કોમ્પલેક્ષ જલધારા ચોકડી પાસે, અંક્લેશ્વર જી. આઈ.ડી. સી જી-ભરૂચ મુળ રહે-ગોરાદ રણછોડપુરા વાસ તા.જી.મહેસાણા,(૭) એકાંતભાઈ નિતીનભાઈ પટેલ રહે.૪૩,૪૪ માધવનગર સોસાયટી અંદાડા તા-અંક્લેશ્વર (૮) રાકેશભાઈ નટવરભાઈ પટેલ રહે.મ.નં-૧૭,નાલંદા સોસાયટી જલારામ મંદીર પાછળ,ગડખોલ પાટીયા તા-અંક્લેશ્વર જી.ભરૂચ.

કબજે કરવામાં આવેલ મુદ્દામાલ: કુલ રોકડા રૂપિયા ૬૯,૫૦૦/- તથા પત્તા-પાના નંગ-૫૨ તથા પ્લાસ્ટીક નુ પાથરણુ તથા મોબાઈલ ફોન તથા વાહનો મળી કુલ કિં.રૂ.૦૨,૧૩,૦૦૦/- નો મુદ્દામાલ ઝડપી કાયદેસર કાર્યવાહી કરી હતી.

નર્મદાના વિશાલખાડીની ગર્ભાશયના કેન્સરથી પીડાતી મહિલા એ ઝેરી દવા પીધી : સારવાર દરમિયાન મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વિશાલ ખાડીની ગર્ભાશયના કેન્સરની બીમારીથી કંટાળેલી મહિલા એ ઝેરી દવા પીતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તાલુકાના વિશાલખાડી ગામમાં રહેતા કંકુબેન રમેશભાઈ વસાવા (ઉવ ૩૮) ને ઘણા સમય થી ગર્ભાશય નું કેન્સર હોય ઘણી સારવાર કરાવવા છતાં આ બીમારી સારી ન થતા બીમારી થી કંટાળેલા કંકુબેને ગતરોજ પોતાના ઘરે જ ઝેરી દવા પી લેતા તેમને તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.પોલીસે અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સરકારી કોલેજની માંગ સાથે સુરતી લોકોએ મુખ્યમંત્રીને પાંચ હજાર પોસ્ટકાર્ડ મોકલ્યાં

સુરત

વરાછામાં સરકારી કોલેજના નિર્માણની વિવિધ તબક્કે માંગ ઊઠી છે. છેલ્લા લાંબા સમયથી વરાછા વિસ્તારમાંથી સરકારી કોલેજની માંગ સાથે વિવિધ સંસ્થા, સંગઠનો, ગ્રુપ દ્વારા સંખ્યાબંધ રજુઆતો કરાઈ ચુકી છે. જો કે, રાજકીય ઈચ્છાશક્તિનાં અભાવે વરાછામાં સરકારી કોલેજનાં મંડાણ થઈ શક્યા નથી. વરાછા વિસ્તારમાં કોલેજની માંગ માટે સક્રિય યુવાનોમાં સરકારની નિરસતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉપરાંત વિવિધ વિદ્યાર્થી તેમજ જાગૃત યુવકોના સંગઠનો સામે આવ્યાં છે. મુખ્યમંત્રી વિજય



રૂપાણીને સરકારી કોલેજની માંગ સાથે પોસ્ટકાર્ડ લખીને પોસ્ટ કરવામાં આવ્યાં હતાં.

પોસ્ટકાર્ડ લખીને પુણા વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસથી પાંચ હજાર જેટલા પોસ્ટ કાર્ડ મુખ્યમંત્રીને પોસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેમાં લોકોએ માંગણી કરી છે કે વહેલી તકે તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે. વરાછા, પુણા અને કાપોદ્રા વિસ્તારના લોકોએ પોસ્ટકાર્ડ અભિયાન શરૂ કર્યું છે. વરાછા વિસ્તારમાં સરકારી કોલેજ અને કબજા રસીદવાળી સોસાયટીને કાયદેસર કરવાની માંગ કરવામાં આવી રહી છે. ૨૫ હજાર જેટલા પોસ્ટકાર્ડ લખી મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરવામાં આવશે.

રાજપીપળા ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ દ્વારા શરુ કરાયેલી દાનની દિવાલની દુર્દશા

આપણે લઈ લો અને બાકીનુ ફેંકી દો વાળી લાભાર્થી ઓની માનસિકતા આવા ઉમદા હેતુ શાથે શરુ કરાયેલા કાર્યોને અસફળ બનાવે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



ઉમદા અને પરોપકાર ની ભાવના શાથે શરૂ કરવામા આવેલુ કોઈ પણ કાર્ય ને તેના લાભાર્થીઓ દ્વારા યોગ્ય માવજત અને સન્માન આપવામા ના આવે ત્યારે એ કાર્ય ની મુળ ભાવનાને ધક્કો લાગેછે અને ટુંક સમયમાંજ તેનુબાળ મૃત્યુનિપજે છે. આ વાત નો બોલતો પુરાવો અત્યારે રાજપીપળા ના વડીયા પેલેસ કંપાઉન્ડ ની દિવાલ ઉપર શરૂ કરવામા આવેલી ×દાન ની દિવાલ× ની દુર્દશા થી જોઈ શકાય છે.

એકાદ વર્ષ પહેલાં આજ રીતે રાજપીપળા જીલ્લાના તત્કાલીન પોલીસ વડા બગડીયા ના સ્તુત્ય પ્રયાસ થી પાયગા પોલીસ લાઈનની દિવાલ ઉપર ×દાન ની દિવાલ× નો નવો આઈડીયા મુકી ને લોકો પાસે રહેલી વધારાની અને ઉપયોગ મા લઈ શકાય તેવી ચીજ વસ્તુઓ દાન સ્વરુપે મુકી જવાની કામગીરી શરુ કરાઈ હતી જેથી સમાજ ના અતિપછાત અને જરુરીયાત ધરાવતા વર્ગ ને પોતાની પહેરવાના કપડા, પગરખાં અને ઠંડી થી બચવા જેવી અમુક જરુરીયાતો માટે ભીખ ના માંગવી પડે. પરંતુ જાળવણી ના અભાવ અને લાભાર્થીઓની આપણને ફાવે તે લઈ લો અને બાકીનુ ફેંકી દો વાળી માનસિકતા એ આ ઉમદા કાર્યના હેતુને સિદ્ધ ના થવા દીધું અને વરસાદમા પલળી ને બગડી ગયેલી ચીજવસ્તુઓ કચરા પેટીમા તબદીલ થઈને આખરે કચરા ગાડી ઉઠાવી ગઈ.આજ હાલત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ દ્વારા શરુ કરવામાં આવેલી ×દાન ની દિવાલ×ની પણ થઈ હોય સારા આશય અને લોકો માટે ઉપયોગી બાબતની આ ભલાઈ કરતા સેવા ભાવી વ્યક્તિઓ હવે આવી ભલાઈ કરતા સો વખત વિચાર કરશે.

ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ,સેવાધામ આહવા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

આહવા

ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ,સેવાધામ આહવા ખાતે તા.૨૩/૦૨/૨૦૨૦ ના રોજ બાળ સંસ્કાર કેન્દ્ર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ-૭ ગામના સંસ્કાર કેન્દ્રોના ૧૪૭ બાળકોએ ભાગ લીધો હતો.

બાળ સંસ્કાર કેન્દ્ર દ્વારા સામાજીક સંસ્કૃતિ વિષયક ૧૦ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. સેવાધામ સંસ્થામાં રમતગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું હતું.જેમાં સિક્કા શોધ સ્પર્ધામાં નાનાપાડાના હિમાંશુભાઇ જીગ્નેશભાઇ બિરારી,સંગીત ખુરશીમાં મોટીકસાડના શર્મિલાબેન રતીલાલ ગામીત, કેળાકૂદમાં આમસરવળનના કરીશ્માબેન સોમાભાઇ ગાવિત,લીંબુ ચમચીમાં મોટીકસાડના કરીનાબેન જયરામભાઇ પવાર, કોથળાકૂદમાં ભવાનદગડના સુહાનીબેન જયરામભાઇ વાડુ વિજેતા બન્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ ક્રમે ખાંભલા બાળ સંસ્કાર કેન્દ્ર,બીજા નાનાપાડા બાળ ક્રમે સંસ્કાર કેન્દ્ર અને ત્રીજા ક્રમે જામન્યા કેન્દ્ર વિજેતા થયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર પ્રત્યેકને પ્રોત્સાહક ઈનામ અને દરેક કૃતિમાં સંસ્કાર ઈનામ આપવામાં આવ્યા હતા. કેન્દ્રના સંચાલક બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યકર્તાઓ, સહભાગી બાળકો,વિદ્યાર્થીઓ મળી કુલ ૨૦૭ લોકો ઉપસ્થિત રહયા હતા. તમામ લોકો માટે સેવાધામ દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.



રંગોનો તહેવાર હોળી-ધૂળેટી નજીક આવતા જ ઘરગથ્થુ રંગોનું ઉત્પાદન કરતા લોકો દ્વારા જુદા જુદા કલાકારોને ઉત્પાદીત કરી તડકામાં સૂકવવા માટે મુકવામાં આવ્યા છે. આ નવા કમેલા આંજણા ખાતે આવેલા સંજયનગર વિસ્તારની આ તસ્વીર છે.

સરકારી સ્કૂલની ૮ વિદ્યાર્થિનીઓએ રાજ્યનું પ્રથમ પ્રજ્ઞા સોંગ લોન્ચ કર્યું

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાની બાકરોલ ગામની સરકારી પ્રાથમિક શાળાની ૮ વિદ્યાર્થિનીઓએ નવી શિક્ષણ પ્રથાનો વ્યાપ વધારવાના આશયથી રાજ્યનું સૌપ્રથમ પ્રજ્ઞા સોંગ લોન્ચ કર્યું છે. માત્ર ૨૪ કલાકમાં જ ૨૦ હજારથી વધુ લોકોએ આ વીડિયો સોંગ શોશ્યલ મીડિયા ઉપર નિહાળતા વિદ્યાર્થિનીઓ સ્ટાર બની ગઇ છે. લોકો વોટ્સઅપ, ફેસબુક અને યુટ્યુબ પર આ વીડિયો સોંગ જોઇ રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણનો ભાર ઘટાડવા માટે ધો-૧ અને ધો-૨માં હાલ પ્રવૃતિ સાથે જ્ઞાન એટલે પ્રજ્ઞા વર્ગની શરૂઆત કરી છે. જે બદલાયેલી શિક્ષણ પદ્ધતિને શિક્ષકો અને બાળકો સરળતા પૂર્વક સમજી શકે તે માટે બી.આર.સી. કો-ઓર્ડિનેટર આમીન પઠાણ દ્વારા એક ગીતની રચના કરી હતી. જે ગીતનું વીડિયો સોંગ બનાવીને લોન્ચ કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ હિન્દી વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું છે અને ટૂંકમાં ગુજરાતી વર્ઝન પણ લોન્ચ કરવામાં આવશે માત્ર ૭ દિવસમાં રોજની ૧ કલાકની પ્રેક્ટિસ કરીને ૮ વિદ્યાર્થિનીઓએ ગીત તૈયાર કર્યું હતું. ૭૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતા બાકરોલ ગામની આ દીકરીઓને તેમના સંગીત શિક્ષક અનુપ જૈન દ્વારા માર્ગદર્શન આપી માટે એક સપ્તાહમાં તેમના સ્ટુડિયો રેકોર્ડિંગ કરાવી તેના પણ વીડિયો બનાવ્યો છે. અને તેનું ૨૯મી ફેબ્રુઆરીએ શિક્ષણ ગ્રુપમાં લોન્ચ કરતા જ માત્ર ૨૪ કલાકમાં ૨૦ હજારથી વધુ લોકોએ આ વીડિયો નિહાળ્યો છે.




ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬